◆ સૂચના ◆

☛ 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.

☛ પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.

☛ કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. અથવા ડિમાન્ડડ્રાફ્ટથી સ્વીકારવામાં આવે છે.

◆ લેખ મોકલવા માટે ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

◆ લેખકોને ◆

☛ શિક્ષણ, ગ્રામવિકાસ તથા પુનર્ગઠન અંગેના લેખો આવકાર્ય છે.

☛ અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.

◆ લવાજમ ◆

વાર્ષિક રૂ. ૧૫૦/-
ડિપોઝિટ યોજના રૂ.૧૮૦૦/-

# કોડિયું

વર્ષ : ૭૩ જાન્યુઆરી: ૨૦૨૦ અંક : ૦૬

## અનુક્રમણિકા



| ક્રમ | લેખનું નામ | લેખકનું નામ | પાના નં. |
|---|---|---|---|
| ૦૧ | લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ | | |
| | સણોસરા વાર્ષિક અહેવાલ | - હસમુખ દેવમુરારિ | ૨૨૫ |
| ૦૨ | સંસ્થા સમાચાર | - પ્રશાંત મહેતા | ૨૬૨ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
શ્રી જુગલકિશોર વ્યાસ
(મો. ૯૪૨૮૮૦૨૪૮૨)

**સંપાદક-મંડળ:**
ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની
(મો. ૯૮૯૮૯૨૦૩૩૩)
ડૉ. સંજય તલસાણિયા
(મો. ૯૪૨૭૬૬૮૦૮૩)
શ્રી પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨ )

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા,
ફોન : ૦૨૮૪૬-૨૪૪૧૧૮

## તંત્રી સ્થાનેથી...

આજે સરકારી નોકરીઓ મેળવવા માટે સ્પર્ધાત્મક પરીક્ષા આપવા યુવાન ભાઈઓ-બહેનો તનતોડ મહેનત કરે છે. જો નિષ્ફળતા મળે તો જિંદગી હારી ગયાનો અફસોસ અનુભવી નિરાશામાં ધકેલાઈ જાય છે. દરેક સ્પર્ધકે વિચારવા-જાણવાનું એ છે કે આ તક તો માત્રને માત્ર બે ટકાને જ મળવાની છે ! બાકીના ૯૮ ટકાએ શું પંખે લટકવાનું છે ? પ્રયત્ન જરૂર કરો, પણ આ સરકારી નોકરી એ એક માત્ર જ વિકલ્પ છે તેવા ભ્રમમાંથી નીકળી જવાનું છે. આપણા દાદા અને તેના દાદાઓમાંથી કેટલાને સરકારી નોકરી હતી ? શું એ બધા ભૂખે મર્યા છે ? દુઃખી હતા ? ના. સંભવ છે કે તેમની પાસે આજે છે તેવી અને તેટલી ભૌતિક સુવિધાઓ નહોતી પણ સુખની સમૃદ્ધિ આજ કરતાં અનેક ગણી વધારે હતી. આ બધા પ્રશ્નોનું મૂળ આપણી વૈધિક અને અવૈધિક શિક્ષણ પ્રણાલીઓમાં રહેલું છે.

આપણા શિક્ષણમાં સામાજિકતાની, ઉત્પાદક શરીરશ્રમની, ટેક્નિકલ અને માનવવિદ્યા વચ્ચેની ખાઈની, ઊંચ- નીચના ભેદભાવની, સહશિક્ષણની, સમૂહ-જીવનની, વિદ્યાવિસ્તરણની, સંશોધનાત્મક વલણોની કેળવણીની, જીવાતા જીવન સાથેના અનુબંધની, પ્રવૃત્તિ દ્વારા શિક્ષણની અને શિક્ષણની સમગ્રતા-અખિલાઈની બહુ મોટી ખામીઓ રહેલી છે. આ તમામનો વિવેકપૂર્ણ ધોરણવાર સમન્વય કરીને જ્યારે અભ્યાસક્રમો બનશે ત્યારે સ્વરાજનો સાચો અર્થ પ્રગટશે. વાણંદનો દીકરો વાણંદ જ રહે અને સુથારનો દીકરો સુથારી કામ જ કરે એ સાચું સ્વરાજ નથી. શિક્ષણ થોડાકને નોકરી મળે અને મોટા ભાગના બેકાર રહે તેવું ન હોવું જોઈએ. તમામને તેમની ક્ષમતા અને મહેનત પ્રમાણે વળતર મળવું જોઈએ. પોતાના શોખ-આવડત જ્યારે પોતાની આજીવિકાનું સ્રોત બને છે, ત્યારે જ જીવનની ધન્યતા અનુભવાય છે. એ જ ખરી જીવનની પ્રસન્નતા છે અને આ પ્રસન્નતામાં જ સમયાંતરે જીવનનો નિજાનંદ પ્રગટે છે.

આપણે આપણી શિક્ષણપ્રણાલી અને શિક્ષણ આપવાની પદ્ધતિ નહીં બદલીએ ત્યાં સુધી સુરાજ્યની પ્રાપ્તિ શક્ય નથી. જે જે દેશમાં ભૌતિક સુવિધાઓની સાથોસાથ જીવનનું સુખ પણ પ્રાપ્ત થયું છે તે દેશની શિક્ષણપ્રણાલી સર્વોત્તમ જણાઈ છે. જેમ સત્યના સાધ્યને પ્રાપ્ત કરવા અહિંસા સર્વોત્તમ સાધન છે તેમ સુરાજ્યના સાધ્યને પ્રાપ્ત કરવાનું સર્વોત્તમ સાધન જીવનલક્ષી કેળવણી છે. આ દિશામાં જ્યારે આપણે સાતત્યપૂર્વક વિચારીને અમલ કરતા થઈશું ત્યારે જ ખરો 'કોસ્મિક મેન' જન્મશે !

— અરુણ દવે

## (૦૧) લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ સણોસરા વાર્ષિક અહેવાલ
## (તા. ૦૧-૦૧-૨૦૧૯થી તા. ૨૨-૧૨- ૨૦૧૯)

- હસમુખ દેવમુરારિ

લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના વાર્ષિકોત્સવ કાર્યક્રમના અધ્યક્ષ અને આજની સ્વ.પૂ.નાનાભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળાના વક્તા વરિષ્ઠ પત્રકાર અને લેખક માનનીયશ્રી દીપકભઈ સોલિયા, આ.શ્રી અરુણભાઈ, અન્ય ટ્રસ્ટીશ્રીઓ, અમારા નિમંત્રણને માન આપી પધારેલા સૌ મુરબ્બીઓ અને મિત્રો, ગ્રામજનો, સર્વે કાર્યકરો અને પરિવારજનો અને વહાલા વિદ્યાર્થી ભાઈ-બહેનો.

**: શ્રદ્ધાંજલિ :**

● લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટનો વાર્ષિક અહેવાલ આપ સૌ સમક્ષ રજૂ કરતાં પહેલાં લો.ભા.ના પૂર્વ કાર્યકર શ્રી હરિભાઈ રાવળ, શ્રી દક્ષાબહેન પટ્ટણી, શ્રી મનુશંકરભાઈ જાની, શ્રી પન્નાબહેન પીયૂષભાઈ દેસાઈ, શ્રી સવશીભાઈ મકવાણા, શ્રી વજુબહેન નરસિંહભાઈ મકવાણા, શ્રી કનુભાઈ વ્યાસ, અમરગઢવાળા ડૉ. એસ. બી. ત્રિવેદી સાહેબ, શ્રી ઇન્દ્રસિંહજી ઝાલા, લોકદક્ષિણા પરિવારના વડીલ શ્રી અનિલભાઈ ભટ્ટ, શ્રી નાગજીભાઈ દેસાઈ, શ્રી તખ્તસિંહજી પરમાર, શ્રી ઝીણાભાઈ પટેલ, શ્રી ઇલાબહેન ભદ્રાયુભાઈ વછરાજાની, ડૉ. એચ. એલ. ત્રિવેદી સાહેબ, શ્રી સરલાબહેન પાઠક, શ્રી કંચનભાઈ પટેલ, શ્રી બાબુભાઈ નરશીભાઈ હીરાણી, શ્રી પ્રવીણાબહેન હસમુખભાઈ સુથાર, અનસૂયાબહેન દલસુખભાઈ દવે સહિતના આપણા બૃહદ્ પરિવારના દિવંગત આત્માઓને વંદન સાથે આપણા સૌ વતી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

**: સેવાનિવૃત્તિ માટે શુભેચ્છાઓ અને નવનિયુક્તોને આવકાર :**

● સ્નાતક નઈ તાલીમ મહાવિદ્યાલયમાં શ્રી દિગંતભાઈ મહેતા અને શ્રી અજયભાઈ તિવારી સ્વેચ્છાએ સેવા-મુક્ત થયા. તેમને શુભેચ્છાઓ. જવાબદારીઓની વહેંચણી સંદર્ભે લોકભારતી પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના અધ્યાપક શ્રી જયવંતસિંહજી ગોહિલને ગૃહસંયોજકની જવાબદારી સોંપવામાં આવી છે, તેમને અભિનંદન.

**: પહેલાં કેટલાંક સમૂહના કાર્યક્રમોની એક ઝલક :**

● ગત સાલના તા.બીજી જાન્યુઆરીના ઊજવાયેલ વાર્ષિકોત્સવના મુખ્ય મહેમાન અને સ્વ.પૂ.નાનાભાઈ ભટ્ટ વ્યાખ્યાનમાળાના સત્તાવનમા મણકાના બે વ્યાખ્યાન પ્રસિદ્ધ ખગોળ વૈજ્ઞાનિક, નેહરૂ પ્લેનેટોરિયમ-મુંબઈના પૂર્વ નિયામક અને ઈંડિયન પ્લેનેટરી સોસાયટીના સ્થાપક મા. શ્રી જે. જે. રાવલે ''સત્ય એ જ પરમેશ્વર અને વિજ્ઞાનયુગ'' વિષય સંદર્ભે આપ્યાં. લોકભારતીના નિયામકે સંસ્થાનો અહેવાલ પાવર પોઈંટ પ્રેઝંટેશન સાથે રજૂ કર્યો. રાત્રે વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો.આ વર્ષે વાર્ષિકોત્સવ કાર્યક્રમ યુટ્યુબ ઉપર લોડ કરીને કાર્યક્રમમાં ઉપસ્થિત ન રહી શક્યા હોય તેવા સૌ પણ કાર્યક્રમ જોઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી જે બહુ જ આવકારદાયક રહી.

● મકર સંક્રાંતિની ઊજવણી નિમિત્તે પતંગોત્સવનું આયોજન કરવામાં આવ્યું. સૌ વિદ્યાર્થીઓ અને કાર્યકરો ઉત્સાહપૂર્વક એકઠા થયાં. તલની સાની, મમરાના લાડુ અને શેરડી આરોગતાં-આરોગતાં સૌએ મકર સંક્રાંતિની અને

પતંગોત્સવની મજા માણી.

● તા.૧૬થી ૨૨ સુધી ગાંધી-૧૫૦ નિમિત્તે લોકભારતીના શુભેચ્છક અને કેન્દ્રીય મંત્રી મા.શ્રી મનસુખભાઈ માંડવિયાની આગેવાની નીચે ગાંધીમૂલ્યોના માર્ગે એક પદયાત્રા યોજાઈ. પદયાત્રાનો પ્રારંભ તા.૧૬ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ-મણારથી ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાની ઉપસ્થિતિમાં થયો. નઈ તાલીમની સંસ્થાઓ બેલા-માયધાર-શેત્રુંજી ડેમ-દુધાળા-વાળુકડ થઈ સમાપન કાર્યક્રમ લોકભારતી મુકામે ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં પાંચેક હજાર લોકોની હાજરીમાં થયો. યાત્રા દરમિયાન અગિયાર મહાવ્રતો અંગે પ્રસિદ્ધ ચિંતકો-વિચારકો દ્વારા જુદી જુદી જગ્યાએ અગિયાર મહાવ્રત સભાઓ થઈ. નઈ તાલીમ શિક્ષણ પદ્ધતિની લોકો-સમાજમાં પ્રસિદ્ધિ કરવી અને ગાંધીમૂલ્યો અંગે લોકજાગૃતિ એ પદયાત્રાનો હેતુ રહ્યો, જે ઠીક ઠીક પ્રમાણમાં બર આવ્યો. લોકભારતી અનુસ્નાતક કેન્દ્રના વિદ્યાર્થીઓ સતત પદયાત્રી તરીકે જોડાયાં. ગુજરાતભરની નઈ તાલીમ શિક્ષણ સંસ્થાના પ્રતિનિધિરૂપ થોડાં થોડાં વિદ્યાર્થીઓ અને અન્ય યુવાનો-યુવતીઓ પદયાત્રામાં જોડાયાં. લોકભારતીના અન્ય શૈક્ષણિક વિભાગોનાં વિદ્યાર્થીઓ પણ અનુકૂળતા મુજબ જોડાતા રહ્યાં.

● પ્રજાસત્તાક પર્વની ઊજવણી નિમિત્તે ધ્વજ વંદન શ્રી નલિનભાઈ પંડિતના હસ્તે કરવામાં આવી અને ત્યાર બાદ તેઓએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું, બપોર પછી રમત-ગમતનો કાર્યક્રમ રહ્યો.

● ગાંધી નિર્વાણ દિન નિમિત્તે તા.૩૦મીના રોજ સવારે ૦૬-૩૦ કલાકે પ્રાતઃ પ્રાર્થના યોજાઈ. ૦૭-૩૦થી ૧૦-૩૦ સુધી સણોસરા ગામમાં સફાઈ કાર્ય કર્યું. બપોર પછી ૦૩-૦૦ કલાકે સંમેલનમાં બે વિદ્યાર્થીઓએ પોતાના સ્વાધ્યાય રજૂ કર્યા. ખાદીપ્રેમી મા. શ્રી પિનાકિનભાઈ મકવાણાએ પ્રાસંગિક વક્તવ્ય રજૂ કર્યું.

● ગુજરાત રાજ્યના રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા પ્રાયોજિત, અમીપૂજાનાટ્યમ દ્વારા પ્રસ્તુત અને શ્રી ડૉ. જીગર પંડ્યા અને ડૉ. અમિત ગલાણી લિખિત અને શ્રી અનોપસિંહજી સરવૈયા દિગ્દર્શિત દ્વિઅંકી નાટક 'વાઈટ ઈઝ ન્યુ બ્લેક'નો એક નાટ્યપ્રયોગ લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં તા.૧૬ના રોજ રાત્રિના ૮-૦૦ થી ૧૧-૦૦ દરમિયાન યોજાઈ ગયો.

● આ વર્ષની સાહસ દોડ તા.૧૦ માર્ચના રોજ વાંકિયા હનુમાન સુધીની યોજાણી. સમગ્ર સંકલન અને વ્યવસ્થા ગૃહ વિભાગ અને વિસ્તરણ વિભાગે મળીને કર્યાં.

● તા.૨૦મી માર્ચના રોજ હોલિકા દહન અને સમૂહ ગરબીનું આયોજન કરવામાં આવ્યું. બીજે દિવસે ધૂળેટી નિમિત્તે સૌ રંગે રમ્યાં.બપોરના લોકભારતીના કાર્યકરોના પરિવાર સાથેનું સમૂહભોજન અને બપોર પછી હળવા મનોરંજનનો કાર્યક્રમ 'ફાગણની ફોરમ'યોજાયો, તેમાં લોકભારતીના કાર્યકર અને લોકસાહિત્યકાર શ્રી જગદીશભાઈ સરવૈયા, લોકભારતીના કલાભવનના કાર્યકર શ્રી મહેશભાઈ પરમાર, ચારણી સાહિત્યના અભ્યાસુ શ્રી ભગુભાઈ ગઢવી, લોકભારતી અધ્યાપન મંદિરના પૂર્વ વિદ્યાર્થી શ્રી તુષારભાઈ દાણીધારિયાએ બહુ જ રોચક રીતે કલા પીરસી. તબલા વાદનમાં શ્રી પંકજભાઈ નૈયા અને કેસિયો ઉપર શ્રી વિપુલભાઈ નૈયાએ સંગત કરી. સમગ્ર કાર્યક્રમ ઘણો જ રસપ્રદ અને આકર્ષક રહ્યો. કેટલાંક વિદ્યાર્થીઓએ પણ પોતાની કલા મુક્ત રીતે પીરસી. વિદ્યાર્થીઓ,કાર્યકરો અને કાર્યકર પરિવારજનોએ કાર્યક્રમ સરસ રીતે માણ્યો/ઝીલ્યો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને કોઠીનો આઈસક્રીમ પણ ખાસ બનાવરાવીને પીરસવામાં આવ્યો. બંને દિવસનું સમગ્ર આયોજન મુખ્ય ગૃહપતિના માર્ગદર્શન તળે ગૃહ વિભાગે અને ઉત્સવ વિભાગે સુપેરે પાર પાડ્યું.

● રાજ્યની પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના ઉપક્રમે પ્રાથમિક શિક્ષણ નિયામક મા. શ્રી એમ. આઈ. જોશી સાહેબના પ્રમુખ સ્થાને ભાવનગર, બોટાદ અને રાજકોટ જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રીઓ,

તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારાશ્રીઓની ઉપસ્થિતિમાં લગભગ ૧૫૦ જેટલાં સી.આર.સી.-બી.આર.સી.ની પ્રાથમિક શિક્ષણ ગુણવત્તા-સમીક્ષાની એક બેઠક લોકભારતીના આંગણે તા.૧૭ મેના રોજ યોજાઈ ગઈ.

● પૂ. નાનાભાઈ ભટ્ટ શ્રમ શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત કુલ ૧૦૩ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ સુઘડ લોકભારતી યોજના અંતર્ગત રૂ. ૨,૩૪,૫૮૦/-ની શ્રમ શિષ્યવૃત્તિ મેળવી.

● શ્રી પિનાકિનભાઈ મકવાણા ઘણી શાળાઓમાં વિદ્યાર્થીઓ ખાદી ખરીદતા થાય તેને પ્રોત્સાહન આપવા સારુ આર્થિક સહાય આપતા હોય છે. તેઓના તરફથી લોકભારતીના ૪૫ વિદ્યાર્થીઓને ખાદીના વસ્ત્રો ખરીદવામાં સહાય આપવામાં આવી.

● માઈધાર કેન્દ્ર ખાતે બેંગલોર સ્થિત અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનના માર્ગદર્શન અને હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટના સંપૂર્ણ આર્થિક સહયોગથી લગભગ દોઢેક કરોડના ખર્ચે ગામડાંનાં સરકારી શાળાઓનાં બાળકોની સંશોધનાત્મક વલણોની કેળવણી માટેનું એક વિજ્ઞાન કેન્દ્ર સ્થપાય તે માટે છેલ્લા કેટલાક સમયથી આપણા પ્રયત્નો શરૂ હતા. વિજ્ઞાનની શાખાઓ ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, શરીરવિજ્ઞાન, કમ્પ્યુટર ટેક્નોલોજી વગેરેનાં લગભગ વીશેક લાખનાં અદ્યતન વૈજ્ઞાનિક સાધનો જુદી જુદી પ્રયોગશાળાઓમાં ગોઠવાયાં છે. ચારેક તાલીમ આપેલા માર્ગદર્શકો આજુબાજુની સરકારી શાળાઓનાં રોજનાં સોએક વિદ્યાર્થીઓને સવારથી સાંજ સુધી બધું મુક્ત રીતે બતાવે છે, જાતે પ્રયોગો કરવા દે છે. તા.૦૪ જૂનના રોજ આ કેન્દ્રનો પ્રારંભ એકદમ સાદગીભર્યા કાર્યક્રમથી મુખ્ય દાતા શ્રી પ્રકાશભાઈ ભગવતી અને શ્રી અંજનાબેન ભગવતીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં આવા પ્રકારના અનૌપચારિક શિક્ષણના હિમાયતીઓ શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની, શ્રી નલિનભાઈ પંડિત, શ્રી રાજુભાઈ રાણા, શ્રી નાનકભાઈ ભટ્ટ, શ્રી ફાલ્ગુનભાઈ શેઠ, શ્રી અશ્વિનભાઈ (વિજ્ઞાનનગરી), શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, શ્રી રામચન્દ્રભાઈ પંચોળી તથા લોકભારતીના કેટલાંક કાર્યકરો ઉપસ્થિત રહ્યાં.

● લોકભારતીના નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે પ્રવેશ દ્વારે જ વિદ્યાર્થી અને તેના વાલીઓને મોં મીઠું કરાવીને કંકુ-અક્ષતથી તિલક કરીને સ્વાગત કરી આવકાર્યાં.

● તા.૧૬મી જુલાઈના રોજ ગુરુપૂર્ણિમાના દિવસે શ્રી પ્રવીણભાઈ ઠક્કરે અભ્યાસનિષ્ઠાને કેન્દ્રમાં રાખી ગુરુપૂર્ણિમાનું રસપૂર્ણ વક્તવ્ય આપ્યું.

● તા.૧થી ૦૩ ઑગસ્ટ એમ ત્રણ દિવસ લોકભારતીમાં નવા પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓની અભિમુખતા શિબિર રહી. અનુસ્નાતક કેન્દ્રના વિદ્યાર્થીઓએ માર્ગદર્શક ટુકડી તરીકે ફરજ બજવી. શ્રી અરુણભાઈએ વકતવ્ય આપ્યું.

● સ્વાતંત્ર્ય દિન અને રક્ષાબંધનપર્વ સાથે આવ્યાં. આ નિમિત્તે શ્રી સુભાષભાઈ ભટ્ટે ધ્વજવંદન કરાવી ટૂંકું પ્રાસંગિક ઉદબોધન કર્યું. રક્ષા બંધન નિમિત્તે મુખ્ય મહેમાન તરીકે સુશ્રી નેહલબેન ગઢવીએ પ્રસંગોચિત વક્તવ્ય આપ્યું. બપોરના સમૂહભોજનનો કાર્યક્રમ, બપોર પછી રમત-ગમતનો કાર્યક્રમ અને રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો.

● તા.૧૮મી ઑગસ્ટના રોજ સાયં પ્રાર્થના પછી લોકભારતી વિદ્યાર્થી મંત્રીમંડળની આમ સભા રહી. તેમાં ગત વર્ષની મંત્રીમંડળની કામગીરીની લેખિત પ્રશ્નો અને પૂરક પ્રશ્નો પૂછીને સમીક્ષા કરવામાં આવી તથા જૂના મંત્રીમંડળે નવા મંત્રીમંડળને કાર્યભારનો હવાલો સોંપ્યો. મંત્રીમંડળના અધ્યક્ષ તરીકે ગૃહ વિભાગના સંયોજકશ્રી જયવંતસિંહજી ગોહિલે બહુ ધીરજપૂર્વક આમસભાનું સંચાલન કર્યું.

● તા.૨૯મીના પૂ. મનુભાઈ પંચોળી 'દર્શક' વ્યાખ્યાનમાળાનો સત્તરમો મણકો અને પૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ યોજાઈ ગયો. તેમાં સંગીતવૃંદના ગીતગાન પછી શ્રી અરુણભાઈ દવેએ આવકાર તથા કાર્યક્રમની પ્રાસંગિક ભૂમિકા રજૂ કરી. વ્યાખ્યાનમાળાના આ સત્તરમા મણકાના મુખ્ય વક્તા ઋજુ પ્રકૃતિના સહૃદયી સાહિત્યકાર શ્રી માધવ રામાનુજે

"જીવનમાં હકારાત્મક અભિગમ" વિષય ઉપર બહુ સરસ રીતે સૌને રસ પડે તેવું વક્તવ્ય રજૂ કર્યું. લોકભારતીના ચાર પૂર્વ વિદ્યાર્થીઓ શ્રી મુક્તાબેન સંઘવી/ભાવસાર-નીલપર(શિક્ષણ અને ગ્રામવિકાસ), શ્રી અરવિંદભાઈ ત્રિવેદી-ભાવનગર(તાલીમ), શ્રી પ્રદીપભાઈ આસ્તિક-સોનગઢ(આયુર્વેદ પ્રચાર-પ્રસાર), શ્રી રવીન્દ્રસિંહજી સરવૈયા-ભાવનગર(કન્યા કેળવણી), શ્રી યોગરાજ- સિંહજી ગોહિલ-સોનગઢ(ખેતપેદાશોનું મૂલ્યવર્ધન)નું શાલ-સન્માનપત્ર અને રૂપિયા અગિયાર હજારની ધનરાશિનો ચેક અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું. છેલ્લાં વર્ષોથી આપણે પૂર્વ વિદ્યાર્થી સન્માન વેળાએ સન્માનિત વિદ્યાર્થી પાસે અગાઉથી તૈયાર કરાવેલી પાંચેક મીનિટની તેમનાં કાર્યો વિશેની વીડિયો ક્લિપ્સ રજૂ કરવાનું શરૂ કરેલ છે, જે માધ્યમ ઘણું અસરકારક, પ્રભાવક અને આકર્ષક રહ્યું છે. આ કાર્યક્રમમાં લોકભારતીના અનેક શુભેચ્છકો ઉપસ્થિત રહ્યાં. કાર્યક્રમનું આભાર દર્શન શ્રી રામચન્દ્રભાઈ પંચોળીએ કર્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી વિશાલભાઈ જોશીએ કર્યું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં લોકભારતીના સમગ્ર કાર્યકરો અને વિદ્યાર્થીઓએ જહેમત ઊઠાવી. લોકભારતીની સફાઈ, સુઘડતા, સમયપાલન અને સમગ્ર વ્યવસ્થા અંગે સૌ મહેમાનોએ સંતોષ વ્યક્ત કર્યો. આ કાર્યક્રમનું યુટ્યુબના માધ્યમથી જીવંત પ્રસારણ કરવામાં આવ્યું.

● તા.૩૦ ઑગસ્ટના રોજ ભાદરવી અમાસના સાંઢીડા મુકામે ભરાતા મેળામાં લોકશિક્ષણના એક કાર્યક્રમ તરીકે વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને વિદ્યાર્થી મંડળના સહયોગથી સુદર્શન ઉકાળો, સ્વચ્છ પાણીનું પરબ અને ગાંધી-૧૫૦ નિમિત્તે પ્રદર્શન સ્ટોલની વ્યવસ્થા ઊભી કરી. મેળા પૂર્વેની અને પછીની સફાઈની કામગીરીનું આયોજન પણ કરવામાં આવ્યું.

● તા.૦૫ સપ્ટેમ્બરના રોજ પૂ. મૂળશંકરભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળામાં લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના પૂર્વઆચાર્ય અને જાણીતા શિક્ષણવિદ તથા લેખક શ્રી મનસુખભાઈ સલ્લાએ 'શીખવાનો આનંદ' વિષય ઉપર મનનીય વ્યાખ્યાન રજૂ કર્યું. આવકાર અને પરિચય ડૉ. હસમુખભાઈ સુથારે કર્યો. મુખ્ય વક્તાશ્રીને શાલ અર્પણ વિધિ અને આભાર દર્શન શ્રી વિક્રમભાઈ ભટ્ટે કર્યું. શ્રી દર્શનાબેન ભટ્ટે સુગમગીતથી શ્રોતાઓને રસમગ્ન કર્યા. કાર્યક્રમમાં લોકભારતીના પૂર્વ નિયામક માનનીય શ્રી કુમુદભાઈ ઠાકર, આંબલા-મણારના કાર્યકરો અને કેટલાક પૂર્વ વિદ્યાર્થીઓ અને લોકભારતીના શુભેચ્છકો અને લોકભારતી પરિવારજનો ઉપસ્થિત રહ્યાં.

● ગુજરાત શિક્ષણ અને સંશોધન પરિષદ, ગાંધીનગરના ગુજરાતના દરેક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના બી.એડ્.ના તાલીમાર્થીઓ લોકભારતીના ભાવાવરણમાં ત્રણ-ત્રણ દિવસના શૈક્ષણિક સેમિનારમાં વર્ષ દરમિયાન અઢાર જિલ્લાના કુલ ૬૨૮ તાલીમાર્થીઓએ જુદી જુદી બેચમાં તાલીમ મેળવી.

● આ વર્ષે સર્વત્ર ઘણો સારો વરસાદ પડ્યો. પરંતુ લોકભારતીની આસપાસ તો પાણીના પૂરલાયક વરસાદ થયો નથી. પરંતુ ધીમાધીમા સતત વરસાદને કારણે ધરતી પરિતૃપ્ત થઈ જતાં આપણી ઉપરવાસના ડુંગરાઓમાંથી પાણી નીતરીને સીંદરી નદીમાં આવવું શરૂ થયું અને એ રીતે આપણાં સાતેય તળાવો ભરાયાં-છલકાયાં. વર્ષો પછી સાતેય તળાવ ભરાઈ જતાં પૂરા લોકભારતી પરિવારમાં એક આનંદ અને ઉત્સાહનો માહોલ ઊભો થયો. તા.૧૭ સપ્ટેમ્બરના રોજ જળનાં વધામણાં કરવા લોકભારતી પરિવાર પંચાયતીરાજ કેન્દ્ર સામે એકઠો થયો અને શાસ્ત્રોક્ત વચનોના ઉચ્ચારણો સાથે પૂજનવિધિ સંપન્ન કરવામાં આવી.

● હમણાં હમણાં ઇઝરાઇલના જાણીતા ઇતિહાસવિદ ડૉ. હરારીનાં ત્રણ પુસ્તકોએ ધૂમ મચાવી છે. આ અંગે વિદ્યાર્થીઓ પરિચિત બને અને તેનાં પુસ્તકોની વિગતથી માહિતગાર થાય તેવા હેતુસર લોકભારતીના પૂર્વવિદ્યાર્થી અને પછીથી ઘણી અભ્યાસનિષ્ઠા કેળવી છે તેવા શ્રી વિશાલભાઈ ભાદાણીનો આ વિષય અંગેનો એક વાર્તાલાપ તા.૨૧, સપ્ટેમ્બરના રોજ લોકભારતીમાં યોજવામાં આવ્યો.

● તા.૦૨ ઑક્ટોબરના રોજ ગાંધીજયંતી નિમિત્તે સવારે પ્રાતઃ પ્રાર્થના યોજાઈ, જેમાં 'મંગળ પ્રભાત' પુસ્તકમાંથી એક પ્રસંગનું વાચન કરવામાં આવ્યું. ગાંધીજયંતી કાર્યક્રમમાં શ્રી રાજુભાઈ-દીપ્તિબહેન પુરોહિતે(તેઓ કોબા-ગાંધીનગર કેન્દ્ર બનાવીને ગામડાંઓમાં અવૈધિક શિક્ષણની પ્રવૃત્તિરત છે) ગાંધીવિચાર અન્વયે અભ્યાસપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું. બપોરના લોકભારતીના સમગ્ર કાર્યકરો તરફથી આપણાં સાતેય તળાવડાં પાણીથી છલકાઈ ગયાં તે નિમિત્તે 'હરખ-જમણ' યોજવામાં આવ્યું. આ નિમિત્તે શ્રી વિઠ્ઠલભાઈ વાછાણી, શ્રી મગનભાઈ કાલરિયા, શ્રી રમણીકભાઈ કાલરિયા અને લોકભારતીના અન્ય કેટલાક શુભેચ્છકો પણ ઉપસ્થિત રહ્યા.

● ગાંધી જયંતી નિમિત્તે ગ્રામજીવન યાત્રામાં વિદ્યાર્થીઓ અને કાર્યકરો તા.૦૩ના રોજ સણોસરાની આજુબાજુનાં પચાસ ગામોમાં સ્વચ્છતા-આરોગ્ય, વ્યસન-મુક્તિ, પ્લાસ્ટિક-મુક્તિ, સાક્ષરતા અને કૃષિ-ગોપાલન-સજીવ ખેતીનો સંદેશ લઈને સવારથી સાંજ સુધી જઈ આવ્યાં. આ વર્ષ ગાંધી-૧૫૦નું વર્ષ હોઈ, ગુજરાત સરકારશ્રીના પર્યટન વિભાગ દ્વારા આ ગ્રામજીવન યાત્રાને પુરસ્કૃત કરવામાં આવી.

● યુ.કે.થી પ્રસારિત થતાં સામયિક 'ઓપિનિયન'ની પહેલથી 'દર્શક'ના વિદેશમાં વસતાં ચાહકોએ એકઠી કરેલી નિધિમાંથી શરૂ કરેલ 'દર્શક વ્યાખ્યાનમાળા'ના આ ચોથા વર્ષે તા.૧૫મી ઑક્ટોબરના રોજ મૈત્રી વિદ્યાપીઠ, માનવ મંદિર, સુરેન્દ્રનગરના સહયોગ અને આતિથ્યથી સુરેન્દ્રનગર મુકામે મૈત્રી વિદ્યાપીઠ, માનવ મંદિર, સુરેન્દ્રનગરના સભાખંડમાં સુપ્રતિષ્ઠ કટારચી, લેખક, સંપાદક, પ્રકાશક શ્રી ઉર્વીશ કોઠારી એ 'સૉક્રેટીસ, ભારતીય સંસ્કૃતિ અને વર્તમાનઃ 'દર્શક'ની સાખે' વિષય પર ચોથું અભ્યાસપૂર્ણ અને મનનીય વ્યાખ્યાન આપ્યું. મૈત્રી વિદ્યાપીઠ, સુરેન્દ્રનગરના શ્રી નિખિલેશભાઈ દેસાઈ અને શ્રી જયશ્રીબહેન દેસાઈએ કાર્યક્રમને સફળ બનાવવા ઘણી જહેમત ઊઠાવી અને સઘળી વ્યવસ્થા-આયોજન ગોઠવ્યાં. કાર્યક્રમનું સંચાલન શ્રી અરુણભાઈ દવેએ કર્યું. લોકભારતીમાંથી મોટી સંખ્યામાં કાર્યકરો આ કાર્યક્રમમાં ભાગ લેવા જઈ આવ્યાં.

● સંવત ૨૦૭૬ના નવા વર્ષ નિમિત્તે તા.૨૮ ઑક્ટોબરના રોજ મુખ્ય રસોડે નવા તૈયાર થયેલા ભોજનાલયમાં શ્રી અરુણભાઈ દવેની ઉપસ્થિતિમાં સ્નેહ મિલન રાખવામાં આવ્યું, જેમાં તેમણે સૌને નવા વર્ષની શુભેચ્છાઓ આપી, સંસ્થાની પ્રવૃત્તિઓનો ટૂંકો અહેવાલ આપ્યો અને લોકભારતીના ધ્યેયને આનુષાંગિક પ્રવૃત્તિઓમાં સૌને ઉત્સાહપૂર્વક ભળવા અનુરોધ કર્યો.

● તા.૦૬-૧૨-૧૯ના રોજ ગુજરાતના મુખ્ય ચૂંટણી કમિશ્નરશ્રી સંજયપ્રસાદજી અને સચિવ શ્રી મહેશભાઈ જોશીનો લોકશાહીમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીના મહત્ત્વ વિશે એક વાર્તાલાપ યોજાઈ ગયો.

## : સંસ્થાકીય પ્રવૃત્તિઓનો વિભાગવાર અહેવાલ :

### : લોકભારતી અધ્યાપન મંદિરઃ

● કાર્યકર સંખ્યાઃ-

| ક્રમ | શૈક્ષણિક કાર્યકરો | બિનશૈક્ષણિક કાર્યકરો | કુલ |
|---|---|---|---|
| ૦૧ | ૦૬ | ૦૨ | ૦૮ |

● ચાલુ વર્ષે વિદ્યાર્થીઓની સ્થિતિ :

| વર્ષ | ભાઈઓની સંખ્યા | બહેનોની સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ | ૪૩ | ૪૪ | ૮૭ |
| દ્વિતીય વર્ષ | ૩૩ | ૪૩ | ૭૬ |
| કુલ | ૭૬ | ૮૭ | ૧૬૩ |

લોકભારતી અધ્યાપન મંદિરની પરંપરા મુજબની ઓળખ જેનાથી ઊભી થઈ રહે તેવા નોંધપાત્ર-ધ્યાનાકર્ષક કાર્યક્રમો આ પ્રમાણે છે.

- ચાલુ વર્ષે આસપાસનાં ૮૮ ગામોની પ્રાથમિક શાળામાં ધોરણ ૬થી ૮માં 'મોજીલું શિક્ષણ' પ્રોજેક્ટ કાર્યરત થયેલ છે. જેમાં અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓ ભાગીદારી કરી રહ્યા છે.
- ચાલુ વર્ષે આસપાસનાં ૧૨ ગામોની પ્રાથમિક શાળામાં ધોરણ ૬ થી ૮ માં 'અહિંસા શીખીએ' પ્રોજેક્ટ કાર્યરત થયેલ છે, જેમાં અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓ ભાગીદારી કરી રહ્યા છે. આના ઉપક્રમે ૨જી ઓક્ટોબરના રોજ ગાંધી આશ્રમમાં યોજાયેલ 'બાળ સાંસ્કૃતિક કાર્યક્રમ'માં અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓએ ભાગીદારી કરી.
- લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ દ્વારા યોજાતા નીચેના જેવા સમૂહના કાર્યક્રમોમાં ભાગીદારી કરી.
  રક્ષાબંધન, ૧૫મી ઓગસ્ટ, આનંદ બજાર, ૨જી ઓક્ટોબર, ગ્રામ જીવન યાત્રા, વાર્ષિકોત્સવ, વિવિધ વ્યાખ્યાનમાળાઓ, સમૂહ ભોજન, રમતોત્સવ, સાહસ દોડ.
- અધ્યાપન મંદિર દ્વારા યોજાતા કાર્યક્રમો : વર્ષા મંગલ, રમતોત્સવ, ખજાનાની શોધ, શિશિરોત્સવ-સ્વયંપાક, ઉત્સવોની ઉજવણી, પ્રાયોગિક પાઠ, કમ્પ્યુટર પાઠ, યોગ-સંમેલન, મંત્રીમંડળ, વાલીમિલન, રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી, ભાષાદિનની ઉજવણી, દિક્ષાંત કાર્યક્રમ વગેરે જેવા ક્ષમતાવર્ધન કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓએ આયોજન-અમલની તાલીમ લીધી.
- ચાલુ વર્ષે ગાંધી ૧૫૦ નિમિત્તે બીજા વર્ષનો શૈક્ષણિક પ્રવાસ ગાંધીનગર મહાત્મા મંદિર, સફાઈ વિદ્યાલય, ગાંધી આશ્રમ, ગુજરાત વિદ્યાપીઠ જેવા સ્થળોએ અને પ્રથમ વર્ષનો પ્રવાસ ભાવનગર (દક્ષિણામૂર્તિ બાલમંદિર, બહેરામુંગાશાળા, અંધશાળા, વિજ્ઞાન નગરી, અંકુર મંદબુધ્ધિશાળા, ખોડિયાર મંદિર) યોજાયો.

● વર્ષ દરમ્યાન તાલીમાર્થીઓના ક્ષમતા વર્ધન માટે યોજાયેલ કાર્યક્રમ

| ક્રમ | તારીખ | વક્તાનું નામ | વિષય |
|---|---|---|---|
| ૦૧ | ૧૨/૦૧/૨૦૧૯ | શિશિરોત્સવ | સ્વયંપાક |
| ૦૨ | ૧૫/૦૧/૨૦૧૯થી ૩૧/૦૧/૨૦૧૯ | નિવાસી ઇન્ટર્નશીપ | તબક્કો ત્રીજો-ચોથો |
| ૦૩ | ૧૫/૦૧/૨૦૧૯ થી ૨૧/૦૧/૨૦૧૯ | ગાંધી મૂલ્યોને માર્ગે પદયાત્રામાં | જુથમાં ભાગીદારી |

| ક્રમ | તારીખ | વક્તાનું નામ | વિષય |
|---|---|---|---|
| ૦૪ | ૦૨/૦૨/૨૦૧૯ | પૂર્વવિદ્યાર્થીઓ મુલાકાત | - |
| ૦૫ | ૦૩/૦૨/૨૦૧૯ | ફિલ્મદર્શન | 'ચલ મન જીતવા જઈએ' |
| ૦૬ | ૨૮/૦૨/૨૦૧૯ | રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી | - |
| ૦૭ | ૦૨/૦૩/૨૦૧૯ | વિશિષ્ટ સંમેલન અનુસંધાને | ઈન્ટર્નશીપ પી.પી.ટી.નું નિદર્શન |
| ૦૮ | ૦૮/૦૩/૨૦૧૯ | આંતર રાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી | |
| ૦૯ | ૦૯/૦૩/૨૦૧૯ | શ્રી હસમુખભાઈ દેવમુરારિ | આકાશ દર્શન |
| ૧૦ | ૧૦/૦૩/૨૦૧૯ | આમ-સભા | |
| | | નવા મંત્રીમંડળની રચના | શ્રી અજયભાઈ પંડ્યા |
| ૧૧ | ૧૧/૦૩/૨૦૧૯ | શપથ વિધિ | |
| ૧૨ | ૨૪/૦૩/૨૦૧૯ | ફિલ્મદર્શન | 'ઉરી ધ સર્જીકલ સ્ટ્રાઈક' |
| ૧૩ | ૨૮/૦૩/૨૦૧૯ | રેડ ક્રોસ સોસાયટી | થેલેસેમિયા જાગૃતિ કાર્યક્રમ |
| ૧૪ | ૩૦/૦૩/૨૦૧૯ | ભાષાદિનની ઉજવણી | - |
| ૧૫ | ૩૧/૦૩/૨૦૧૬ | ફિલ્મદર્શન | 'ઈંગ્લીશ વિન્ગ્લીશ' |
| ૧૬ | ૦૫/૦૪/૨૦૧૯ | દીક્ષાંત કાર્યક્રમ | શ્રી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભાવનગર |
| ૧૭ | ૨૯/૦૪/૨૦૧૯ | તાલીમાર્થીઓ | વાર્ષિક પરીક્ષાનો આરંભ |
| ૧૮ | ૦૮/૦૫/૨૦૧૯ | તાલીમાર્થીઓ | વાર્ષિક પરીક્ષાની સમાપ્તિ |
| ૧૯ | ૧૮/૦૬/૨૦૧૯ | તાલીમાર્થીઓ | બીજુ વર્ષ સત્રારંભ |
| ૨૦ | ૨૦/૦૬/૨૦૧૯ | તાલીમાર્થીઓ | ઈન્ટર્નશિપ પૂર્વતૈયારી |
| ૨૧ | ૨૧/૦૬/૨૦૧૯ | શ્રી પિનાકિનભાઈ પંડ્યા | વિશ્વ યોગ દિવસની ઉજવણી |
| ૨૨ | ૨૫/૦૬/૨૦૧૯થી | | |
| | ૨૭/૦૬/૨૦૧૯ | તાલીમાર્થીઓ | સાદા પાઠ |
| ૨૩ | ૦૧/૦૭/૨૦૧૯થી | | |
| | ૧૧/૦૭/૨૦૧૯ | તાલીમાર્થીઓ | નિવાસી ઈન્ટર્નશીપ તબક્કો-૧ |
| ૨૪ | ૧૩/૦૭/૨૦૧૯ | વિશિષ્ઠ સંમેલન | કોમ્પ્યુટર કિવઝ |
| ૨૫ | ૨૦/૦૭/૨૦૧૯થી | | |
| | ૨૬/૦૭/૨૦૧૯ | શ્રી તેજસભાઈ ત્રિવેદી | સંસ્કૃત સંભાષણના વર્ગો (સંસ્કૃત ભારતી ભાવનગર દ્વારા ) |
| ૨૬ | ૨૫/૦૭/૨૦૧૯ | પ્રવેશોત્સવ | પ્રથમ વર્ષ તાલીમાર્થીઓનું આગમન |
| ૨૭ | ૨૬/૦૭/૨૦૧૯ | શ્રી હસમુખભાઈ દેવમુરારિ | સત્રારંભ –પ્રાસંગિક વક્તવ્ય |
| ૨૮ | ૨૭/૦૭/૨૦૧૯ | વિશિષ્ઠ સંમેલન | પ્રથમ વર્ષ ભાઈઓ –બહેનોનો પરિચય |
| ૨૯ | ૩૧/૦૭/૨૦૧૯ | શ્રી રામચંદ્રભાઈ પંચોળી | પ્રાસંગિક વકતવ્ય |
| ૩૦ | ૦૧/૦૮/૨૦૧૯થી | | |
| | ૦૩/૮/૨૦૧૯ | પ્રથમ વર્ષ અભિમુખતા શિબિર | - |

| ક્રમ | તારીખ | વક્તાનું નામ | વિષય |
|---|---|---|---|
| ૩૧ | ૦૧/૦૮/૨૦૧૯થી | | |
| | ૦૩/૦૮/૨૦૧૯ | તાલીમાર્થીઓ | વાચન શિબિર |
| ૩૨ | ૦૬/૦૮/૨૦૧૯ | શ્રી અરુણભાઈ દવે | હિરોશિમા દિનની ઉજવણી |
| ૩૨ | ૧૫/૦૮/૨૦૧૯ | તાલીમાર્થીઓ | સ્વાતંત્ર્ય દિન/રક્ષાબંધનની ઉજવણી |
| ૩૩ | ૧૭/૦૮/૨૦૧૯ | તાલીમાર્થીઓ | ચિઠ્ઠીસભા |
| ૩૪ | ૧૧/૦૮/૨૦૧૯ | તાલીમાર્થીઓ | "પિંક" ફિલ્મ |
| ૩૫ | ૩૧/૦૮/૨૦૧૯ | તાલીમાર્થીઓ | ડિબેટ – જૂથ ચર્ચા |
| ૩૬ | ૦૭/૦૯/૨૦૧૯ | તાલીમાર્થીઓ | પી.પી.ટી નિદર્શન-ઇન્ટર્નશિપ |
| ૩૭ | ૦૮/૦૯/૨૦૧૯ | તાલીમાર્થીઓ | ખજાનાની શોધ |
| ૩૮ | ૧૪/૦૯/૨૦૧૯ | તાલીમાર્થીઓ | શિક્ષકદિનની ઉજવણી |
| ૩૯ | ૧૭/૦૯/૨૦૧૯થી | | |
| | ૨૦/૦૯/૨૦૧૯ | તાલીમાર્થીઓ | પાઠ અવલોકન |
| ૪૦ | ૧૭-૨૦/૦૯/૨૦૧૯થી | તાલીમાર્થીઓ | પાઠ અવલોકન |
| ૪૧ | ૨૪/૦૯/૨૦૧૯થી | | |
| | ૨૭/૦૯/૨૦૧૯ | તાલીમાર્થીઓ | પાઠ અવલોકન |
| ૪૨ | ૨૪-૨૭/૦૯/૨૦૧૯ | તાલીમાર્થીઓ | પાઠ અવલોકન |
| ૪૩ | ૨૮/૦૯/૨૦૧૯ | વિશિષ્ટ સંમેલન | કમ્પ્યુટર ક્વિઝ |
| ૪૪ | ૨૧/૦૯/૨૦૧૯ | વિશાલભાઈ ભાદાણી | બુક રીવ્યુ |
| ૪૫ | ૦૨/૧૦/૨૦૧૯ | તાલીમાર્થીઓ | અહિંસાદિનની ઉજવણી |
| ૪૬ | ૦૩/૧૦/૨૦૧૯ | તાલીમાર્થીઓ | ગ્રામજીવન યાત્રા |
| ૪૭ | ૧૦/૧૦/૨૦૧૯ | દિગંતભાઈ દેવમુરારિ | ઓસ્ટ્રેલિયા દેશની વાત |
| ૪૮ | ૧૯/૧૦/૨૦૧૯ | તાલીમાર્થીઓ | પ્રથમ વર્ષ તાલીમાર્થીઓનું વાલીમિલન |
| ૪૯ | ૧૬/૧૧/૨૦૧૯ | નાટક | 'બા એ મારી બાઉન્ડ્રી' |
| ૫૦ | ૨૦/૧૧/૨૦૧૯ | તાલીમાર્થીઓ | ઘઉં શ્રમ |
| ૫૧ | ૨૧/૧૧/૨૦૧૯ | તાલીમાર્થીઓ | ઘઉં શ્રમ |
| ૫૨ | ૨૩/૧૧/૨૦૧૯ | ફિલ્મદર્શન | સુપર થર્ટી |
| ૫૩ | ૨૪/૧૧/૨૦૧૯ | તાલીમાર્થીઓ | મંત્રીમંડળની બેઠક |
| ૫૪ | ૨૭/૧૧/૨૦૧૯ | તાલીમાર્થીઓ | પ્રથમ પાઠ |
| ૫૫ | ૨૯/૧૧/૨૦૧૯ | શ્રી દીપકભાઈ મહેતા 'દિવાસ્વપ્ન' આસ્વાદ, વીડિયો દર્શન | શ્રી ભારતભાઈ પાઠક વાર્તાલાપ વીડિયો દર્શન |
| ૫૬ | ૩૦/૧૧/૨૦૧૧ | તાલીમાર્થીઓ | 'દિવાસ્વપ્ન' નાટ્ય પ્રયોગ |
| ૫૭. | ૦૩/૧૨/૨૦૧૯ | શ્રી રામચંદ્રભાઈ પંચોળી | 'વિશ્વશાંતિની ગુરુકિલ્લી' |
| ૫૮. | ૦૬/૧૨/૨૦૧૯ | બાલવાડી શિબિર | |

* ૪૮મો બાલવાડી શિબિર—અભિમુખતા સમય પત્રક

| ક્રમ | તારીખ- વાર | સવારની સભા<br>સમય: ૦૭:૩૦ થી ૦૮:૫૦ | બપોરની સભા<br>સમય: ૦૧:૫૦ થી ૦૩:૩૦ |
|---|---|---|---|
| ૧. | ૦૬/૧૨/૧૯<br>શુક્રવાર | પ્રારંભ : શ્રી સંજય પ્રસાદજી(રાજ્ય ચૂંટણી કમિશ્નરશ્રી)શ્રી નલિનભાઈ પંડિત<br>(પૂર્વ નિયામક જી.સી.ઈ.આર.ટી.)<br>શ્રી અરુણભાઈ દવે | શ્રી વાસુદેવભાઈ સોઢા<br>વિષય: બાલ વાર્તા—વાર્તાનુંશાસ્ત્ર |
| ૨ | ૦૭/૧૨/૧૯<br>શનિવાર | શ્રી રાજીવ ભટ્ટ<br>વિષય: બાલ શિક્ષણમાં યોગ | શ્રી પ્રણવભાઈ વ્યાસ<br>વિષય: પપેટસ દ્વારા શિક્ષણ |
| ૩ | ૦૮/૧૨/૧૯<br>રવિવાર | શ્રી કૃષ્ણ દવે<br>વિષય: બાળ કાવ્ય રચના અને આસ્વાદ | શ્રી અવનિબેન દવે<br>વિષય: તોત્તોચાનનો આસ્વાદ |
| ૪ | ૦૯/૧૨/૧૯<br>સોમવાર | શ્રી રમેશભાઈ પરમાર<br>વિષય: તાલની રમત-બાલગીત | શ્રી વી.ડી.બાલા વિષય: દેશી રમતો અને પર્યાવરણ શિક્ષણ |
| ૫ | ૧૦/૧૨/૧૯<br>મંગળવાર | શ્રી જનકદાદા<br>વિષય: બાલ વાર્તા – બાલગીત | શ્રી દક્ષિણામૂર્તિ બાલઅધ્યાપન મંદિર,<br>શ્રી દક્ષિણામૂર્તિ બાલ મંદિર તથા<br>શ્રી ઘરશાળા અધ્યાપન મંદિર.<br>વિષય: બાલસાંસ્કૃતિક કાર્યક્રમ |
| ૬ | ૧૧/૧૨/૧૯<br>બુધવાર | શ્રી શક્તિદાન ગઢવી<br>વિષય: બાલમાનસ અને બાલઅધિકાર | અહેવાલ તથા પ્રતિભાવ —સંકલ્પ<br>સમય: ૨થી ૩.૩૦<br>સમાપન કાર્યક્રમ<br>શ્રી હસમુખભાઈ દેવમુરારિ |

**નોંધ :** સવારે : ૯:૦૦ થી ૧૦:૧૫ અને બપોરે: ૩:૩૦ થી ૫:૦૦ વિવિધ શાળામાં (સંગીત કાર્યશાળા, નાટ્ય શાળા, વિજ્ઞાન કાર્યશાળા, સર્જન કાર્યશાળા, રમતકાર્યશાળા, જીવન કૌશલ્ય કાર્યશાળા) માં તાલીમ અને બાલ સાહિત્ય તથા કમ્પ્યૂટર પ્રદર્શન. રાત્રે બાલ મનોરંજન કાર્યક્રમ. લોકભારતી અધ્યાપન મંદિરના પૂર્વ આચાર્યશ્રીઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ અનુકૂળતા મુજબ હાજર રહી માર્ગદર્શન આપશે.

* **સતત શિક્ષણ —ઈન્ટર્નશીપ :-** આ વર્ષે સતત શિક્ષણ નવા માળખા મુજબ નીચે આપ્યા મુજબ યોજાયું. જાન્યુઆરી અને જુલાઈ માસમાં યોજાયેલ સતત શિક્ષણમાં તાલીમાર્થીઓએ જે તે શાળામાં સ્થાયી નિવાસ કર્યો – જાતે રસોઈ બનાવી. આ દરમ્યાન વિવિધ પધ્ધતિએ વર્ગશિક્ષણ, બાલમેળો, રેલી, ગ્રામસફાઈ, વૃક્ષારોપણ, પ્રદર્શન, કમ્પ્યૂટર પાઠ, વૈજ્ઞાનિક રમકડાં બનાવવા, વિજ્ઞાનના પ્રયોગો, બુલેટિન બોર્ડ, સર્વેક્ષણ, વ્યકિત અભ્યાસ, સાંસ્કૃતિક કાર્યક્રમ, ગ્રામસભા જેવા કાર્યક્રમોના આયોજન -અમલ -મૂલ્યાંકનની તાલીમ તાલીમાર્થીઓને મળી.
* **શાળા મુલાકાત :** અધ્યાપન મંદિરના અધ્યાપકો તથા તાલીમાર્થીઓએ સજ્જતા-વિસ્તરણના કાર્યક્રમો સુપેરે યોજયા. આસપાસની ૫૦ શાળાઓના ૩૯૦૦ બાળકો તથા શિક્ષકોને સંસ્થા દર્શન તથા વિજ્ઞાનપ્રયોગો અને અભિનય ગીતો કરાવ્યા આસપાસની શાળાઓના બાળકો અને શિક્ષકો હવે નિયમિત રીતે આવતા થયા છે. તાલીમાર્થીઓની

પણ આ કાર્યક્રમો દ્વારા ગુણવત્તા-આવડત વધ્યા છે.

- **સુઘડ લોકભારતી—ભણતા ભણતા કમાણી :** સુઘડ લોકભારતી અંતર્ગત ભણતાં ભણતાં પ્રથમ અને દ્વિતીય વર્ષના ૬૦ વિદ્યાર્થીઓએ કુલ રૂ.૧,૧૧,૧૮૦ કમાણી કરી
- **જીવન કૌશલ તાલીમ :** આ વર્ષે પણ ચિંતન સાબુ બનાવવાની તાલીમ વિદ્યાર્થીઓને મળી. ચાલુ વર્ષમાં વિદ્યાર્થી દ્વારા રૂ.૫૦૦ નંગ સાબુ બનાવીને વેચવામાં આવ્યા. જીવન કૌશલ પ્રવૃત્તિ અંતર્ગત ઉભો સાવરણો બનાવવો, સાબુ બનાવવા, અગરબત્તી બનાવવી, ધુપ બનાવવો, મીણબત્તી બનાવવી, ચોકલેટ બનાવવી, જામફળની જેલી, છાણમાંથી કુંડા બનાવવા જેવી તાલીમ મળી હજુ પગલુછણિયા બનાવવા, ચોક બનાવવાની તાલીમનું આયોજન કરેલ છે.
- **પૂર્વવિદ્યાર્થી સંપર્ક :** પૂર્વ વિદ્યાર્થીઓ નિયમિત રીતે અધ્યાપન મંદિર તેમજ સંસ્થાની મુલાકાતે પરિવાર સાથે આવે છે. દર વર્ષે પૂર્વ વિદ્યાર્થીઓની એક બેચનું સ્નેહ મિલન યોજાય છે. પૂર્વ વિદ્યાર્થીઓ તરફથી એક સ્થાયી ભંડોળ રચાયું છે. પૂર્વ વિદ્યાર્થી માહિતી એકત્રીકરણ માટે ગૂગલ ફોર્મ તૈયાર કરી અપલોડ કરવામાં આવ્યું છે.
- **વાચનપર્વઃ**- વાચન પર્વ સત્રમાં એક નિયમિત રીતે યોજાય છે. જેની અસર આપણને પોરસ ચડાવે તેવી થઈ. સર્વોદય સહકારી પુસ્તક ભંડારમાંથી તાલીમાર્થીઓએ નોંધપાત્ર સંખ્યામાં પુસ્તક ખરીદ્યાં તેમ જ વાંચ્યાં-વંચાવ્યાં.
- **વર્ગશિક્ષણમાં પ્રયોગો :** અધ્યાપકોએ પોતાના વર્ગશિક્ષણમાં પ્રયોગો-પ્રવૃત્તિઓ, પદ્ધતિઓ તેમ જ અનુબંધનો અભિગમ અપનાવ્યો. (જેમ કે ભાષામાં જે તે કાર્યક્રમના અનુસંધાને નિબંધલેખન, પત્રલેખન થયાં. ફિલ્ડવર્ક-ઔષધબાગનાં કામ સાથે ગણિત, હિન્દી, વિજ્ઞાન તથા અંગ્રેજીના શિક્ષણનો કઈ રીતે અનુબંધ કરી શકાય તે પ્રત્યક્ષ શીખવાયું.
- વિજ્ઞાન-પર્યાવરણ શિક્ષણના ભાગરૂપે વિજ્ઞાનકેન્દ્રમાં પ્રયોગશાળા, ઊર્જાપાર્ક, સાયન્સપાર્ક, ઔષધબાગની જાળવણી તેમ જ ચબુતરો, પક્ષીઘર, પક્ષીનાં પાણીનાં કુંડાં તેમ જ સંસ્થાનાં વિવિધ સ્થળોની સુઘડતા આખા વર્ષ દરમ્યાન વિદ્યાર્થી સંભાળે તેવું ગોઠવાયું છે. આ પ્રોજેક્ટથી વિદ્યાર્થીને સતત-સઘન પ્રાયોગિક તાલીમ પ્રાપ્ત થઈ છે. આત્મવિશ્વાસ, કામ પ્રત્યેની નિષ્ઠા, શ્રમ કરવાની ટેવની આવડત વિકસી છે.
- કમ્પ્યુટર શિક્ષણમાં તાલીમાર્થીઓ દ્વારા કઠિન એકમોને સરળ રીતે સમજાવી શકાય તેવા પાઠોની સીડી તૈયાર થઈ છે જે અન્યત્ર અધ્યાપન મંદિર તથા પ્રા.શાળાઓમા ઉપયોગી બની છે(દા.ત. શરીરનાં તંત્રો, બ્રહ્માંડ, કુદરતી પ્રકોપો વગેરે) જે આપણી વિશેષ ઉપલબ્ધિ કહી શકાય. વર્ષ દરમિયાનના તમામ ઓફિસ કાર્ય, હાજરી પત્રકો, આયોજન, અહેવાલ, સુવિચારના બેનર વિદ્યાર્થી તેમજ અધ્યાપક દ્વારા તૈયાર થાય છે. અહેવાલ, સ્મરણમ્ મધુરમ્ - નિર્માણમાં સ્વાવલંબન મેળવ્યું છે. બાલવાડી શિબિર તેમજ સમગ્ર પ્રવૃત્તિ પરિચય સી.ડી. નિર્માણમાં પણ સ્વાવલંબન પ્રાપ્ત થયું છે. આમ કમ્પ્યુટરઉદ્યોગ દ્વારા સ્વાવલંબનની યોજના સાકાર થતી જાય છે.કોઈ એક કાર્યક્રમ પૂરો થયો તેનું પીપીટી તૈયાર કરવાની આવડત વિકસી છે.
- દરેક વિષયને સરળ, રસપ્રદ, પ્રવૃત્તિમય કઈ રીતે બનાવાય તેની પ્રત્યક્ષ તાલીમ અધ્યાપક વર્ગખંડમાં આપવા પ્રયત્ન કરે છે(ગુજરાતી શિક્ષણમાં પ્રોજેક્ટ અંતર્ગત પ્રદર્શન નિર્માણ તેમ જ અભ્યાસ થયેલ, અંગ્રેજી શિક્ષણમાં પ્રવૃત્તિ દ્વારા વ્યાકરણ સરળ રીતે શીખવવાની પધ્ધતિઓ, ગણિત શિક્ષણમાં પણ ગીતો, મોડેલ્સ, પ્રત્યક્ષમાપન, પ્રોજેક્ટસ, તેમજ વિજ્ઞાન શિક્ષણમાં જુથ કાર્ય, પ્રયોગો જાતે કરવા, વિસ્તરણ કાર્ય, ટી.એલ.એમ.માં વિદ્યાર્થીઓ દરેક વિષયના ટી.એલ.એમ.જાતે બનાવીને વર્ગશિક્ષણમાં તેનો ઉપયોગ કરે છે. આસપાસની શાળાઓમાં તેનું વિતરણ થાય છે. સમાજવિદ્યા શિક્ષણમાં એકમોનું નાટ્ય રૂપાંતર, એકોક્તિ, પ્રોજેક્ટસ વગેરે)તેમજ વૈજ્ઞાનિક રમકડાં અને સર્જનાત્મક શૈક્ષણિક સાધનો બનાવવાની પણ આવડત વિકસી છે.

- સતત અને સર્વ ગ્રાહી મૂલ્યાંકન લેખિત, મૌખિક અને ક્રિયાત્મક પદ્ધતિથી યોજાયા. જેના પરિણામો સંતોષકારક રહ્યાં. નિદાન ઉપચાર પદ્ધતિથી નબળા વિદ્યાર્થીઓ માટે પ્રયત્ન કરવામાં આવ્યો.

- **અધ્યાપક સજ્જતા**

| અધ્યાપકનું નામ | કાર્યક્રમનું નામ |
|---|---|
| ડૉ. ભાવનાબેન પાઠક | ડૉ. ભાવનાબેન પાઠક |
| શ્રી જગદીશગિરિ ગોસાઈ | બાલ અધ્યાપન મંદિર અભ્યાસક્રમ લેખન – જીસીઈઆરટી, ગાંધીનગર<br>અધ્યાપન મંદિર અભ્યાસક્રમ લેખન સુધારાણા – જીસીઈઆરટી, ગાંધીનગર |

- **મુલાકાતી અધ્યાપકશ્રીઓ**

અધ્યાપન મંદિરના પૂર્વ આચાર્યશ્રી, અધ્યાપક તથા પૂર્વ વિદ્યાર્થી અધ્યાપન મંદિરમાં નિયમિત સેવાઓ આપી રહ્યા છે. (૧) શ્રી બળવંતભાઈ તેજાણી (૨) શ્રી મહેશભાઈ પરમાર (૩) શ્રી ભૂપેન્દ્રસિંહજી ગોહિલ

**-: લોકસેવા મહાવિદ્યાલય :-**

- સ્ટાફ સંખ્યા :-

| પ્રોફેસર | રીડર | આસિ. પ્રોફેસર | એડમિન |
|---|---|---|---|
| - | - | ૧૨ | ૧૦ |

- વિદ્યાર્થી સંખ્યા (વર્ષ૨૦૧૯-૨૦ દરમ્યાન પ્રવેશ મેળવેલ):-

| અભ્યાસવર્ષ | ભાઈઓ | બહેનો | કુલ |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ | ૩૬ | ૩૫ | ૭૧ |
| દ્વિતીય વર્ષ | ૩૧ | ૩૦ | ૬૧ |
| તૃતીય વર્ષ | ૪૪ | ૧૩ | ૫૭ |
| કુલ | ૧૧૧ | ૭૮ | ૧૮૯ |

- લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય, સણોસરાના બી.આર.એસ.પ્રથમ વર્ષમાં સરકારશ્રીના નિયમોને આધીન મેરીટના આધારે ૭૨ વિદ્યાર્થીઓને બે રાઉન્ડમાં પ્રવેશ આપવામાં આવ્યો.
- તા. ૦૧-૦૮-૧૯ થી ૦૩-૦૮-૨૦૧૯ સુધી પ્રથમ વર્ષને સંસ્થા અભિમુખતા કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં લોકભારતીના પાયાના મુલ્યોને અનુલક્ષીને ટુકડીઓ પાડવામાં આવી આ ટુકડીઓનું સમગ્ર સંચાલન એમ.આર.એસ.-૨ના ભાઈઓ–બહેનોએ કર્યું. તેમાં શ્રમ, છાત્રાલય જીવન, ખાદી, સમૂહ જીવન અને સહ શિક્ષણ વગેરે મુદ્દાઓ ઉપર પ્રશ્નોત્તરી, નાટક, પ્રયોગો, જૂથ ચર્ચા, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન, અધ્યાપકોના દ્વારા વ્યક્તવ્ય તેમજ પ્રત્યક્ષ–પરોક્ષ રીતે વિદ્યાર્થીઓ લોકભારતીના સત્ત્વ-તત્ત્વને સમજીને લોકભારતીના ભાવાવરણમાં ઓતપ્રોત થઇ જાય તેવી રીતે વિદ્યાર્થીઓને અભિમુખ કરવામાં આવ્યા.
- તા.૦૪-૦૮-૨૦૧૯ના રોજ સાંજના પ્રાર્થના પછી યુવરાજભાઈ જાદુગરનો કાર્યક્રમ રાખવામાં આવ્યો, તેમને પોતાની હાથ ચાલાકી તથા જાદુ એ માત્ર હાથની ઝડપ છે તેવું સમજાવતા વિદ્યાર્થીઓમાં રહેલી જાદુની અંધ

શ્રદ્ધા ને દૂર કરી હતી તેમ જ વિદ્યાર્થીઓ સહીત સમગ્ર પરિવારે આ કાર્યક્રમ નિહાળ્યો.

- તા.૧૧-૦૮-૨૦૧૯ રવિવારના રોજ વિદ્યાર્થીઓએ પ્રકૃતિની નજીક જઈ પ્રકૃતિના તત્વોની માહિતી મેળવે તે હેતુસર પ્રકૃતિ દર્શન(ખજાનાની શોધ)નો કાર્યક્રમ યોજાયો.
- તા.૨૭-૦૮-૨૦૧૯ના રોજ ત્રીજા વર્ષના મુખ્ય વિષય સજીવખેતી અને ક્ષેત્રવિદ્યાના વિદ્યાર્થીઓ માંડલ ફાર્મ, શેરડીવદર તેમ જ માઈધાર સંસ્થાની મુલાકાત લીધી. તેઓ સાથે સંયોજક શ્રી વીરાભાઈ ચાવડા જોડાયા.
- તા.૩૧-૦૮-૨૦૧૯ના રોજ લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય, સણોસરાના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ સમક્ષ શ્રી પ્રવીણભાઈ ઠક્કર દ્વારા 'બેંક' વિશે વ્યક્તવ્ય આપ્યું. આ કાર્યક્રમ શ્રી મુકુંદભાઈ શ્રીમાળી દ્વારા આયોજિત કરવામાં આવ્યો.
- તા.૦૬-૦૯-૨૦૧૯થી તા.૨૦-૦૯-૨૦૧૯ સુધી ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓનો ગુજરાતના શૈક્ષણિક સંકુલો અને એન.જી.ઓ.માં શિક્ષણ નિવાસમાં જઈ આવ્યા, જેમાં સૌ વિદ્યાર્થીઓ એન.જી.ઓ.માં જઈ પ્રત્યક્ષ કામગીરી કરીને કાર્યાનુભવ મેળવ્યો તેમ જ કૃષિ વિષયના વિદ્યાર્થીઓ શૈક્ષણિક સંસ્થાઓમાં જઈને પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય કરીને શિક્ષણના અનુભવો મેળવ્યા.
- ૦૧-૧૦-૨૦૧૯ના રોજ ગાંધીજીવન યાત્રાના કાર્યક્રમની પૂર્વતૈયારીના ભાગરૂપે બી.આર.એસ.ના વિદ્યાર્થીઓનો અભિમુખતા કાર્યક્રમ ગોઠવાયો.
- તા.૧૭-૧૦-૨૦૧૯ના શ્રી પ્રવીણભાઈ ઠક્કરે ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓને વક્તવ્ય આપ્યું.

- **શૈક્ષણિક**

૧. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનો વંચિત વિસ્તાર શિબિર તા.૦૧-૦૩-૧૯થી ૦૮-૦૩-૧૯ સુધી નેત્રંગ તાલુકાના થવા મુકામે યોજાઈ ગયો.

૨. પશુપાલનના વિદ્યાર્થીઓનો ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા પ્રગતિશીલ ગોપાલકો સાથેનો સંવાદ ગોઠવાયો.

૩. 'મોહેં-જો-ડેરો' ફિલ્મ દર્શન/પરીક્ષાના ભાગરૂપે દર્શાવાયું અને તેના પર વિદ્યાર્થીઓએ ટર્મપેપર તૈયાર કર્યું.

૪. તૃતીય વર્ષના વિદ્યાર્થીઓનો ગ્રામશિબિર તા.૧૨-૦૩-૧૯થી ૧૮-૦૩૧૯ સુધી ઉમરાળા તાલુકાના ગોલરામા મુકામે યોજાઈ ગયો.

૫. મુખ્યવિષય પશુપાલનના એસ.વાય. અને એમ.આર.એસ.ના વિદ્યાર્થીઓએ એફ.એન.ડી.નું વેક્સીનેશન કર્યું.

૬. મુખ્યવિષય પશુપાલનના એસ.વાય. અને એમ.આર.એસ.ના વિદ્યાર્થીઓએ ગાયનું પોસ્ટમોટર્મ જોયું અને પશુ શરીર રચના પ્રત્યક્ષ સમજયા. પશુપાલન અને ડેરી વિભાગ દ્વારા વિદ્યાર્થીઓના પ્રક્ટિકલ નિદર્શન માટે જીંજવાનુ વાવેતર કરવામાં આવ્યું.

- **વૈધાનિક મંડળોની બેઠક**

| વૈધાનિક મંડળ | મિટિંગ તારીખ |
|---|---|
| ફાઇનાન્સ કમિટિ | ૨૯-૦૫-૨૦૧૯ |
| ગવર્નિંગ બોડી | ૧૨-૦૮-૨૦૧૯ |
| બોર્ડ ઓફ સ્ટડીઝ | ૨૦-૧૧-૨૦૧૯ |

**ઉત્સવોની ઉજવણી અને વિશેષ પ્રવૃત્તિઓ-**

- લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ દ્વારા યોજાતા નીચેના જેવા સમૂહના કાર્યક્રમોમાં ભાગીદારી કરી.
  રક્ષાબંધન, ૧૫મી ઓગસ્ટ, આનંદ બજાર, ૨જી ઓક્ટોબર, ગ્રામ જીવન યાત્રા, વાર્ષિકોત્સવ, વિવિધ વ્યાખ્યાનમાળાઓ, સમૂહ ભોજન, રમતોત્સવ, સાહસ દોડ.
- તા.૦૩-૦૯-૨૦૧૯ના રોજ કૃષ્ણ જન્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું, આ કાર્યક્રમમાં આપણી સંસ્કૃતિ અને ધર્મનો સમન્વય કરીને કૃષ્ણ એટલે શું ? કૃષ્ણ કોણ હતા ? વગેરે મુદ્દા પર વિદ્યાર્થીઓએ સ્વાધ્યાય રજૂ કર્યો. તેમ જ કેટલાક અધ્યાપકોએ પ્રાસંગિક વાતો કરી હતી.

- **એન.એસ.એસ.**

| ક્રમ | કેમ્પ/કાર્યક્રમનું નામ | તારીખ | ભાગ લીધેલ વિદ્યાર્થી |
|---|---|---|---|
| ૧ | લોકસેવા મહાવિદ્યાલય વિદ્યાર્થીઓ દ્વારા મુખ્ય દરવાજા પાસે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. | ૦૫-૦૮-૧૯ | લોકસેવા મહાવિદ્યાલય બીજુ વર્ષ |
| ૨ | પ્રકૃતિ દર્શનનો કાર્યક્રમ | ૧૧-૦૮-૧૯ | સમગ્ર લોકસેવા અને પરિવાર |

- **વર્ષ દરમિયાન થયેલ કેન્દ્ર નિવાસઃ-**

- તા.૦૬-૦૯-૨૦૧૯થી તા.૨૦-૦૯-૨૦૧૯ સુધી ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓનો ગુજરાતના શૈક્ષણિક સંકુલો અને સ્વૈચ્છિક સંસ્થાઓ એન.જી.ઓ.માં શિક્ષણ નિવાસ અને એન.જી.ઓ. કેન્દ્રનિવાસમાં જઈ આવ્યા, જેમાં સૌ વિદ્યાર્થીઓ જઈ પ્રત્યક્ષ કામગીરી કરીને કાર્યાનુભવ મેળવ્યો તેમ જ કૃષિ વિષયના વિદ્યાર્થીઓ શૈક્ષણિક સંસ્થાઓમાં જઈને પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય કરીને શિક્ષણના અનુભવો મેળવ્યા.

- **વર્ષ દરમ્યાન થયેલા શૈક્ષણિક પ્રવાસો :**

| ક્રમ | ડિપાર્ટમેન્ટ/વર્ષ | સ્થળ | વિશેષ |
|---|---|---|---|
| ૧ | એસ.વાય.બી.આર.એસ. (ખાસ વિષય પ્રવાસો) | પ્રાકૃતિક, સર્જક સંદર્ભ, ઐતિહાસિક, સાંસ્કૃતિક, બાગાયત, કૃષિ વગેરે શૈક્ષણિક અનુબંધિત સ્થળો | વિદ્યાર્થીઓ વિષય અંતર્ગત પ્રત્યક્ષ માહિતીમાં ગહનતા મેળવી |
| ૨ | દ્વિતીય વર્ષ | દક્ષિણ ભારતનો પ્રવાસ | |

- **અધ્યાપકો દ્વારા બહારના સેમિનાર/વર્કશોપમાં ભાગીદારી-**

| કાર્યકરશ્રીનું નામ | વિષય | સેમિનાર/વર્કશોપ | સમયગાળો |
|---|---|---|---|
| શ્રી વિશાલભાઈ જોશી | અંગ્રેજી શિક્ષણ | રાજસ્થળી | ૨૧ - ૨૦૧૯ |
| શ્રી પુંજાભાઈ મકવાણા<br>શ્રી અલ્કેશભાઈ ચૌહાણ<br>શ્રી કુમારભાઈ પુરોહિત<br>શ્રી પુજાબેન પુરોહિત<br>શ્રી દીપ્તિબેન વાઘેલા | લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ આયોજિત અને ઓપિનિયન દ્વારા પુરુસ્કૃત (દર્શક વ્યાખ્યાનમાળા) સોક્રેટીસ નવલકથા ઉપર લોકશાહી અને વર્તમાન સમય | મૈત્રી વિદ્યાલય, સુરેન્દ્રનગર | ૧૫-૧૦-૨૦૧૯ |
| શ્રી વીરાભાઈ બી ચાવડા<br>શ્રી યોગેશભાઈ ત્રિવેદી<br>શ્રી વીરાભાઈ ચૌહાણ | સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતી શિબિર | અમદાવાદ | ૮-૧-૨૦૧૯થી<br>૧૩૬-૧-૨૦૧૯ |
| શ્રી વીરાભાઈ ચાવડા | ફાર્મ મુલાકાત – એસ. વાય. બી.આર.એસ.(ખાસ વિષય –સજીવખેતી) બાલવાડી શિબિર | કામધેનું ઓર્ગેનિક ફાર્મ - ગલીયાવાડા | ૨૪-૯-૨૦૧૯ |
| શ્રી પુંજાભાઈ મકવાણા | (એફ.વાય.બી.આર.એસ.) | અધ્યાપન મંદિર | ૬-૧૨-૨૦૧૯થી<br>૧૧-૧૨-૨૦૧૯ |

- **ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના ડેટાબેજ તૈયાર કરવો.**

છેલ્લા પાંચ વર્ષ દરમિયાન અભ્યાસ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓના ડેટા તૈયાર કરવામાં આવે છે અને જ્યાં કંપનીમાં જ્યાં વિદ્યાર્થીઓની માંગ હોઈ ત્યાં મોકવામાં આવે છે અને ફોનથી જાણ પણ કરવામાં આવે છે.

- **નોકરી માટે વિદ્યાર્થીઓની માંગઃ-**

| ક્રમ | કંપની નામ | વિદ્યાર્થીની માંગ |
|---|---|---|
| ૧ | મોન્સેન્ટો -અમદાવાદ | ૦૨ |
| ૨ | રાધનપુર પાંજરાપોળ | ૦૩ |
| ૩ | નર્મદા નિગમ ફાર્મ -ચાણોદ | ૦૪ |
| ૪ | બોમ્બે પાંજરાપોળ | ૦૨ |
| ૫ | ખાદી ભંડાર માંડવી | ૦૧ |
| ૬ | અન્ય | ૨૫ |

- લેખ પ્રકાશનઃ-

| નામ | વિષય | સામયિક | તારીખ |
|---|---|---|---|
| શ્રી પુંજાભાઈ મકવાણા | કર્મઠ સેવક | કોડિયું | એપ્રિલ-૨૦૧૯ |
| ડૉ. યોગેશભાઈ ત્રિવેદી | ભારતીય લોકશાહીનો વિજય | ફૂલછાબ | ૦૨/૦૬/૨૦૧૯ |
| ડૉ. યોગેશભાઈ ત્રિવેદી | લતાજીનો દુષ્પ્રચાર | ફૂલછાબ | ૨૮/૦૭/૨૦૧૯ |
| ડૉ. યોગેશભાઈ ત્રિવેદી | ભારત રત્ન : વીર સાવરકર | ફૂલછાબ | ૨૭/૧૦/૨૦૧૯ |
| ડૉ. યોગેશભાઈ ત્રિવેદી | વિકાસની રાજનીતિ કે વિનાશની | ફૂલછાબ | ૩૦/૧૨/૨૦૧૯ |

## -: ગ્રામવિદ્યા અનુસ્નાતક કેન્દ્ર :-

● **વિદ્યાર્થીઓની માહિતી (વર્ષ ૨૦૧૯ - ૨૦ )**

| વર્ષ | ભાઈઓ | બહેનો | કુલ |
|---|---|---|---|
| M.R.S 1 | ૦૬ | ૦૨ | ૦૮ |
| M.R.S 2 | ૧૪ | ૦૨ | ૧૬ |

● **મહાનકૃતિઃ-**

| ક્રમ | તારીખ | પુસ્તકનુંનામ | વિદ્યાર્થી રજૂઆત | સંયોજક | વ્યાખ્યાતા |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૩/૧૦/૧૮ | તત્વમસિ | ભેડા અજયભાઈ<br>કેરાસિયા મિલનભાઈ | શ્રી દિગંતભાઈ મેહતા | શ્રી મહેન્દ્રસિંહજી પરમાર |
| ૨ | | ત્યારે કરીશું શું ? | કિશોર હીરાણી | શ્રી દીપ્તિબેન વાઘેલા | શ્રી ભરતભાઈ ભટ્ટ |
| ૩ | ૨૯-૦૯-૧૯ | સ્વદેશી સમાજ | કોકણી મહિમા | શ્રી પુજાબેન પુરોહિત | શ્રી બીનાબેન ત્રિવેદી |
| ૪ | ૨૯-૧૧-૧૯ | વિદાય વેળાએ | જતીન ચૌધરી સખિયા મયુર | શ્રી દીપ્તિબેન વાઘેલા | શ્રી મહેન્દ્રભાઈ ચોટલિયા |

● **મુલાકાતી વ્યાખ્યાતાઓની યાદી -૨૦૧૯-૨૦**

| ક્રમ | વ્યાખ્યાતાનું નામ | વિષય | પ્રથમ વર્ષ | બીજું વર્ષ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી વિશાલભાઈ ભાદાણી | Speaking English & ICT | ૦૮ | ૧૬ |
| ૨ | શ્રી પ્રવીણભાઈ ઠક્કર | ગ્રામ ઉદ્યોગીકરણ | ૦૮ | ૧૬ |
| ૩ | શ્રી ખીમજીભાઈ ચન્દ્રાવાડિયા | સજીવ ખેતી | ૦૮ | ૧૬ |
| ૪ | શ્રી કલ્યાણભાઈ ડાંગર | સ્વૈચ્છિક સંસ્થાઓ | ૦૮ | ૧૬ |
| ૫ | શ્રી પ્રવીણભાઈ ઠક્કર | ભારતનું અર્થતંત્ર | ૦૮ | ૧૬ |
| ૬ | શ્રી જયંતભાઈ મધાડ | સી.એસ.આર. | ૦૮ | ૧૬ |

● **પ્રાંગણ બહારના કાર્યક્રમો**

| ક્રમ | કાર્યક્રમ | તારીખો | સ્થળ | પ્રવૃત્તિ | સંયોજક |
|---|---|---|---|---|---|
| ૧ | "ગાંધી ૧૫૦ પદયાત્રા" | ૧૬-૦૧-૧૯થી<br>૨૨-૦૧-૧૯ | મણારથી<br>લોકભારતી | ગાંધીજીના અગિયાર વ્રતો પરના વ્યાખ્યાનો અને ગ્રામ સભાઓ | શ્રી દિગંતભાઈ અને<br>શ્રી રણજિતભાઈ |
| ૨ | શૈક્ષણિક પ્રવાસ | ૩૦-૦૪-૧૯થી<br>૦૨-૦૫-૧૯ | ભાવનગર,<br>રાજુલા, મહુવા | સ્વૈચ્છિક સંસ્થાઓ, CSR પ્રવૃતિઓ નિહાળવી | શ્રી રણજિતભાઈ |
| ૩ | વિષય પ્રવાસ | ૨૭-૦૭-૧૯ | જેસર | પ્રાકૃતિક ફાર્મની મુલાકાત | શ્રી વીરાભાઈ ચાવડા |
| ૪ | કૃષિ યુનિવર્સીટી મુલાકાત | ૦૫-૧૦-૧૯થી<br>૧૩-૧૦-૧૯ | જુનાગઢ | યુનિવર્સિટીના વિવિધ વિભાગોની મુલાકાત | શ્રી શ્રીધરભાઈ<br>શ્રી રણજિતભાઈ |
| ૫ | વ્યક્તિત્વ વિકાસ શિબિર | ૦૧-૧૨-૧૯થી<br>૦૭-૧૨-૧૯ | આંબલા | વ્યક્તિત્વ વિકાસ | શ્રી દીપ્તિબેન અને<br>શ્રી પૂજાબેન |
| ૬ | વિષય પ્રવાસ | ૦૬-૧૨-૧૯ થી<br>૦૭-૧૨-૧૯ | અમદાવાદ | CSR Conclave 2019 | શ્રી રણજિતભાઈ |

- **ફિલ્ડ વર્ક :**

એમ.આર.એસ. વિદ્યાર્થીનું દર શુક્રવારે આજુબાજુના ગામોમાં ફિલ્ડવર્ક ગોઠવાય છે. જેમાં ગ્રામ્ય જીવનમાં સ્પર્શતા વિવિધ પાસાઓનો અભ્યાસ કરવામાં આવે છે. અને વિદ્યાર્થીઓ પાસે સર્વે કામ કરવામાં આવે છે. જેમાં માનવ વિકાસને મહત્વ આપવામાં આવેલ તથા વિવિધ યોજનાઓની માહિતી પહોચાડવાનું કામ કરવામાં આવે છે.

**ફિલ્ડવર્કમાં સોપવામાં આવેલા મુદ્દાઓ**

| ક્રમ | સોપવામાં આવેલ મુદ્દાઓ | તારીખ |
|---|---|---|
| ૧ | ગામની મુલાકાત | ૧૬/૦૯/૧૯ |
| ૨ | ગામના પાંચ ખેડૂતોની મુલાકાત | ૨૩/૦૯/૧૯ |
| ૩ | સ્વૈચ્છિક સંસ્થાઓની મુલાકાત | ૦૬/૧૦/૧૯ |
| ૪ | વિલેજ પ્રોફાઈલ- ક્ષેત્ર, કૃષિ અને પશુપાલન અને યોજનાઓ | ૧૧/૧૦/૧૯ |
| ૫ | ગ્રામીણ સમસ્યાઓનો અભ્યાસ | ૧૮/૧૦/૧૯ |
| ૬ | ગ્રામીણ ઉદ્યોગની સાફલ્ય ગાથા | ૧૩/૧૨/૧૯ |

**-: સ્નાતક નઈ તાલીમ મહાવિદ્યાલયઃ-**

- સ્ટાફ માહિતી

| ક્રમ | શૈક્ષણિક કાર્યકરો | બિનશૈક્ષણિક કાર્યકરો | કુલ |
|---|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ | ૦૫ |

- પ્રશિક્ષણાર્થીઓની સંખ્યા

| ક્રમ | પ્રથમ વર્ષ | | દ્વિતીય વર્ષ | | કુલ પ્રશિક્ષણાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| | ભાઇઓ | બહેનો | ભાઇઓ | બહેનો | |
| ૧ | - | - | ૦૩ | ૧૮ | ૨૧ |

- વર્ષ દરમિયાન યોજાયેલ વ્યાખ્યાનો/ સેમિનાર/વર્કશોપ/શૈક્ષણિક કાર્યક્રમો.
- તા.૦૫/૦૧/૨૦૧૯નાં રોજ દ્વિતીય વર્ષના બહેનો ‘સ્ત્રી સશક્તિકરણ’ સેમિનાર લોકભારતીમાં ભાગીદારી કરી. જેમાં ખાંટ હેતલબેન અને લીંબાણી માનસીબેને સ્ત્રી સશક્તિકરણ વિશે પોતાના વિચારો રજુ કર્યા.
- તા.૧-૨ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ યોજાયેલ ‘નઈ તાલીમ અધિવેશન’ ગ્રામભારતી અમરાપુરમાં શ્રી ધીરુભાઈ રાઠોડ જોડાયા.
- તા.૧૦/૦૨/૨૦૧૯ના દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થીઓને ‘સ્વની ઓળખ’ માટેનું મનનીય વ્યાખ્યાન ડૉ. મનહરભાઈ ઠાકરે આપ્યું.
- તા.૧૯/૦૧/૨૦૧૯ના રોજ દ્વિતીય વર્ષનાં પ્રશિક્ષણાર્થીઓ શૈશવ સંસ્થાના વાર્ષિકોત્સવ કાર્યક્રમના સંદર્ભે શૈશવ સંસ્થામાંથી ફાલ્ગુનભાઈ અને પારુલબેનના અધ્યક્ષસ્થાને અભિમુખતા કાર્યક્રમ યોજવામાં આવ્યો.

- તા.૨૦/૦૧/૨૦૧૯ના રોજ શૈશવ સંસ્થાના વાર્ષિકોત્સવમાં શ્રી શામળદાસ આટર્સ કોલેજ, ભાવનગર મુકામે યોજાયો જેમાં દ્વિતીય વર્ષનાં પ્રશિક્ષણાર્થીઓ દિવસ દરમ્યાન ગાંધીમૂલ્યોની સમજ આપી.
- તા.૦૧/૦૨/૨૦૧૯ના દરમિયાન દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થીઓ પ્રજ્ઞા પ્રોજેક્ટના મૂલ્યાંકન સંદર્ભે પોરબંદર, બનાસકાઠાં, ડાંગ અને નર્મદા જિલ્લાની વિવિધ પ્રાથમિક શાળામાં ગયા.
- તા.૦૯/૦૩/૨૦૧૯ના રોજ દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થીઓ એમ.કે.બી.યુનિવર્સિટી આયોજિત ઉદ્યોગ વાર્ષિક પરીક્ષા ડૉ. મનહરભાઈ ઠાકર અને શ્રી ડાહ્યાભાઈ સેંધવના નિરીક્ષણ હેઠળ યોજવામાં આવી.
- તા.૨૬/૦૩/૨૦૧૯થી તા.૦૧/૦૪/૨૦૧૯ દરમિયાન દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થીઓની સેમે-૪ની એમ.કે.બી.યુનિવર્સિટી આયોજિત પરીક્ષા યોજવામાં આવી.
- તા.૦૨/૦૪/૨૦૧૯ના રોજ દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થીઓનો દીક્ષાંત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી રામચંદ્રભાઇ પંચોળી, શ્રી હસમુખભાઈ દેવમુરારિ તથા દરેક વિભાગના વિભાગીય વડાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન સવારે સમૂહ ફોટો ફંકશન આયોજન કરેલ.
- પ્રાયોગિક પાઠઃ- તા.૦૪ અને ૦૮/૦૧/૨૦૧૯નાં રોજ દ્વિતીય વર્ષનાં પ્રશિક્ષણાર્થીઓના ચર્ચાપાઠ શ્રી નવજીવન માધ્ય. હાઈસ્કૂલ લીંમડામાં યોજવામાં આવ્યાં હતાં, તેમ જ પાઠ પૂર્ણ થયે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.
- તા.૧૧ અને ૧૩/૦૧/૨૦૧૯ દરમ્યાન દ્વિતીય વર્ષનાં પ્રશિક્ષણાર્થીઓ અધ્યાપન મંદિરમાં જુદી જુદી શૈક્ષણિક પદ્ધતિઓ વડે પાઠ આયોજન દ્વારા અધ્યાપન કાર્ય કરવામાં આવ્યું.
- તા.૨૬/૦૨/૨૦૧૯ના રોજ દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થીઓના વાર્ષિક સાદાપાઠ શ્રી નવજીવન હાઈસ્કૂલ લીમડામાં ગોઠવાયાં.
- તા.૨૮/૦૨/૨૦૧૯ના રોજ દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થીઓના વાર્ષિક પ્રવૃત્તિ પાઠ શ્રી કન્યાશાળા સણોસરામાં ગોઠવાયાં.
- શૈક્ષણિક પ્રવાસ :- તા.૧૨/૦૧/૨૦૧૯ના રોજ દ્વિતીય વર્ષનાં પ્રશિક્ષણાર્થીઓ તથા સમગ્ર કાર્યકર એક દિવસીય પ્રવાસ અંતર્ગત કાળિયાર અભ્યારણ્ય, વેળાવદર તથા ગંગાસતી પાનબાઈની જગ્યા સમઢિયાળા મુકામે જઇ પ્રકૃતિ અને ધર્મનો અનુબંધ સાધ્યો હતો.

**-: પંચાયતી રાજ તાલીમ કેન્દ્રઃ-**

- કાર્યકરોની વિગતો

| શૈક્ષણિક કાર્યકરો | બિનશૈક્ષણિક કાર્યકરો | કુલ |
|---|---|---|
| ૦૩ | ૦૨ | ૦૫ |

- આ અહેવાલના સમયગાળા દરમ્યાન નીચે મુજબના ઓપવર્ગો ચલાવવામાં આવેલ.

| ક્રમ | સમયગાળો | ભાવ નગર | સુરેન્દ્ર નગર | અમ રેલી | રાજ કોટ | બોટાદ | મોરબી | દે. દ્વારકા | જામ નગર | ભાઈઓ | બહેનો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૮/૦૬/૧૯થી ૧૧/૦૭/૧૯ | ૦૫ | ૦૩ | ૦૫ | ૦૩ | ૦૨ | ૦૫ | ૦૫ | — | ૨૮ | - |
| ૨ | ૧૭/૦૭/૧૯થી ૩૦/૦૭/૧૯ | ૦૨ | ૦૫ | ૦૫ | ૦૩ | —- | ૦૫ | ૦૫ | ૦૫ | ૩૦ | - |
| ૩ | ૦૯/૧૦/૧૯થી ૨૨/૧૦/૧૯ | ૦૭ | ૦૬ | ૦૬ | ૦૫ | ૦૭ | ૦૭ | — | — | ૩૮ | - |
| ૪ | ૧૩/૧૧/૧૯થી ૨૬/૧૧/૧૯ | ૦૫ | ૦૧ | ૦૬ | ૦૩ | ૦૭ | ૦૭ | — | — | ૨૯ | - |
| ૫ | ૧૭/૧૨/૧૯થી ૦૪/૧૨/૧૯ | ૦૫ | ૦૫ | ૦૬ | ૦૪ | ૦૬ | ૦૭ | — | — | — | ૩૩ |
| | | ૨૪ | ૨૦ | ૨૮ | ૧૮ | ૨૨ | ૩૧ | ૧૦ | ૦૫ | ૧૨૫ | ૩૩ |

આમ આઠ જિલ્લાના તાલીમાર્થીઓ માટે વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરના આદેશ અનુસાર આ સમયગાળા દરમ્યાન પાંચ ઓપ વર્ગો ચલાવવામાં આવ્યા, જેમાં બહેનો –૩૩ તથા ભાઈઓ – ૧૨૫, તેમ કુલ મળી ૧૫૮ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી.

- સંસ્થાગત મહાનુભવો તથા વિભાગીયવડા– કાર્યકરો

| | |
|---|---|
| (૧) શ્રી અરુણભાઈ દવે | મેનેજીંગ ટ્રસ્ટ્રીશ્રી, લોકભારતી, સણોસરા |
| (૨) શ્રી રામચંદ્રભાઈ પંચોળી | ટ્રસ્ટ્રીશ્રી, લોકભારતી, સણોસરા |
| (૩) શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ | ટ્રસ્ટીશ્રી, લોકભારતી, સણોસરા |
| (૪) શ્રી હસમુખભાઈ દેવમુરારિ | નિયામકશ્રી, લોકભારતી, સણોસરા |
| (૫) શ્રી કાંતિભાઇ ગોઠી | નિયામકશ્રી, લો.સે.મહાવિદ્યાલય, લોકભારતી, સણોસરા |
| (૬) શ્રી ભાવનાબેન પાઠક | આચાર્યાશ્રી, અધ્યાપન મંદિર, લોકભારતી, સણોસરા |
| (૭) શ્રી નિગમભાઈ શુકલ | વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, લોકભારતી, સણોસરા |
| (૮) શ્રી જગદીશભાઈ ગોસાઈ | અધ્યાપકશ્રી, અધ્યાપન મંદિર, લોકભારતી, સણોસરા |
| (૯) શ્રી અર્ચનાબેન દવે | લોક વિજ્ઞાન કેન્દ્ર, લોકભારતી, સણોસરા |
| (૧૦) શ્રી વિક્રમભાઈ દેસાઈ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, લોકભારતી, સણોસરા |
| (૧૧) શ્રી પ્રદીપભાઈ ક્યાડા | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, લોકભારતી, સણોસરા |
| (૧૨) શ્રી પરેશભાઇ રાઠોડ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, લોકભારતી, સણોસરા |
| (૧૩) શ્રી વિનીતભાઇ સવાણી | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, લોકભારતી, સણોસરા |
| (૧૪) શ્રી શ્રીધરભાઈ ગજ્જર | અધ્યાપકશ્રી, લો.સે.મહાવિદ્યાલય, લોકભારતી, સણોસરા |

| | |
|---|---|
| (૧૫) શ્રી અશ્વિનીકુમાર | કૃષિ સંશોધન વિભાગ, લોકભારતી, સણોસરા |
| (૧૬) શ્રી દિગંતભાઈ મહેતા | અનુસ્નાતક કેન્દ્ર, લોકસેવામહાવિદ્યલય, લોકભારતી, સણોસરા |

- સરકારી અધિકારીઓ તથા કર્મચારીઓ

| | |
|---|---|
| (૧) શ્રી વરુણકુમારજી | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ભાવનગર |
| (૨) શ્રી દીપકભાઈ ત્રિવેદી | નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ, ભાવનગર |
| (૩) શ્રી આર.જે. ઘાંઘલ્યા | લોકલ ફંડ કચેરી, ભાવનગર |
| (૪) શ્રી અશોકભાઈ પંચાલ | સર્કલ ઇન્સપેકટર વલ્લભીપુર |
| (૫) શ્રી એન.કે.વૈષ્ણવ | નિવૃત તાલુકા વિકાસ અધિકારીશ્રી |
| (૬) શ્રી સુરેશભાઈ ભટ્ટ | નિવૃત સર્કલ ઇન્સપેક્ટરશ્રી, વલ્લભીપુર |
| (૭) શ્રી બટુકસિંહજી ગોહિલ | નિવૃત ગ્રામસેવકશ્રી, ભાવનગર |
| (૮) શ્રી ડો.કે.ટી. ડુંગરાણી | નિવૃત મેડિકલ ઓફિસરશ્રી, સણોસરા |
| (૯) શ્રી દિલીપભાઈ મહેતા | તલાટી-કમ-મંત્રીશ્રી, સિહોર |
| (૧૦) શ્રી હેતલબહેન માવાણી | મેડિકલ ઓફિસરશ્રી, સણોસરા |
| (૧૧) શ્રી યાકુબભાઈ કોઠારિયા | નિવૃત તલાટી-કમ-મંત્રીશ્રી(રાષ્ટ્રીય પ્રવક્તા) |
| (૧૨) શ્રી રત્નાભાઈ મકવાણા | કલાર્કશ્રી, પોસ્ટ ઓફિસ, સણોસરા |
| (૧૩) શ્રી ખેંગારસિંહજી | નિવૃત સર્કલ ઈન્સપેક્ટરશ્રી |
| (૧૪) શ્રી અનીલભાઈ રાઠોડ | આર.ડી.એ., ભાવનગર |
| (૧૫) શ્રી કીર્તિભાઈ ગોસાઈ | ડી.આર.ડી.એ., ભાવનગર |
| (૧૬) શ્રી પાર્થભાઈ | આર્કિટેકશ્રી, રાજકોટ |
| (૧૭) શ્રી બ્રિન્દાબહેન | આર્કિટેકશ્રી, રાજકોટ |
| (૧૮) શ્રી વાસુદેવભાઈ સોઢા | નિવૃત અધ્યાપકશ્રી |
| (૧૯) શ્રી કૃષ્ણલાલ દવે | કવિશ્રી બાળ કાવ્ય રચનાકાર |
| (૨૦) શ્રી કિરણબેન | સિવિલ એંજિનિયરશ્રી, તાલુકા પંચાયત, સિહોર |
| (૨૧) શ્રી ડિમ્પલબેન તેરૈયા | ડી.પી.ઓ. ડીઝાસ્ટર મેનેજમેન્ટ, કલેક્ટર કચેરી, ભાવનગર |
| (૨૨) શ્રી રાજપરા સાહેબ | નાયબ જિલ્લા વિકાસઅધિકારીશ્રી |
| (૨૩) શ્રી સાંબડ જીજ્ઞાબહેન | ગ્રામસેવકશ્રી, સિહોર |
| (૨૪) શ્રી કૃણાલભાઈ | હિસાબી શાખા, જિલ્લા પંચાયત, ભાવનગર |
| (૨૫) શ્રી ધરતીબેનભટ્ટ | રેવન્યુતલાટીશ્રી, ભાવનગર |
| (૨૬) શ્રી ડી. પી. રાવળ | ડી.આઈ.એલ.આર., ભાવનગર |
| (૨૭) શ્રી હેમાબહેન | સુપર વાઈઝરશ્રી, આઈ. સી.ડી.એસ. |
| (૨૮) શ્રી મુકેશભાઈ પંડિત | પૂર્વસરપંચશ્રી, ઈશ્વરિયા |
| (૨૯) શ્રી ખેંગારસિંહભાઈ | નિવૃત સર્કલ ઇન્સ્પેકટરશ્રી |

## -: કૃષિ વિજ્ઞાન કેન્દ્ર :-

- **વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક :** કૃષિ વિજ્ઞાન કેન્દ્રની ખેતી વિષયક વિસ્તરણ પ્રવૃતિઓ હાથ ધરવા માટે જીલ્લામાં પ્રવર્તમાન ખેતી વિષયક પ્રશ્નો ઉપર વૈજ્ઞાનિક માર્ગદર્શન તથા પ્રવૃતિઓના આયોજન માટે તા. ૧૮-૩-૨૦૧૯ના રોજ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. અરુણભાઈ દવેના અધ્યક્ષસ્થાને વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઈ. આ બેઠકમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના વિસ્તરણ શિક્ષણ સહનિયામકશ્રી ડૉ. એચ. સી. છોડવડીયા, ભાવનગર જીલ્લાના અગ્રગણ્ય કૃષિવૈજ્ઞાનિકો, જિલ્લા પંચાયતના ખેતીવાડી, પશુપાલન, જિલ્લા જળ સ્ત્રાવ વિકાસ એકમના વિસ્તરણ કાર્યકરો, જિલ્લાના અગ્રણી પ્રગતિશીલ ખેડૂતો તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો વગેરે મળીને કુલ ૨૮ સભ્યોએ ભાગ લઈ બેઠકને સફળ બનાવી.
- **અગ્રહરોળ નિર્દશન :** કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા અગ્રહરોળ નિર્દશન માટે વિવિધ ગામોમાં કુલ ૮૦ હેકટરમાં ૨૧૦ લાભાર્થી ખેડૂતોને ચણા, રીંગણ, તલ, સોયાબીન, પશુઆહાર, જૈવિક નિયંત્રકો, ઓટોમેટીક વાવણિયો, ચાફ કટર વગેરે ભલામણ થયેલ વસ્તુઓનું નિદર્શન આપવામાં આવ્યું.
- **ખેત અખતરાઃ** કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સંશોધનના ભાગરૂપે ઘઉંના પાકમાં પિયત વ્યવસ્થાપન, ડુંગળીની નવી જથોનું પરીક્ષણ, પશુઓમાં સ્વાસ્થ જાળવણી માટે આહાર નિયમન માટે અલગ-અલગ ખેત અખતરા ગોઠવવામાં આવ્યા.
- **તાલીમ કાર્યક્રમઃ** કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વર્ષ દરમ્યાન ૪૩ જેટલા ગામોના કુલ ૨૭૩૩ ખેડૂતો, ખેત મહિલાઓ, વિસ્તરણ કાર્યકર્તાઓ વગેરેની વિવિધ વિષયો પર કેમ્પસ ઉપર તથા કેમ્પસ બહાર ૬૬ જેટલી તાલીમ ગોઠવવામાં આવી જે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

**તાલીમની સંખ્યા**

| તાલીમની સંખ્યા | તાલીમાર્થીની સંખ્યા | | કુલ | આવરી લીધેલ ગામો |
|---|---|---|---|---|
| | ભાઈઓ | બહેનો | | |
| ૬૬ | ૨૦૧૬ | ૭૧૭ | ૨૭૩૩ | ૪૩ |

- **ખેતપરીક્ષણ મુલાકાતઃ** કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા વર્ષ દરમ્યાન ખેત અખતરા અને નિદર્શનોની માહિતી મેળવવાર ૨૦ વખત તથા ખેતી અને પશુપાલનના વિવિધ પ્રશ્નોનાં નિરાકરણ માટે કુલ ૬૦ વખત વિવિધ ખેતરોની મુલાકાત લેવામાં આવી અને તે દરમિયાન કુલ ૨૪૮ ખેડુતોનો સંપર્ક કરવામાં આવ્યો.
- **વિવિધ વિષયો પર વ્યાખ્યાન :** જીલ્લાની વિવિધ સંસ્થાઓ જેવી કે આત્મા પ્રોજેક્ટ, કૃષિ મહોત્સવ, ખેતીવાડી ખાતુ, પશુપાલન ખાતુ, ફાર્મર ટ્રેનીંગ સેન્ટર, કોટન કનેક્ટ વગેરે દ્વારા ગોઠવાતા કાર્યક્રમોમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા વર્ષ દરમ્યાન વિવિધ વિષયો ઉપર કુલ ૬૧ વ્યાખ્યાનો યોજાયા.
- **તકનિકી બેઠકો :** ભાવનગર જિલ્લામાં આવેલ વિવિધ સરકારી, અર્ધસરકારી, એન.જી.ઓ. વગેરે સંસ્થાઓ દ્વારા ખેતીવાડીના વિસ્તરણ કાર્યક્રમના આયોજન માટે યોજેલ કુલ ૨૧ બેઠકોમાં ભાગ લઈ વિસ્તરણ કાર્યક્રમોના આયોજનમાં સાથ-સહકાર આપી તકનીકી જ્ઞાન પૂરું પાડવામાં આવ્યું.
- **કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે આવેલ મુલાકાતીઓઃ** વર્ષ દરમ્યાન ખેતીના વિવિધ વિષયો પર ચર્ચા કરવા તથા માર્ગદર્શન મેળવવા કુલ ૫૪૯ ખેડૂત ભાઈ-બહેનોએ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લીધી.

**અન્ય વિસ્તરણ પ્રવૃતિઓ :**

- સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત તા.૧૫-૦૯-૨૦૧૯થી તા. ૦૨-૧૦-૨૦૧૯ દરમિયાન વિવિધ ૬ ગામોમાં

અળસિયાનું ખાતર, છાણિયું ખાતર, અઝોલા વગેરે દ્વારા ખેત કચરાને ઉપયોગમાં લેવા માટે નિદર્શનો તેમ જ માહિતી પુરી પાડી. સાથે સાથે સ્વચ્છતા બાબતે જાગૃતિ ફેલાવવા રોજિંદા જીવનમાં ઉપયોગી માહિતી પુરી પાડી.

- તા.૧૬-૦૮-૨૦૧૯થી તા. ૨૨-૦૮-૨૦૧૯ દરમિયાન ગાજર ઘાસ(કોંગ્રેસગ્રાસ) જાગરૂકતા સપ્તાહ દરમિયાન સંપર્કના ગામોમાં ખેડૂતોને તેમ જ શ્રમમાં જોડાયેલ વિદ્યાર્થીઓને ગાજર ઘાસ નાબુદ કરવા બાબતે માહિતી આપી.
- વર્ષ દરમિયાન ખેતીમાં જૈવિક ઘટકોના ઉપયોગને પ્રોત્સાહન આપવાના હેતુથી કૃષિ વિજ્ઞાન કેન્દ્રની કચેરી ખાતેથી ૭૫૦૦ નંગ ગુલાબી ઈયળના ફેરોમોનટ્રેપનું ખેડૂતોને વિતરણ કરવામાં આવ્યું.
- તા.૧૬થી ૨૩ ડિસેમ્બર, ૨૦૧૯ દરમિયાન સ્વચ્છતા પખવાડીયા અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિવિધ ગામોમાં સ્વચ્છતા જાળવવાના હેતુથી ખેત કચરામાંથી ખાતર બનાવવા માટે તાલીમો યોજવામાં આવી. તેમ જ સંસ્થામાં જૈવિક કચરાનો ઉપયોગ કરીને ખાતર બનાવવા વ્યવસ્થા કરવામાં આવી.
- વર્ષ દરમિયાન જમીન ચકાસણી એકમ દ્વારા કુલ ૧૮૫ જમીનના નમૂનાની ચકાસણી કરી ખેડૂતોને સોઈલ હેલ્થકાર્ડ (જમીન આરોગ્ય પત્રક) આપવામાં આવ્યા.
- વર્ષ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોના ખેતરની મુલાકાતો (૯૯), અન્ય સંસ્થાઓ દ્વારા યોજાતા કાર્યક્રમોમાં માર્ગદર્શક વ્યાખ્યાન(૬૧), જિલ્લાના ખેડૂતો સાથે વિવિધ વિષયો પર ચર્ચા માટેની બેઠકો(૨૧), ટેલીફોન દ્વારા માર્ગદર્શન(૨૪૦૪), મોબાઈલ એસ.એમ.એસ. દ્વારા જાણકારી(૭૭૬૨૦ ખેડૂતો) જેવી વિવિધ વિસ્તરણ પ્રવૃત્તિઓ કરવામાં આવી.
- તદ્ઉપરાંત, કેન્દ્ર દ્વારા વર્ષ દરમિયાન પોષણ માસ અંતર્ગત માર્ગદર્શક પરિસંવાદ(૦૮-૦૮-૨૦૧૯), કે.વી.કે. સ્થાપના દિવસ(૦૩-૧૦-૨૦૧૯), વિશ્વ પર્યાવરણ દિવસ(૦૫-૦૬-૨૦૧૯) મહિલા કિસાન દિવસ(૧૦-૧૦-૨૦૧૯) ની ઉજવણી કરવામાં આવી.
- **કૃષિ વિજ્ઞાન કેન્દ્રના નિદર્શન એકમોઃ**
  ૧. નિદર્શન ફાર્મ મશીનરી એકમ
  ૨. ટપક સિંચાઈ પદ્ધતિ એકમ
  ૩. છતના વરસાદી પાણીના સંગ્રહનું એકમ
  ૪. અઝોલા ઉત્પાદન એકમ
  ૫. નાડેપ પદ્ધતિ દ્વારા સેન્દ્રિય ખાતર બનાવવાનું એકમ
  ૬. પ્લગ નર્સરી એકમ
  ૭. કૃષિ તકનીક પ્રદર્શન એકમ
  ૮. વર્મી કંમ્પોસ્ટ નિદર્શન એકમ
  ૯. પાક કૌતુકાલય
  ૧૦. જમીન ચકાસણી એકમ
- **કૃષિમેળો :** તા.૨૨મી જાન્યુઆરીના રોજ ગાંધી-૧૫૦ પદયાત્રાના સમાપન કાર્યક્રમ સાથે એક કૃષિમેળાનું આયોજન કરવામાં આવ્યું જેનું ઉદ્ઘાટન રાજયના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે કરવામાં આવ્યું.

-: નર્સરી :-

- **પ્લગ નર્સરી એકમ :**

વર્ષ દરમિયાન પ્લગ નર્સરી એકમ દ્વારા જિલ્લાના ખેડૂતોને ફળપાકો તેમજ શાકભાજીના ધરૂવાડિયા માટે નર્સરી શરૂ કરવા માટે માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું. તેમજ વિવિધ મુલાકાતી ખેડૂતોને નર્સરીની કાર્ય પદ્ધતિ સમજાવવામાં આવી. સંસ્થાના વિદ્યાર્થીઓને નર્સરી દ્વારા રોજગારીની માહિતી મળી શકે તે હેતુથી શ્રમ દરમિયાન વિવિધ વૈજ્ઞાનિક તકનીકો અંગે માર્ગદર્શન તેમજ ઉત્પાદક શ્રમ ગોઠવવામાં આવ્યો. પ્લગ નર્સરી દ્વારા વર્ષ દરમિયાન ઉત્પાદન તેમ જ વેચાણ કરવામાં આવેલ ઘટકોની માહિતી નીચે મુજબ છે.

- **રોપા વેચાણની વિગતઃ**

| ક્રમ | રોપાની વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧ | સરગવો | ૧૬૦૦૦ |
| ૨ | મરચી | ૧૦૦૦૦૦ |
| ૩ | ટામેટી | ૩૫૦૦૦ |
| ૪ | આંબા | ૨૬૦ |
| ૫ | લીંબુ | ૨૮૦ |
| ૬ | પપૈયા | ૨૦૦ |
| ૭ | ચીકુ | ૧૨૦ |
| ૮ | ગુલાબ | ૫૦ |
| ૯ | સીતાફળ | ૫૦ |
| ૧૦ | એરેકાપામ | ૨૫ |
| ૧૧ | નાળીયેરી | ૪૫ |
| ૧૨ | અન્ય | ૨૦૦ |
| | કુલ | ૧,૫૨,૨૩૦ |

-: લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્રઃ-

- **લોકવિજ્ઞાન કેન્દ્રમાં મૂકવામાં આવેલાં નિદર્શનોઃ-**

લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્રમાં વિવિધ પ્રકારના વિજ્ઞાન, પર્યાવરણ, સૌર ઉર્જા ને લગતા મોડેલો ગોઠવવામાં આવેલા છે. જેમ કે.. સામુહિક શીફલર કુકર, પવનચક્કી, ઉચ્ચાલનનો નિયમ, ઉષ્માશોષક કલરો, ગતિમાન પદાર્થ પર લાગતું બળ, પરિભ્રમણ અને પરિક્રમણ, વક્ર અરીસામાં પ્રતિબિંબ, સાઈકલપંપ, સુર્યકુકર, પેરાબોલિક સુર્યકુકર, સોલારડ્રાયર, સોલાર વોટરહીટર, સોલારસ્ટીલ, સોલારપેનલ, વર્મિકમ્પોસ્ટ, વર્મિવોશ, બાયોગેસ પ્લાન્ટ, ફિલ્ટર વોટર સ્ટોરેજ ટેંક, ગેસીફાયર, ઔષધબાગ, આધુનિક ઊર્જાયંત્ર વગેરે મોડેલો લોકવિજ્ઞાન કેન્દ્રના પરિસરમાં ગોઠવવામાં આવ્યાં છે.આ ઉપરાંત ભાવનગર જુનિયર સાયન્ટીસ્ટમાંથી વિવિધ પ્રકારનાં નવા મોડેલો પ્રયોગશાળામાં મુકવામાં આવ્યા છે. જે વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના ભાગ રૂપે તેમ જ જીવાતા

જીવનમાં વણાયેલા વિજ્ઞાનને સમજવામાં ઉપયોગી બને છે.

- **હાલને ભેરુ રમતાં રમતાં વિજ્ઞાન શીખીએ(પ્રયોગશાળા) :-**
  લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્રની પ્રયોગશાળામાં વિવિધ નાના-મોટા પ્રયોગો ગોઠવવામાં આવેલા છે. જેમાં આસપાસની શાળાના વિદ્યાર્થીઓ પ્રયોગો કરવા માટે આવે છે અને તે પ્રયોગો વિદ્યાર્થીઓ જાતે કરે છે.વિવિધ શાળાઓ શૈક્ષણિક પ્રવાસ દરમિયાન લોકવિજ્ઞાન કેન્દ્રની મુલાકાત પણ લે છે અને અવનવા પ્રયોગો કરીને શીખે છે જેમાં તેઓ ખુબ જ આનંદની લાગણી અનુભવે છે.
  ખાસ કરીને નકામી વસ્તુઓનો ઉપયોગ કરીને વૈજ્ઞાનિક રમકડાં બનાવવા પ્રયોગમાં એ વસ્તુઓ વાપરવી અને રોજીંદા જીવનમાં વણાયેલા વિજ્ઞાનના સિધ્ધાંતોને સમજવા માટે વિદ્યાર્થીઓ અહીં જાતે પ્રયોગ કરીને શીખે છે અને તોડ-ફોડ-જોડની પ્રક્રિયામાંથી પસાર થાય છે.
- **વેકેશન શિબિર :** લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા અને દર્શક લોકગંગા દ્વારા વેકેશન દરમિયાન વિવિધ ગામોમાં જઈને બાળકોને પ્રવૃતિઓ કરાવવામાં આવે છે.જેમાં બાળકોને ખુબજ આનંદ થાય છે.
- **વિજ્ઞાન દિનની ઉજવણી :** ૨૮મી ફેબ્રુઆરીના દિવસે રાષ્ટ્રીય વિજ્ઞાનદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સણોસરાની આજુ બાજુનાં ૧૦ગામોની પ્રા.શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં ધોરણ ૬-૮ના વિજ્ઞાનના પ્રયોગો કરાવવામાં આવ્યા.
- લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા અને દર્શક લોકગંગા દ્વારા વેકેશન દરમિયાન વિવિધ ગામોમાં જઈને બાળકોને પ્રવૃતિઓ કરાવવામાં આવી.
- **રવિશાળા :** લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા દર રવિવારનાં દિવસે રવિશાળાનું આયોજન કરવામાં આવે છે. જેમાં બાળકોને વિવિધ પ્રવૃતિઓ દ્વારા અભ્યાસ કરાવવામાં આવે છે. રજાનો દિવસ હોવા છતાં બાળકો મોટી સંખ્યામાં હાજર રહ્યાં.
- **આકાશ દર્શન :** લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્ર દ્વારા લોકભારતી કેમ્પસનાં વિદ્યાર્થીઓને આકાશદર્શનનો કાર્યક્રમ કરાવવામાં આવ્યો. જેમાં ચંદ્ર, મંગલ, નક્ષત્રો જેવા અવકાશીય પરિણામો શ્રી હસમુખભાઈ દેવમુરારિ દ્વારા કરાવવામાં આવે છે.
- પાંચ વર્ષ દરમિયાન કરવામાં આવેલી પ્રવૃત્તિઓ ભવિષ્યમાં કોઈને પણ(શિક્ષકો, વાલીઓ, બાળકો, એન.જી.ઓ.ના કાર્યકરો) ઉપયોગી થાય તે હેતુસર ચાર ભાગમાં પુસ્તકોના સંપુટ "મોજીલું શિક્ષણ"નું નિર્માણ થયું.
  ૧. ભાષા શીખીએ
  ૨. વાચન, લેખન અને ગણન
  ૩. વિજ્ઞાન અને ગણિત
  ૪. રજાની મજા
- **લોકવિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લીધેલ લાભાર્થીઓ**

| ક્રમ | મહિનો | શાળાઓની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા | શિક્ષકો | ખેડૂતો/અન્ય વ્યક્તિઓ | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧. | જાન્યુઆરી | ૧૬ | ૧૨૮૫ | ૯૫ | ૩૫૫ | ૧૭૫૧ |
| ૨. | ફેબ્રુઆરી | ૦૮ | ૧૭૯ | ૫૮ | ૪૪૫ | ૬૯૦ |
| ૩. | માર્ચ | ૦૮ | ૧૧૫ | ૧૦ | ૩૩૫ | ૪૬૮ |
| ૪. | એપ્રિલ | ૦૩ | ૧૧૫ | ૧૭ | ૩૮૯ | ૫૨૪ |
| ૫. | મે | ૦૨ | ૫૫ | ૦૬ | ૪૦૩ | ૪૬૬ |
| ૬. | જુન | ૦૨ | ૪૦ | ૦૩ | ૩૩૭ | ૩૮૨ |
| ૭. | જુલાઈ | ૦૩ | ૨૪૪ | ૧૫ | ૫૮૭ | ૮૪૯ |
| ૮. | ઓગસ્ટ | ૦૫ | ૬૭૯ | ૩૭ | ૬૧૨ | ૧૩૩૩ |
| ૯. | સપ્ટેમ્બર | ૦૧ | ૧૧૦ | ૦૫ | ૫૦૩ | ૬૧૯ |
| ૧૦. | ઓક્ટોબર | ૦૪ | ૧૧૫ | ૧૫ | ૫૫૭ | ૬૯૧ |
| ૧૧. | નવેમ્બર | ૧૬ | ૧૧૨૦ | ૪૩ | ૩૭૭ | ૧૫૫૬ |
| ૧૨. | ડિસેમ્બર | ૦૨ | ૪૧ | ૫૬ | ૪૨૨ | ૫૨૧ |
| | કુલ | ૭૦ | ૪૦૯૮ | ૩૬૦ | ૫૩૨૨ | ૯૮૫૦ |

● **લોક વિજ્ઞાનકેન્દ્રમાં યોજાયેલ વિવિધ તાલીમ:-**

લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્રમાં વિવિધ તાલીમ અને મીટીંગોનું આયોજન અને સંચાલન કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૯માં થયેલી વિવિધ તાલીમ અને મીટીંગો નીચે મુજબ છે.

| ક્રમ | તારીખ | તાલીમ/મીટીંગનું નામ | તાલીમાર્થી સંખ્યા | મુખ્ય મહેમાન |
|---|---|---|---|---|
| ૧. | ૧૫/૨/૨૦૧૯ | GCERT ગાંધીનગર | ૧૧ | ટી.એસ.જોષી |
| ૨. | ૨૪/૨/૨૦૧૯ | સ્વદીપ | ૧૨ | રાજુભાઈ ડાંગર |
| ૩. | ૧૬/૩/૨૦૧૯ | મહિલા સ્વરાજ | - | હેમાબેન દવે |
| ૪. | ૧૪/૪/૨૦૧૯ | સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ | ૩૦ | અરુણભાઈ દવે |
| ૫. | ૧૭/૫/૨૦૧૯ | આહાર પોષણ અને સ્વાસ્થ્ય | ૪૦ | શિલાબેન બોરીચા |
| ૬. | ૧૧/૬/૨૦૧૯ | સર્વોદય સહકારી પ્રકાશન સંઘલી | ૨૦ | રામભાઈ પંચોલી |
| ૭. | ૨૯/૭/૨૦૧૯ | Education innovation fair work shop | ૨૩ | મહેન્દ્રભાઈ ચોટલિયા |
| ૮. | ૨૨/૮/૨૦૧૯ | સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ | ૩૫ | અરુણભાઈ દવે |
| ૯ | ૧૭/૧૦/૨૦૧૯ | શિક્ષક સજ્જતા સંગોષ્ઠિ | ૧૨ | હસમુખભાઈ દેવમુરારિ |
| ૧૦ | ૧૨/૧૧/૨૦૧૯ | મોજીલું શિક્ષણ તાલીમ | ૪૦ | બિંદુબેન ઝાલા |

-: લોક વિદ્યાલય, માઈધાર :-

- **મોજીલું શિક્ષણ યોજના**

મોજીલું શિક્ષણ અભિયાન – માઈધાર કેન્દ્ર પર પાલીતાણા તાલુકાનાં ૩૩ ગામ, તળાજા તાલુકાનાં ૨૬ ગામ અને શિહોર તાલુકાનાં ૧૯ ગામનો સમાવેશ થાય છે.

| તાલુકા | સી.આર.સી કલસ્ટર | શાળાઓ |
|---|---|---|
| પાલીતાણા | ૫ | ૩૩ |
| તળાજા | ૪ | ૨૬ |
| શિહોર | ૨ | ૧૯ |

- રવિકૃપા ટ્રસ્ટદ્વારા ૭૮ ગામોની પ્રાથમિકશાળાઓમાં ધોરણ ૫ થી ૮ માં બાળકોને પ્રવૃતિ સાથે શિક્ષણ મળે અને બાળકોની ક્ષમતા મુજબ પ્રવૃતિ કરાવવામાં આવે છે.
- મોબાઇલવાનની પ્રવૃત્તિથી શાળાનું વાતાવરણ ગુંજી ઊઠે છે.
  - **વર્ષ દરમ્યાન મોજીલું શિક્ષણ યોજના અંતર્ગત ભાગ લીધેલ શાળાઓની માહિતી નીચે મુજબ છે.**

| માસ | શાળા | કુમાર | કન્યા | શિક્ષકો | કુલ |
|---|---|---|---|---|---|
| જાન્યુઆરી | ૧૪ | ૩૩૨ | ૨૩૬ | ૨૮ | ૬૧૦ |
| ફેબ્રુઆરી | ૩૪ | ૩૩૨ | ૩૨૬ | ૪૬ | ૭૩૮ |
| માર્ચ | ૧૬ | ૨૧૩ | ૨૧૩ | ૩૨ | ૪૭૪ |
| એપ્રિલ | - | - | - | - | - |
| મે | - | - | - | - | - |
| જુન | - | - | - | - | - |
| જુલાઇ | ૪૭ | ૭૭૫ | ૭૪૮ | ૫૫ | ૧૬૨૫ |
| ઓગસ્ટ | ૫૫ | ૯૧૬ | ૯૦૧ | ૬૯ | ૧૯૪૧ |
| સપ્ટેમ્બર | ૫૩ | ૨૩૩૯ | ૨૨૩૦ | ૭૮ | ૪૭૦૦ |
| ઓક્ટોમ્બર | ૩૯ | ૨૯૬ | ૨૪૨ | ૪૬ | ૬૨૩ |
| નવેમ્બર | ૧૪ | ૧૬૮ | ૧૯૮ | ૧૧ | ૩૯૧ |
| ડિસેમ્બર | - | - | - | - | - |
| કુલ | ૨૭૨ | ૫૩૭૧ | ૫૦૯૪ | ૩૬૫ | ૧૧૧૦૨ |

- **ગ્રામ વિકાસ**

લોક વિધાલય અને રવિકૃપા ટ્રસ્ટ દ્વારા આજુબાજુનાં ૩૦ ગામોના લોકોના વિવિધ સંમેલનોને લગતા વિવિધ કેમ્પ યોજવામાં આવ્યા.

૧. ખેડૂત સંમેલન　　૨. ખેડૂત મીટિંગ　　૩. ગ્રામ વિકાસ મીટિંગ

- **વિવિધલક્ષી આરોગ્ય કેમ્પ**

પી.એચ.સી. સેન્ટર નાની રાજસ્થળી અને લોક વિદ્યાલય–માયધારના સહયોગથી કેમ્પ રાખવામાં આવ્યો હતો.

તેમાં માયધારના ગામ લોકો, પ્રાથમિક શાળાના બાળકોઅને લોક કલ્યાણ વિધાલય ના બાળકો એ લાભ લીધો. કેમ્પમાં નીચેની સેવા પુરી પાડવામાં આવી.

૧. મેડિકલ તપાસ ૨. આરોગ્ય કેમ્પ

- **ગ્રામ મિટિંગ:** દર્શક લોકગંગા યોજના અને રવીકૃપા દ્વારા ગ્રામ મિટિંગ યોજવામાં આવે છે. જેમાં ગ્રામ વિકાસ અને ટ્રસ્ટદ્વારા ચાલતી વિવિધ યોજનાઓની વાત કરવામાં આવી હતી.નીચેના ગામોમાં ગ્રામ મિટિંગો યોજવામાં આવી હતી. (૧) માયધાર (૨) ભદ્રાવળ (૩) બાબરિયાત (૪) લાખાવાડ (૫) માંડવડા-૨
- **લોકકલ્યાણ વિદ્યાલય :** લોક વિધાલય માતૃધારામાં લોકકલ્યાણ વિધાલયનો ધોરણ ૯,૧૦,૧૧ અને ૧૨ના વર્ગો ચલાવવામાં આવે છે. માયધારની આજુબાજુના ગામડામાંથી ગરીબ અને ખેડૂત વર્ગના બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. સાવ સામાન્ય ફીમાં ભણાવવામાં આવે છે.

| ધોરણ | ભાઈઓ | બહેનો | કુલ |
|---|---|---|---|
| ૯ | ૩૫ | ૨૮ | ૬૩ |
| ૧૦ | ૩૨ | ૦૯ | ૪૧ |
| ૧૧ | ૨૬ | ૧૫ | ૪૧ |
| ૧૨ | ૨૧ | ૧૨ | ૩૩ |
| | ૧૧૪ | ૬૪ | ૧૭૮ |

- **આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર**

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટનાં સહયોગથી અને અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનના માર્ગદર્શનથી માઈધારમાં બાળકોમાં વિજ્ઞાન પ્રત્યે સંશોધનાત્મક રસ જાગે અને બાળક વિજ્ઞાન વિષે જાણતું થાય તેના માટે ૩ અલગ અલગ પ્રયોગશાળામાં દરરોજ ૧૦૦ બાળકોને પ્રવૃત્તિ દ્વારા પ્રયોગ શીખવવામાં આવે છે.

| તાલુકા | શાળાઓ |
|---|---|
| પાલીતાણા | ૧૬ |
| તળાજા | ૨૬ |
| શિહોર | ૧૦ |
| કુલ | ૫૨ |

- અલગ અલગ શાળા સ્વખર્ચે અહી પ્રયોગ શીખવા બાળકોને લઈને આવે છે.
- એક શાળા આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રની વર્ષમાં ૪ વખત મુલાકાત કરે છે.

- **છાત્રાલય વિભાગ :-** માઈધારમાં ધોરણ- ૯થી ૧૨ના કુલ ૬૦ બાળકો છાત્રાલયમાં રહીને અભ્યાસ કરે છે.
- **કન્યા છાત્રાલય :-** માઈધારમાં કન્યા છાત્રાલયના બિલ્ડીંગનું બાંધકામ કરવામાં આવ્યું છે, તેમાં ૭૦ કન્યાઓ રહી શકે તેવી વ્યવસ્થા છે.
- **લોકાર્પણ :** માઈધાર કેન્દ્રના પરિસરમાં શાળાકીય માટે તૈયાર થયેલા મકાન ત્રિવેણી ભવન, બહેનોનું છાત્રાલય અને આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રના લોકાર્પણ પ્રસંગે પૂજ્ય મોરારિબાપુ પધાર્યા અને દાતાઓ, સ્થાનિક આગેવાનો અને શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલા તજજ્ઞો પણ સારી એવી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. બાપુએ સ્નેહસભર આશીર્વચન પાઠવ્યાં.

**-: કલાભવન અને કૌશલ્ય વર્ધન કેન્દ્ર :-**

- છેલ્લા બે-ત્રણ વર્ષથી આપણે ત્યાં આ વિભાગ શરૂ થયા છે. કલા ભવન મારફતે સંગીત, નૃત્ય, ચિત્રકળા વગેરેના વર્ગો નિયમિત ચાલે છે.
- ઉનાળુ વેકેશનમાં સંસ્થાનાં બાળકો માટે ગ્રીષ્મ શિબિરનું આયોજન કરવામાં આવ્યું.
- કૌશલ્ય વર્ધન કેન્દ્રમાં કમ્પ્યુટરનો બેઝિક કોર્સ અને સિવણનો સર્ટિફિકેટ કોર્સ ચાલે છે, જેમાં આપણા વિદ્યાર્થીઓ પોતાના અનુકૂળ સમયે કલાકો ફાળવીને સાથે સાથે કળા કે કૌશલ્ય પ્રાપ્ત કરે છે.

**- : જળસંચય કાર્યક્રમ :-**

લોકભારતીને જયારે વિશ્વભારતી માનવામાં આવી રહી છે ત્યારે વિશ્વભારતીનું દાયિત્વ તેના મિશન અને વિઝન મુજબ આસપાસના વિસ્તારોમાં લોકોની જરૂરિયાત મુજબ અને સમાજોપયોગી કાર્યો કરીને કેળવણીના પ્રયોગોને સફળ બનાવે છે. જીવાતા જીવન સાથે અનુબંધ કરીને વિદ્યાર્થીઓ અને સમાજને યોગ્ય જીવન રાહ બતાવે છે.

પાણીના પ્રશ્નને લઈને લોકભારતીએ પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝના સહયોગથી ગુજરાત સરકારના ઇરીગેશન વિભાગ સાથે શરૂ કરેલાં કામો બીજા વર્ષમાં પ્રવેશ્યાં છે ત્યારે કામનો વ્યાપ ભાવનગર જિલ્લાના શિહોર, પાલીતાણા, ગારિયાધાર, ઉમરાળા તાલુકામાં કામનો વ્યાપ વધાર્યો.

- પાણીસંગ્રહનાં થયેલ કામોની વિગતઃ

ગતવર્ષના અધૂરાં તળાવ ઊંડા ઉતારવાનાં કામો.

| ક્રમ | ગામનું નામ | તાલુકો | જથ્થો ઘન મીટર | અંદાજીત કીમત |
|---|---|---|---|---|
| ૧ | માંડવી | ગારિયાધાર | ૪૫૦૦ | ૧૬૦૦૦૦/- |
| ૨ | ગણેશગઢ | ગારિયાધાર | ૮૦૦૦ | ૩૨૦૦૦૦/- |
| ૩ | જાળિયા અમરાજી | પાલીતાણા | ૮૦૦૦ | ૩૨૦૦૦/- |
| ૪ | સોનપરી | પાલીતાણા | ૨૫૦૦ | ૧૦૦૦૦૦/- |
| ૫ | વરતેજ | ભાવનગર | ૬૦૦૦ | ૨૪૦૦૦૦/- |

- વર્ષ ૨૦૧૮-૧૯ માં શિહોર તાલુકામાં મંજુર થયેલ અને કોન્ટ્રાક્ટર સાથે એમ.ઓ.યુ દ્વારા કરેલ ચેકડેમનાં કામો

| ક્રમ | ગામનું નામ | તાલુકો | ચેકડેમનીલંબાઈ | અંદાજીત કીમત | લાભાર્થીઓ |
|---|---|---|---|---|---|
| ૧. | ભડલી | શિહોર | ૨૬ મિટર | ૬૭૭૦૦૦/- | ૧૦ કૂવા, ૮ બોર |
| ૨. | ધુપકા | શિહોર | ૩૨ મિટર | ૭૨૭૦૦૦/- | ૧૮ કૂવા, ૬બોર |
| ૩. | માલવણ | શિહોર | ૨૨ મિટર | ૫૭૪૦૦૦/- | ૬ કૂવા |
| ૪. | મેઘવદર | શિહોર | ૨૫ મિટર | ૬૨૩૦૦૦/- | ૯ કૂવા, ૪બોર |
| ૫. | કરદેજ | શિહોર | ૨૮ મિટર | ૭૧૨૦૦૦/- | ૧૦ કૂવા, ૫બોર |
| ૬. | વીરડી | ગારિયાધાર | ૬૦ મિટર | ૧૯૬૨૦૦૦/- | ગામતળનાં ડંકી ૧૭ કૂવા ૨૧ બોર |

● સુજલામ સુફલામ યોજના અંતર્ગત થયેલ કામો :

| ક્રમ ન. | ગામ | તાલુકો | જથ્થો ઘ,મી. | અંદાજીત કીમત રૂ. |
|---|---|---|---|---|
| ૧ | સમઢિયાળા | ઉમરાળા | ૪૯૫૦ | ૧૭૭૦૦૦/- |
| ૨ | ભડલી | શિહોર | ૬૬૦૦ | ૧૯૮૦૦૦/- |
| ૩ | ગોલારામા | ઉમરાળા | ૬૬૦૦ | ૧૯૮૦૦૦/ |
| ૪ | સેન્જલીયા-૧ | પાલીતાણા | ૩૭૦૦ | ૧૪૯૦૦૦/- |
| ૫ | સેન્જલીયા-૨ | પાલીતાણા | ૩૯૦૦ | ૧૫૮૦૦૦/- |
| ૬ | સેન્જલિયા-૩ | પાલીતાણા | ૩૯૦૦ | ૧૫૮૦૦૦/- |
| ૭ | સેન્જલિયા -૪ | પાલીતાણા | ૩૭૦૦ | ૧૪૯૦૦૦/- |
| ૮ | ખાખરિયા | પાલીતાણા | ૬૬૦૦ | ૧૯૮૦૦૦/- |
| ૯ | ખીજડિયા | પાલીતાણા | ૬૬૦૦ | ૧૯૮૦૦૦/- |
| ૧૦ | નોંઘણવદર | પાલીતાણા | ૬૬૦૦ | ૧૯૮૦૦૦/- |

ઉપરોક્ત તમામ કામો સરકારશ્રી તથા ગામ લોકોની જરૂરિયાત મુજબ લોકોના સહકાર થી કરવામાં આવ્યા. જેમાં પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ તરફથી નીચે મુજબ સાધન સહાય મળેલ છે.

| ક્રમ.નં. | સાધનનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | જેસીબી બ્રેકર સાથે | ૧ |
| ૨ | જેસીબી | ૧ |
| ૩ | ટ્રેક્ટર | ૩ |
| ૪ | ટ્રોલી | ૨ |
| ૫ | વોટર ટેન્કર | ૧ |
| ૬ | મિકસર મશીન | ૧ |
| ૭ | વાઈબ્રેટર | ૧ |
| ૮ | સેન્ટરીંગ પ્લેટસ્ | ૨૫બ્રાસ |
| ૯ | વોટર પંપ | ૧ |
| ૧૦ | પીવીસી ટેંક | ૧ |

આ ઉપરાંત સંસ્થાના વિવિધ વિભાગો જેવા કે ખેતી વિભાગ, નર્સરી વિભાગ, ગૌશાળા વિભાગ, બાંધકામ વિભાગ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વગેરેમાં જરૂરિયાત મુજબ જેસીબી તથા ટ્રેક્ટરનો ઉપયોગ કર્યો છે. લોકભારતી કેમ્પસ માં આવેલ ખેતીની જમીનમાં અંદાજે ૩૮૪૦ તથા ૨૨૬૦ ટ્રેક્ટર માટી પુરણ કરીને નવસાધ્ય કરી, આ માટી તળાવોમાંથી અને ચેકડેમમાંથી લીધી જેથી તેની પાણી સંગ્રહ ક્ષમતા ખૂબ જ વધી ગઈ.

**-:લોકભારતી ગ્રંથાલયઃ-**

- હાલમાં ગ્રંથાલય પાસે હાલમાં નીચેના કોઠામાં દર્શાવ્યા મુજબનાં પુસ્તકો છે.

| ક્રમ | ભાષા | વર્ષ ૨૦૧૮-૧૯ ઉમેરાયેલ પુસ્તક સંખ્યા | ૩/૧૨/૨૦૧૯ સુધી પુસ્તક સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ગુજરાતી | ૧૮૯ | ૧૯૯૭૫ |
| ૨ | હિન્દી | -- | ૫૭૧૧ |
| ૩ | અંગ્રેજી | -- | ૧૩૨૩૯ |
| ૪ | સંસ્કૃત | -- | ૧૪૪ |
| ૫ | બંગાળી | -- | ૧૩૨ |
| ૬ | મરાઠી | -- | ૨૫૬ |
| ૭ | સંદર્ભગ્રંથ | -- | ૭૨૦ |
| ૮ | રદ થયેલ | -- | ૪૭૨૬ |
| | સામયિક ફાઈલો | | |
| ૧ | ગુજરાતી | -- | ૨૪૮૩ |
| ૨ | હિન્દી | -- | ૧૦૮૦ |
| ૩ | અંગ્રેજી | -- | ૨૫૯૯ |
| | કુલ | -- | ૫૧૦૬૫ |

- કુલ સામયિક - ૧૨૦
- વર્ષ દરમ્યાન પુસ્તકાલયમાં આવેલ વાચકોની સંખ્યા - ૮,૪૦૦
- વર્ષ દરમ્યાન ઇશ્યુ થયેલ પુસ્તકોની સંખ્યા
  કાર્યકર – ૪૨૦, વિદ્યાર્થી સંખ્યા – ૭૯૦૦, કુલ – ૮૩૨૦
- યુ.જી.સી. પુસ્તકોનો છેલ્લો અંક - ૭૪૮૯
- લોકસેવા પુસ્તકોનો છેલ્લો અંક - ૫૦૯૩૭
- કેન્દ્ર સરકાર પુસ્તકોનો છેલ્લો અંક - ૫૯૨૦૬

**- : ઘઉં સંશોધન વિભાગ :-**

- **ઘઉં :**- આ વર્ષે કુલ ત્રણ પ્રકારના પ્રયોગો(જાતોની સરખામણીના) કરવામાં આવ્યાં હતાં.
- લોકલ ટ્રાયલ -૧૯ જાતો
- રાજ્ય કક્ષાના ટ્રાયલ -૩૮ જાતો
- રાષ્ટ્રીય કક્ષાના ટ્રાયલ -૧૬ જાતો
- આ વર્ષે જુદી જુદી નર્સરીઓમાં બહાર થી ૪૧૬ જેટલી જાતો વાવવામાં આવી.

(૧) NGSN-૮૦ વેરાયટી (૨) SDSN-૬૮ વેરાયટી (૩) EIGN-૧૦૮ વેરાયટી (૪) SSN-૧૬૦વેરાયટી

- **ટ્રાયલો -૧**

AVT-RI-TS- ૬ વેરાયટી -કરનાલથી -૩ પિયત (૨) AVT-RI-LS- ૧૦ વેરાયટી -કરનાલથી (૩) SST-RI-TS- ૧૧ વેરાયટી વિજાપુરથી-૩ પિયત (૪)SST-RI-LS- ૧૬ વેરાયટી વિજાપુરથી (૫) LST-LS-૧૧ વેરાયટી વિજાપુરથી

- **ટ્રાયલો -૨ સ્થાનિક**

  AYT-૧૯ વેરાયટી સ્થાનિક
- **જમ્પ્લાઝમ**

  (૧) F-૧ =૮૧ એન્ટ્રી(૨) F-૨ =૯૮ એન્ટ્રી(૩) F-૩ =૫૭૬ એન્ટ્રી (૪) F-૪ =૨૭૬ એન્ટ્રી
- IPPSN માં -૭ વેરાયટી આપેલ.
- ક્રોસીગ પોગ્રામ જેમાં નવા -૫૮ ક્રોસ બનાવ્યા
- LOK -૧ ન્યુક્લીયસ -૧૭ ક્વિન્ટલ બનાવ્યું.
- LOK -૧ બ્રીડર સીડ્સ ૧૦૨૦.૬ ક્વિન્ટલનું વેચાણ કરેલ છે.
- **સોયાબીન :-**
- **ટ્રાયલ**

  ૧. AVT-I ટ્રાયલ -૧૪ વેરાયટી ઈન્દોરેથી

  ૨. NIVT-II ટ્રાયલ -૭ વેરાયટી ઈન્દોરેથી

  ૩. NIVT ટ્રાયલ -૪૬ વેરાયટી ઈન્દોરેથી

  ૪. IVT-E M ટ્રાયલ -૩૧ વેરાયટી ઈન્દોરેથી

  ૫. IYT ટ્રાયલ -૧૦ વેરાયટી સ્થાનિક

  ૬. F-૩ જમ્પ્લાઝમ -૫૨ એન્ટ્રી ઈન્દોરેથી

  ૭. JS-૨૦-૨૯ નું ન્યુક્લીયસ સીડ્સ બનાવ્યું -૧૦ ક્વિન્ટલ

  ૮. JS -૨૦-૨૯ નું બ્રીડર સીડ્સ બનાવ્યું -૧૮૯ ક્વિન્ટલ

  ૯. સોયાબીનમાં નવી વેરાયટી બનાવવામાં માટે ક્રોસિંગ પ્રોગ્રામ પણ કરેલ છે.

  ૧૦. ઘઉં અને સોયાબીન બ્રીડર સીડ્સનું મોનીટરીંગ કરાવ્યું.

ડૉ.સી.પી. સિંગ સાહેબે અને ડૉ.અશ્વિની કુમાર વિજાપુર, કર્નાલ અને ઈન્દોરમાં સોયાબીન અને ઘઉંના વર્કશોપમાં જઈ આવ્યા.

**-: ઉત્સવ વિભાગઃ-**

| તારીખ | વિગત | વક્તાનું નામ | વિષય |
|---|---|---|---|
| ૦૨/૦૧/૧૯ | પૂ. નાનાભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળા ૫૭મા મણકાનું વ્યાખ્યાન | શ્રી જે. જે. રાવલ સાહેબ | "સત્ય એ જ પરમેશ્વર અને વિજ્ઞાનયુગ" |
| ૦૨/૦૧/૧૯ | બારશ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમ | - | સાંસ્કૃતિક કાર્યક્રમ |
| ૪/૦૧/૧૯ | આમસભા | શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા | - |
| ૧૩/૦૧/૧૯ | સમૂહ ગરબી | - | - |
| ૧૪/૦૧/૧૯ | પતંગોત્સવ | - | - |
| ૨૧/૦૧/૧૯ | કઠપુતળી પપેટ શો | - | મનોરંજન |
| ૨૧/૦૧/૧૯ | સાયં પ્રાર્થનાના અનુસંધાને | શ્રી હસમુખભાઈ દેવમુરારિ<br>શ્રી કાંતિભાઈ ગોઠી | પદયાત્રા સમાપન કાર્યક્રમ અભિમુખતા |
| ૨૨/૦૧/૧૯ | ૧૫૦ ગાંધી પદયાત્રા સમાપન કાર્યક્રમ | શ્રી વિજયભાઈ રૂપાણી<br>શ્રી મનસુખભાઈ માંડવિયા | ગાંધી મૂલ્યોને માર્ગે |

| તારીખ | વિગત | વક્તાનું નામ | વિષય |
|---|---|---|---|
| ૨૬/૦૧/૧૯ | શ્રી રામભાઈ પટેલ સ્મારક વ્યાખ્યાનમાળા | શ્રી નલિનભાઈ પંડિત | પ્રાસંગિક વક્તવ્ય |
| ૨૬/૦૧/૧૯ | રમતોત્સવ | - | - |
| ૩૦/૦૧/૧૯ | ગાંધી નિર્વાણ દિન | શ્રી પિનાકિનભાઈ મકવાણા | પ્રાસંગિક વક્તવ્ય |
| ૧૬/૦૨/૧૯ | નાટક(વાઈટ ઈઝ ન્યુ બ્લેક) | - | - |
| ૧૦/૦૩/૧૯ | સાહસ દોડ | - | - |
| ૧૯/૦૩/૧૯ | સાયં પ્રાર્થનાના અનુસંધાને | ડૉ.નીતિનભાઈ ભીંગરાડિયા | 'હોળી' નિમિત્તે સૂચનાઓ |
| ૨૦/૦૩/૧૯ | હોળી નિમિત્તે સમૂહ ગરબી | - | - |
| ૨૧/૦૩/૧૯ | ધૂળેટી નિમિત્તે લોકડાયરો | શ્રી ભીખુદાન ગઢવી<br>શ્રી મહેશભાઈ પરમાર<br>શ્રી જગદીશભાઈ સરવૈયા<br>તથા વિદ્યાર્થીઓ | લોકસંગીત |
| ૨૫/૦૩/૧૯ | EVM., VVPET નિદર્શન | મામલતદાર કચેરી સિહોર | EVM, VVPET નિદર્શન |
| ૨૧/૦૬/૧૯ | વિશ્વ યોગ દિવસ | શ્રી હસમુખભાઈ સુથાર | સમગ્ર T.Y.વિદ્યાર્થી |
| ૨૨/૦૬/૧૯ | સાયં પ્રાર્થના અનુસંધાને | શ્રી અરુણભાઈ દવે | પ્રાસંગિક વક્તવ્ય |
| ૦૫/૦૭/૧૯ | સાયં પ્રાર્થના અનુસંધાને | શ્રી હસમુખભાઈ દેવમુરારિ | પ્રાસંગિક વાત |
| ૧૨/૦૭/૧૯ | સાયં પ્રાર્થના અનુસંધાને | શ્રી અરુણભાઈ દવે | પ્રાસંગિક વાત |
| ૧૬/૦૭/૧૯ | ગુરુપૂર્ણિમા | શ્રી પ્રવીણભાઈ ઠક્કર | પ્રાસંગિક ઉદ્બોધન |
| ૧૯/૦૭/૧૯ | સાયં પ્રાર્થના અનુસંધાને | શ્રી રામચંદ્રભાઈ પંચોળી | પ્રાસંગિક વાત |
| ૨૬/૦૭/૧૯ | સાયં પ્રાર્થના અનુસંધાને | શ્રી અરુણભાઈ દવે | પ્રાસંગિક વાત |
| ૦૩/૦૮/૧૯ | અભિમુખતા સમાપન કાર્યક્રમ | શ્રી અરુણભાઈ દવે<br>શ્રી રામચંદ્રભાઈ પંચોળી | અભિમુખતા અંતર્ગત વિશે પ્રતિભાવો |
| ૦૪/૦૮/૧૯ | જાદુગર મનોરંજન કાર્યક્રમ | યુવરાજ જાદુગર | જાદુના પ્રયોગો |
| ૦૬/૦૮/૧૯ | સાયં પ્રાર્થના અનુસંધાને | શ્રી પાર્થેશભાઈ પંડયા | પ્રાસંગિક વાત(કાશ્મીરસંદર્ભે) |
| ૦૮/૦૮/૧૯ | સાયં પ્રાર્થના અનુસંધાને | શ્રી જયવંતસિંહ ગોહિલ | મંત્રીમંડળની રચનાસૂચનાઓ |
| ૧૫/૦૮/૧૯ | સ્વતંત્રતા પર્વ અને રક્ષાબંધન કાર્યક્રમ | શ્રી સુભાષભાઈ ભટ્ટ<br>શ્રી નેહલબેન ગઢવી | ધ્વજ આરોહણ<br>રક્ષાબંધન |
| ૧૫/૦૮/૧૯ | રક્ષાબંધન સાંસ્કૃતિક કાર્યક્રમ | સમગ્ર વિદ્યાર્થી | રક્ષાબંધન અનુસંધાને |
| ૧૮/૦૮/૧૯ | આમસભા | શ્રી જયવંતસિંહ ગોહિલ | વિદ્યાર્થીના પ્રશ્નો |
| ૨૦/૦૮/૧૯ | લોકભારતીની આચારસંહિતા સંદર્ભે જરૂરી સૂચનાઓ | શ્રી મહિમાબેન શ્રી મિલનભાઈ<br>શ્રી અરુણભાઈ દવે | આચારસંહિતા સંદર્ભે જરૂરી સૂચનાઓ |
| ૨૭/૦૮/૧૯ | સાયં પ્રાર્થના અનુસંધાને | શ્રી કાંતિભાઈ ગોઠી | પૂ.મનુભાઈ પંચોળી વ્યાખ્યાનમાળા અંતર્ગત સૂચનાઓ |

| તારીખ | વિગત | વક્તાનું નામ | વિષય |
|---|---|---|---|
| ૨૯/૦૮/૧૯ | પૂ. મનુભાઈ પંચોળી "દર્શક" વ્યાખ્યાનમાળા/પૂર્વ વિદ્યાર્થી સન્માન વિધિ/ સત્તરમા મણકાનું વ્યાખ્યાન | શ્રી માધવ રામાનુજ | "જીવનમાં હકારાત્મક અભિગમ" |
| ૦૩/૦૯/૧૯ | સાયં પ્રાર્થના અનુસંધાને | બાબા રામદેવજી મહારાજના શિષ્યા "સાધવી દેવાદિતિજી" | પ્રાસંગિક સંબોધન |
| ૦૫/૦૯/૧૯ | શ્રી મૂળશંકર મો. ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળાનાં પંદરમા મણકાનું વ્યાખ્યાન | શ્રી મનસુખભાઈ સલ્લા | "શીખવાનો આનંદ" |
| ૨૧/૦૯/૧૯ | યુવલ નોઆ હરારીના પુસ્તકોનો આસ્વાદ-૫ | શ્રી વિશાલભાઈ ભાદાણી | યુવલ નોઆ હરારી |
| ૦૧/૧૦/૧૯ | સાયં પ્રાર્થના અનુસંધાને | શ્રી અરુણભાઈ દવે | ગાંધી જયંતી, ગ્રામજીવન યાત્રા સંદર્ભે પ્રાસંગિક વાત |
| ૦૨/૧૦/૧૯ | ગાંધી જયંતિ પર્વ નિમિત્તે વ્યાખ્યાનમાળા | શ્રી રાજુભાઈ, શ્રી દિપ્તિબેન | પ્રાસંગિક વાત |

- ફિલ્મદર્શન

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | સમૂહ ફિલ્મદર્શન | ૨૪/૦૨/૨૦૧૯ | સમગ્ર વિદ્યાર્થી | રાઝી |
| ૨ | સમૂહ ફિલ્મદર્શન | ૩૦/૦૬/૨૦૧૯ | સમગ્ર વિદ્યાર્થી | કેસરી |
| ૩ | સમૂહ ફિલ્મદર્શન | ૨૧/૦૭/૨૦૧૯ | સમગ્ર વિદ્યાર્થી | સુઈ ધાગા |
| ૪ | સમૂહ ફિલ્મદર્શન | ૦૮/૦૯/૨૦૧૯ | સમગ્ર વિદ્યાર્થી | રેવા |

- ગરબી

| | | | |
|---|---|---|---|
| ૧ | સમૂહ ગરબી | ૦૭/૦૭/૨૦૧૯ | સમગ્ર વિદ્યાર્થી |
| ૨ | સમૂહ ગરબી | ૦૧/૦૯/૨૦૧૯ | સમગ્ર વિદ્યાથી |
| ૩ | સમૂહ ગરબી | ૧૨/૧૧/૨૦૧૯ | સમગ્ર વિદ્યાથી |

**-: ગોશાળા :-**

- શુદ્ધ ગીર ઓલાદને જાળવી રાખવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. શુધ્ધ ગીર ઓલાદમાં દૂધ ઉત્પાદન વધુ મેળવવાના પ્રયત્નો કરવામાં આવે છે. સ્થાનિક ચારાખેતીમાં લીલાચારાનું ૫૯૫૫ મણ અને સુકો ચારાનું ઉત્પાદન ૧૩૭૯ મણ ઉત્પાદન કરવામાં આવ્યું છે. આ વર્ષે સાઈલેજમાં ૧૩૦૦ મણ લીલચારનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ વર્ષે વરસાદ ઘણો સારો થયો. વરસાદ અને પવનના કારણે ૪૦ વીઘા તૈયાર થયેલ મકાઈ-જુવારના પાકમાં ખુબ મોટું નુકશાન થયું છે. તેમ જ વાર્ષિક દૂધ ઉત્પાદન ૮૪૧૩૭ લીટર થયું અને ૭૬ કૃત્રિમ બીજ દાન કરવામાં આવ્યા હતા. અને વાછરડી જ આવે તેવા ૨ કૃત્રિમ બીજદાન કરવામાં આવ્યા હતા. તેમ જ કેમ્પસની દુધની જરૂરિયાત સંતોષાયા પછી વધારાના દૂધમાંથી ૪ કિલો પેંડા, ૪૪ કિલો મોળો માવો ૨૦૬ કિલો ઘી ૬૩ નંગ ફ્લેવર્ડ મિલ્કપ ૯૦૦ નંગ કેન્ડી તેમ જ ઉનાળામાં સૌરાષ્ટ્ર રચનાત્મક સેવા સમિતિ તરફથી કુલ ૨ મફત છાસ કેન્દ્રો લગભગ ૨૦૦ કુટુંબોને બે માસ મફત છાસ

આપવામાં આવી. આ વર્ષે વી.આર.ટી.આઈ.ના સહયોગ દ્વારા વર્મીવોશનું યુનિટ શરુ કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ દ્વાર મલ્ટીકટ જુવારનું ૫૦ કિલો બિયાણ તૈયાર કરવામાં આવ્યું.

- હાલની પશુઓની સંખ્યા

| ક્રમ | પશુઓ ની વિગત | ગીર+શાહી | જર્સી | એચ.એફ. | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ગાય | ૪૫+૧ | ૦૧ | ૦૧ | ૪૮ |
| ૨ | વાછરડી ૧ વર્ષથી મોટી | ૩૩ | ૦૦ | ૦૪ | ૩૭ |
| ૩ | વાછરડી ૧ વર્ષથી નાની | ૧૮ | ૦૦ | ૦૦ | ૧૮ |
| ૪ | વાછરડા ૧ વર્ષથી મોટા | ૦૮ | ૦૦ | ૦૦ | ૦૮ |
| ૫ | વાછરડા ૧ વર્ષથી નાના | ૧૭ | ૦૦ | ૦૦ | ૧૭ |
| ૬ | ધણખુંટ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૭ | બળદ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૩ |
| | કુલ | ૧૨૬ | ૦૧ | ૦૫ | ૧૩૨ |

- ગૌશાળા વિભાગમાં મળેલ સહયોગ અને માર્ગદર્શન :- શ્રી ગિરીશભાઈ ગોધાણી અને શ્રી જગુભાઈ ખેનીના સતત માર્ગદર્શન અને મદદ મળી રહ્યા છે.
- આ વર્ષે ગોસેવા અને ગૌચર વિકાસ બોર્ડમાં ગૌશાળા વિભાગ માટે ભૂગર્ભ પાણીના ટાંકાની યોજના મૂકવામાં આવી છે.
- ગૌશાળામાં થયેલ પ્રવૃતિઓ અને મુલાકાતે આવેલ મહેમાનો
- તા. ૨૭-૨૮/૧૨/૧૮ ડૉ. શ્રીધરભાઈ અને ડૉ. વિક્રમભાઈ દેસાઈ પથમેડા ગૌશાળાની મુલાકાતે જઈ આવ્યા.
- તા. ૦૫/૦૧/૧૯ ડૉ. શ્રીધરભાઈ ગજ્જર "અમૃત આહાર ઉત્સવ-૧૯"માં ગાય આધારિત ખેતીમાં ભાવનગરમાં વ્યાખ્યાન આપ્યું.
- તા. ૨૨/૦૧/૧૯ ડૉ. વલ્લભભાઈ કથીરિયાએ ગૌશાળા વિભાગની મુલાકાત લીધી.
- તા. ૨૨/૦૫/૧૯ દોહનાલયમાં ગાયો માટે પંખા નાખવામાં આવ્યા.
- તા. ૨૨/૦૬/૧૯ દોહનાલયમાં બ્લોઅર ગાયો માટે ફીટ કરવામાં આવ્યા.
- તા.૧૭/૦૭/૨૦૧૯ના રોજ બાયફ દ્વારા ચાલતા ગીર ઓલાદ સુધારણા કાર્યક્રમની મૂલ્યાંકન બેઠક યોજાઈ જેમાં ડો. અરુણભાઈ દવે, ડો. સુબોધભાઈ દેસાઈ, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી રમેશભાઈ ખેર, ડો.મનુભાઈ ચાવડા, ડો. શ્રીધરભાઈ ગજ્જર તથા શ્રી મધુભાઈ બગડા હાજર રહ્યા હતા. અને પાંચ વર્ષની કામગીરીનો અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો. પાંચ વર્ષમાં કાર્યક્રમની કામગીરી ખુબ સારી રહી. તેથી આ કાર્યક્રમને વધુ પાંચ વર્ષમાટે શરુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો.
- તા.૨૭-૨૮/૭/૨૦૧૯ના રોજ ડો. શ્રીધરભાઈ ગજ્જર સોમનાથ મંદિર ખાતે ગોઠવાયેલ ગીરઓલાદ સુધારણા કાર્યક્રમમાં જઈ આવ્યાં.
- તા.૦૪/૧૧/૧૯ આ. શ્રી જગુદાદા અને આ. શ્રી વલ્લભભાઈ સવાણી ગૌશાળાની મુલાકાતે આવ્યા.
- તા.૦૫/૧૧/૧૯ ડૉ. અરુણભાઈ દવે, શ્રીરામચંદ્રભાઈ પંચોલી, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી ગિરીશભાઈ ગોધાણી, શ્રી રમેશભાઈ ખેર, ડૉ. શ્રીધરભાઈ ગજ્જર અને શ્રી જીવણભાઈની હાજરીમાં ગૌશાળા

વિભાગનો સ્નેહ મિલન કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો.

- **લોકભારતી ગૌશાળા વર્ષ પ્રમાણે દૂધ ઉત્પાદન**

| વર્ષ | કુલ દૂધ ઉત્પાદન | સરેરાશ દુધાળ ગાયો | સરેરાશ દૂધ/ ગાય/વર્ષ | કુલ ગાયો દીઠ સરેરાશ દૈનિક દૂધ ઉત્પાદન | ગાય દીઠ સરેરાશ દૈનિક દૂધ ઉત્પાદન |
|---|---|---|---|---|---|
| ૨૦૧૪-૧૫ | ૭૭,૪૬૭.૪૦ | ૩૫ | ૨,૨૧૩.૪૦ | ૨૧૨.૨૪ | ૬.૦૬ |
| ૨૦૧૫-૧૬ | ૭૮,૨૪૫.૨૦ | ૩૨ | ૨,૪૪૫.૨૦ | ૨૧૪.૩૭ | ૬.૭૦ |
| ૨૦૧૬-૧૭ | ૮૫,૧૯૨.૪૦ | ૪૦ | ૨,૧૨૯.૮૦ | ૨૩૩.૪૦ | ૫.૮૪ |
| ૨૦૧૭-૧૮ | ૭૭,૬૨૦.૭૦ | ૩૭ | ૨,૦૯૭.૯૦ | ૨૧૨.૬૬ | ૫.૭૫ |
| ૨૦૧૮-૧૯ | ૯૧,૫૨૬.૫૦ | ૩૬ | ૨,૫૪૨.૪૦ | ૨૫૦.૭૬ | ૬.૯૭ |
| કુલ | ૪,૧૦,૦૫૨.૨૦ | ૧૮૦ | ૧૧,૪૨૮.૭૦ | ૧,૧૨૩.૪૩ | ૩૧.૩૨ |
| સરેરાશ | ૮૨,૦૧૦.૪૦ | ૩૬ | ૨,૨૮૫.૭૦ | ૨૨૪.૬૯ | ૬.૨૬ |

- **લોકભારતી ગૌશાળા સંવર્ધન અહેવાલ**

| ક્રમ | વર્ષ | કુલ એ. આઈ. | ગાભણ | વિયાણ | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | નર | માદા | વેચાણ | ગર્ભપાત |
| ૧ | ૨૦૧૪-૧૫ | ૬૦ | ૨૦ | ૧૦ | ૯ | ૧ | ૦ |
| ૨ | ૨૦૧૫-૧૬ | ૧૧૭ | ૩૯ | ૨૫ | ૧૪ | ૦ | ૦ |
| ૩ | ૨૦૧૬-૧૭ | ૭૩ | ૨૯ | ૧૩ | ૧૦ | ૨ | ૪ |
| ૪ | ૨૦૧૭-૧૮ | ૧૨૧ | ૫૪ | ૨૧ | ૨૪ | ૭ | ૨ |
| ૫ | ૨૦૧૮-૧૯ | ૧૧૨ | ૪૯ | ૧૧ | ૯ | ૬ | ૧ |
| | કુલ | ૪૮૩ | ૧૯૧ | ૮૦ | ૬૬ | ૧૬ | ૭ |

- લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના મુખ્ય વિષય પશુપાલન અને ડેરી વિજ્ઞાનના વિદ્યાર્થીઓ દ્વારા ગૌશાળા વિભાગમાં પ્રયોગો કરવામાં આવ્યા.
- લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના અનુસ્નાતક કેન્દ્રના મુખ્ય વિષય પશુપાલન અને ડેરી વિકાસના વિદ્યાર્થીઓ દ્વારા ગૌશાળા વિભાગમાં પ્રયોગો કરવામાં આવ્યા.

**-: ખેતી વિભાગ સ્થાનિક :-**

આ વર્ષે વરસાદ બહુ જ સારો પડ્યો. જેથી દરેક પાક ખૂબ જ સારા થયા. શિયાળું પાકો પણ પાણી પૂરતું છે જેથી સારા થશે. તા.૨૧/૦૬/૧૯થી ૦૬/૧૦/૨૦૧૯ સુધી વરસાદ અંદાજે ૨૫ થી ૩૦ ઇંચ પડ્યો. સાતેય તળાવ ભરાઈને પાણી પંચાયતીરાજ પાસે ઘણો સમય વેહતું રહ્યું. ૫ વર્ષે તળાવ ભરાયાં —બધા કૂવા અને ડારમાં પાણીનાં તળ ઊંચાં આવ્યાં.

- વરસાદ થતાં ખેતીમાં કપાસ, તલ, દિવેલા, સ્વીટકોન મકાઇ, જુવાર, વગેરેનું વાવેતર થયું.

| | |
|---|---|
| - કપાસ | ૫૨ વીઘા |
| - તલ ગુજરાત | ૩૦ વીઘા |
| - દિવેલા | ૦૮ વીઘા |
| - સ્વીટકોન મકાઇ | ૦૨ વીઘા |
| - ચારાની જુવાર | ૧૦ વીઘા |

- ઉપરોક્ત પાકો વરસાદ સારો થવાથી સારા થયા, કપાસને, લીંબુ, આંબા, ચીકુ, એરંડા વગેરેને પાણી ડ્રીપથી આપવાનો પ્રયત્ન રહ્યો.
- બાગાયતી પાકોમાં પણ પાણી પૂરતું મળવાથી નીચે મુજબનો ઇજારો જાહેર હરરાજીથી આપવામાં આવ્યો.
- શિયાળુ પાકમાં ઘઉ લોક-૧નું ન્યુક્લિયસ બિયારણ-૪૦ વીઘા વાવ્યું. જે બ્રિડર લોક-૧ થશે.
- બળદ છપ્પરની બાજુમાં જે બે મોટા ખાડા હતા તેમાં માટીનું પુરાણ કરી, જમીન ખેડવા લાયક બનાવી જે અંદાજે ૪ વિઘા જમીન છે જેમાં ચોમાસુ પાકમાં જુવાર કરેલ જે જુવાર ૫૦૦ મણ થઇ તે ગૌશાળાને આપી.
- શિયાળુ પાકમાં ત્યાં લોક-૧ ઘઉંનું વાવેતર કરેલ છે.

### -: છાત્રાલય કોઠાર વિભાગ :-

- આ વિભાગ દ્વારા દર વર્ષની જેમ વિદ્યાર્થી અને કાર્યકર પરિવારજનોને ધ્યાનમાં રાખીને વર્ષ દરમિયાનની ખરીદી કરવામાં આવી. કોઠાર વિભાગ દ્વારા ગત સાલનું કુલ વેચાણ રૂ. ૫૫,૮૮,૧૯૯/-નું થયું.
- આ વિભાગ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષ દરમિયાન પણ અઠવાડિયામાં બે વખત તાજાં શાકભાજી શાક માર્કેટમાંથી ખરીદી લાવી વેચાણ કરવામાં આવ્યું. જેથી સૌને તાજાં અને સસ્તા શાકભાજી મળ્યા.
- આ વિભાગની પદ્ધતિ મુજબ દરેક જથ્થાબંધ ખરીદી માટે એક સમિતિ બનાવવામાં આવેલી છે,વર્ષમાં કુલ ૯ મીટિંગ કરવામાં આવી અને યોગ્ય નિર્ણયો લીધા.

### -:એસ્ટેટ વિભાગઃ-

- ત્રણેક જૂના કાર્યકર નિવાસોનું સંપૂર્ણ રીનોવેશન કરવામાં આવ્યું.
- 'આવકાર' નામે નવા અતિથિસંકુલનું નવીનીકરણ કરવામાં આવ્યું.
- મુખ્ય પ્રવેશદ્વારથી સારસ્વત ભવન સુધીનો બ્લોક નાંખીને રસ્તો બનાવવામાં આવ્યો.
- એક નવા ભોજનાલયનું બાંધકામ કરવામાં આવ્યું.

### -:લોકભારતી કાર્યકર કલ્યાણ નિધિ :-

- કલ્યાણ નિધિમાં પ્રમુખ તરીકે શ્રી કાંતિભાઈ ગોઠી અને શ્રી ધીરુભાઈ રાઠોડ માનદ મંત્રી તરીકે સેવારત છે.
- વાર્ષિક સાધારણસભાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કલ્યાણનિધિના વાર્ષિક હિસાબો રજૂ કરવામાં આવ્યાં. પ્રવાસ આયોજન અંગે સૌના સૂચનોની ચર્ચાઓ કરવામાં આવી. ચા-નાસ્તો કરી સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.
- દશેરા નિમિત્તે લોકભારતી સમગ્ર કાર્યકર પરિવાર સાથે સમૂહભોજન ગોઠવવામાં આવ્યું હતું. જેમાં સૌ કાર્યકરોએ ખૂબ જ આનંદપૂર્વક સમૂહ ભોજનનો આનંદ માણ્યો.
- કાર્યકર કલ્યાણ નિધિ કારોબારી સમિતિની બેઠકમાં ઠરાવેલ મુજબ કાર્યકરોને વર્ષ ૨૦૧૯-૨૦ની સામયિક સહાય

આપવામાં આવી.

**- : કાર્યકરોની સહકારી મંડળીઃ-**

- કો.ઓપ. સો.માં પ્રમુખ તરીકે શ્રી ધીરુભાઈ રાઠોડ અને માનદ મંત્રી તરીકે શ્રી પિનાકિનભાઈ પંડ્યા સેવારત છે.
- સભાસદોની સંખ્યા ૧૦૪ છે.
- આ વર્ષે સભાસદો ને ૧૫% ડીવિડંડ ચૂકવવામાં આવ્યું
- નિવૃત્ત થયેલ સભાસદો મુક્ત થતાં તેમનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.

**- :કાર્યકર વીમા યોજનાઃ-**

- પ્રમુખ તરીકે શ્રી યોગેશભાઈ ત્રિવેદી અને મંત્રી તરીકે શ્રી વાસુદેવભાઈ મહેતા સેવાઓ આપી રહ્યા છે.
- કોઈ સભાસદનું અવસાન થાય તો રૂ.૨૧,૦૦૦થી લઈ રૂ. ૪૧,૦૦૦ સુધીની નિયમાનુસાર સહાય તેના પરિવારને આપવામાં આવે છે.

**- :સમાપનઃ-**

- હમણાં હમણાં લોકભારતીની મુલાકાત લેવા આવનાર શુભેચ્છકો તેમજ નઈતાલીમને સમજવાની કોશિશ કરનારા યુવાન મિત્રોની સંખ્યા પ્રમાણમાં ઘણી વધી છે. એ જ રીતે પૂર્વ વિદ્યાર્થીઓની પોતપોતાના લોટવાઈઝ ગ્રુપમાં માતૃ સંસ્થાની મુલાકાતે આવવાની અને સંસ્થાને તેના ધ્યેયોને અનુરૂપ આગળ વધવામાં આર્થિક અને નૈતિક ટેકો આપવાની પ્રણાલિકા વધી રહી છે, જે સારી નિશાની ગણું છું, તેની આ તકે નોંધ પણ લઉં છું.
- સંસ્થા આજે છાંસઠ વર્ષની લાંબી મજલ કાપી સડસઠમા વર્ષમાં પ્રવેશી છે. આટલી લાંબી મંઝિલ કાપવામાં લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ ટ્રસ્ટના સૌ હોદ્દેદારો મેનેજિંગ ટ્રસ્ટી શ્રી અરુણભાઈ, અન્ય ટ્રસ્ટીશ્રીઓ, વિભાગીય આચાર્યશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, કાર્યકર્તાઓ, પૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓ, શુભેચ્છકશ્રીઓ, વગેરેના સહયોગની આ તકે નોંધ લઉં છું. વિકાસના કાર્યો કરવામાં ઉદાર સહયોગ આપનાર સૌ દાતાઓના નામોલ્લેખ અહીં શક્ય નથી, સૌ દાતાઓનો વિશેષ આભાર માનું છું.

- હસમુખ દેવમુરારિ
નિયામક
લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ
(તા.૨૩-૧૨-૨૦૧૯ના રોજ વાર્ષિકોત્સવ નિમિત્તે રજૂ કરેલ અહેવાલ )

## ~~GROUNDWATER EXPLORATION, Development & Management~~

**વિશ્વાસપાત્ર અને વિશ્વમાન્ય વિજ્ઞાન–ટેકનોલોજી વાપરીને યોગ્ય સ્થળ પસંદગી કર્યા બાદ જ બોર/કૂવા બનાવાય:–**

## ભૂગર્ભ જળ સશોધન : નવા બોર/કૂવા બનાવવા માટે યોગ્ય સ્થળની પસંદગી

આધુનિક ખેતીમાં મન ફાવે ત્યાં બોર/કૂવા બનાવવા માટે તેમજ તેમાંથી પાણી બહાર કાઢવા માટે આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો ભરપૂર પ્રમાણમાં ઉપયોગ થાય જ છે, પરંતુ બોર/કૂવા બનાવતા પહેલાં જ જગ્યા નક્કી કરવા માટે આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ થતો નથી. **વારંવાર નિષ્ફળતા મળ્યાં પછી પણ મોટાભાગના ખેડૂતો આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં પણ જૂની પૂરાણી, અવૈજ્ઞાનિક અને પરંપરાગત ચીલાચાલું તેમજ સતત નિષ્ફળ જતી પદ્ધતિઓ પર અંધવિશ્વાસ રાખીને જ ખેતરમાં પાણી જોવડાવીને તે જગ્યાએ બોર/કૂવા કરાવે છે,** એટલે ખેતી માટે જરુરીયાત મૂજબનું પાણી મળતું નથી અને મળે તો લાંબો સમય ટકતું પણ નથી, તેમજ ખર્ચેલા નાણાનું પૂરતું વળતર પણ મળતું નથી. જો આધારભૂત આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને બોર/કૂવાની જગ્યા નક્કી કરાય તો સફળતાની શક્યતાઓ પણ ઘણી બધી વધી જતી હોય છે. સર્વે કર્યા પછી એવું જણાય કે પાણી નહીવત્ પ્રમાણમાં છે, તો બોર કૂવાના ખોટા ખર્ચ થતા બચે છે.

**છેલ્લા પચાસ વર્ષોથી ભૂગર્ભ જળ સંશોધન માટે ખેતરમાં ઉપયોગમાં લેવાતી સૌથી વધારે વપરાતી વિશ્વાસપાત્ર અને વિશ્વમાન્ય વૈજ્ઞાનિક પદ્ધતિ એટલે ઈલેક્ટ્રીકલ રેઝીસ્ટીવીટી પદ્ધતિ. વિવિધ હોરીઝોન્ટલ ભૂસ્તરોના અભ્યાસ માટે શ્લુમ્બરજર–જર્મન ટેકનોલોજી પદ્ધતિ અને કર્વ્ઝને સ્ટાન્ડર્ડ ગણવામાં આવે છે. ખેતરમાં અર્થ રેઝીસ્ટીવીટી મીટરનો ઉપયોગ કરીને વધુમાં વધુ ભૂગર્ભજળનું પ્રમાણ હોય એવી જગ્યા નક્કી કર્યા બાદ, જે તે જગ્યાની વિવિધ ઉંડાઈએ બદલતી જતી ભૂસ્તર રચના અને એની ઉંડાઈ/જાડાઈ સાથે પાણીની સંભાવના હોવાની ઉંડાઈ વગેરે માહિતિ મેળવવા માટે વિસ્તૃત ડેટા લેવામાં આવે છે. ખેતર ખાલી અને સૂકું હોય તો આ પદ્ધતિએ ભૂગર્ભ જળ સંશોધન સર્વે કરવામાં વિશેષ અનુકુળતા રહે છે. જો કે, વધારે મહેનત અને સમય માંગી લે તેવું આ સર્વે કામ છે. સામાન્ય રીતે પાંચ એકર સુધીના ખેતરમાં સર્વે માટે પાંચથી દસ કલાકનો સમય લાગે છે. સર્વેમાં મદદ કરવા માટે દસ જેટલા વ્યક્તિઓની સતત મદદ પણ જરુરી હોય છે. ખેતર ઉપરનું સર્વે કામ પૂરુ કર્યા બાદ ખાસ કમ્પ્યુટરાઈઝ્ડ પ્રોગ્રામની મદદથી ખેતર ઉપર લીધેલાં ડેટાની અલગ અલગ ગણત્રીઓ અને કર્વ્ઝ બનાવવામાં આવે છે. સર્વે કરેલા વિસ્તારની ભૂસ્તરીય રચના, ભૂગર્ભજળનું પ્રમાણ અને ઉંડાઈના સંદર્ભ માટે સર્વે દરમિયાન જે તે વિસ્તાર સંબંધિત મળેલી પ્રત્યક્ષ માહિતિ, સ્થાનિક ખેડૂતોના તેમજ નિષ્ણાંતોના જ્ઞાન અને ક્ષેત્રીય અનુભવો, જે તે વિસ્તાર સંબંધિત ક્ષેત્રીય અહેવાલો, સેટેલાઈટ રિમોટ સેન્સીંગ ભૂગર્ભ જળ સંશોધન સર્વે નિષ્કર્ષ મેપ્સ, વગેરેનો આધાર લઈને એકાદ અઠવાડિયામાં ભૂગર્ભ જળ સંશોધનનો અંતિમ અંદાજનો અહેવાલ તૈયાર કરાય છે. આ અહેવાલમાં કઈ કઈ જગ્યાએ, કઈ કઈ ઉંડાઈએ, ક્યા ક્યા પ્રકારની ભૂસ્તરીય રચનામાં કેટલું પાણી મળી શકશે, બોર કરવો કે કૂવો કરવો, કેટલો ઉંડો કરવો કે કંઈપણ કરવું જ નહી વગેરે બાબતોની વિગતવાર અંદાજ– માહિતીનો સમાવેશ કરવામાં આવે છે. આમ, બોર/કૂવા બનાવવાનો ભારે મોટો ખર્ચ કરતાં પહેલાં જ આ વિશ્વાસપાત્ર અને વિશ્વમાન્ય વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ ખરેખર ફાયદાકારક રહી શકે છે.**

**રેઝીસ્ટીવીટી પદ્ધતિ સિવાયની ઝડપથી ભૂગર્ભ જળ સંશોધન કરીને સો ટકા પરીણામ આપી શકે એવાં કોઈપણ ખાસ ભરોસાપાત્ર દેશી કે વિદેશી સાધન કે વૈજ્ઞાનિક પદ્ધતિ કે પરંપરાગત પદ્ધતિ હાલમાં કયાંય પણ ઉપલબ્ધ નથી.**

**ભૂગર્ભ જળ સંશોધન, વિકાસ અને વ્યવસ્થાપન સેવા અને સલાહ માટેનું છેલ્લાં ૩૦ વર્ષથી એક માત્ર વિશ્વાસપાત્ર નામ : 'ભૂજલશ્રી'. નિષ્ણાંતોની સલાહ અને સેવાઓ માટે સંપર્ક:–>>**

**રતીલાલ સુદાણી** [BRS-Ag & AH; PGDEE]
Director, *Bhoojalshree Geotech Consultant-Gujarat*
(EMPANELED IN MGNREGA & KISAN CALL CENTER FOR DUG WELL / BORE WELL SITING IN GUJARAT STATE)
કૃષિ યુનિવર્સિટી કેમ્પાસ પાસે, વિદ્યા ડેરી રોડ,
**આણંદ**–388001 ☎ : 02692 263611
: **9427382368, 9978115968**
*E-mail:* groundwater.sudani@gmail.com

**Dr. Suresh Pawar** [PhD-Hy.Geology]
Director, *Bhoojalshree Hydrogeotech*
MEMBER: IAHS, IHRS, IAH
(EMPANELED IN GERMAN GOVT. SUPPORTED PROJECTS FOR DRINKING WATER IN MAHARASHTRA STATE)
RAJGURUNAGAR, **Pune, Maharashtra, India.**
: **9822645787**
*E-mail:* bhoojalshree@yahoo.com

*સમગ્ર ગુજરાત, મહારાષ્ટ્ર અને અન્ય નજીકના રાજ્યોમાં વિવિધ સરકારી ડિપાર્ટમેન્ટ્સ, સહકારી અને સેવાભાવી સંસ્થાઓ, નગરપાલીકા, ગ્રામપંચાયત, કોર્પોરેટ હાઉસીસ તેમજ પ્રગતિશીલ ખેડૂતોના ફાર્મ્સ પર ત્રીસ વર્ષથી પરીણામલક્ષી ભૂગર્ભ જળ સંશોધન સેવામાં સમર્પિત...*

**ભૂજળ કેરૂ કરીએ જતન** : ~~~ખરી વૈજ્ઞાનિક પદ્ધત્તિથી સંશોધન કરીશું તો સાંપડશે, કરકસરથી વાપરીશું તો લાંબો સમય ટકશે અને વરસાદનું બધું જ પાણી ભૂસ્તરમાં ઉતારીશું તો કયારેય તોટો પણ નહી આવે~એ છે~~ભૂગર્ભ જળ~~~

## (૦૨) સંસ્થા સમાચાર - ડિસેમ્બર : ૨૦૧૯

- સંકલન : પ્રશાંત મહેતા

### લોકભારતી સમાચાર

- તા.૨૮-૧૧થી ૦૫-૧૨ સુધી લોકભારતી અધ્યાપન મંદિરમાં બાલવાડી શિબિરની પૂર્વ તૈયારી કાર્યક્રમ યોજાયો. 'વિશ્વશાંતિની ગુરુકિલ્લી'નો આસ્વાદ નાટ્યપ્રયોગ કરીને કર્યો. આ દિવસો દરમિયાન તાલીમાર્થીઓએ ગિજુભાઈની બાળવાર્તાનું નાટ્ય રૂપાંતર કર્યું. 'મારી જાદુઈ શાળા' પુસ્તકનો પણ અભ્યાસ કર્યો. બીજા વર્ષના તાલીમાર્થીઓએ કાર્યશાળા ગુણવત્તાસભર ચાલે તે માટેની પૂર્વ તૈયારીઓ કરી. પ્રથમ વર્ષના તાલીમાર્થીઓએ સફાઈ કરવી, ક્રાફ્ટ બનાવવા, સુશોભન કરવું વગેરે જેવી પૂર્વ તૈયારીઓ કરી.
- તા.૦૨ના રોજ શ્રી વિક્રમભાઈ ભટ્ટ મુંબઈ નિવાસી શ્રી દીપકભાઈ ભટ્ટને લઈને લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી વિક્રમભાઈ દેસાઈ તા.૦૩થી ૧૫ દિવસ માટે 'ટકાઉ દૂધ ઉત્પાદનની પદ્ધતિ'ની તાલીમમાં ભાગ લેવા માટે મેરઠ(ઉત્તરપ્રદેશ) જઈ આવ્યા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી પ્રદીપભાઈ ક્યાડા તથા શ્રી પ્રશાંતભાઈ મહેતા તા.૦૩થી ૨ દિવસીય 'એપ્લિકેશન ઓફ જી.આઈ.એસ. ઈન એગ્રીકલ્ચર'ની તાલીમ લેવા માટે ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે જઈ આવ્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૪ના રોજ ગ્રામ પંચાયત મંત્રી ઓપવર્ગ ૨૨૬માં ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, અમરેલી, રાજકોટ અને મોરબી એમ કુલ ૬ જિલ્લાનાં ૩૩ મહિલા તાલીમાર્થીઓ ૧૪ દિવસ માટે હાજર થયાં.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૫ના રોજ વર્ગ ઉદ્‌ઘાટન રહ્યું, જેમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિએ ગ્રામ વિકાસ સંદર્ભે લોકભારતી સંસ્થાની કામગીરી અને તેમાં પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના મહત્ત્વ વિશે રસપ્રદ વક્તવ્ય આપી ઓપવર્ગ ખુલ્લો મૂક્યો.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી જગદીશભાઈ કંટારિયા તા.૫થી ૩ દિવસ માટે 'ક્વોલિટી સીડ ગ્રોવર'ની તાલીમમાં ભાગ લેવા માટે ઝાલના(મહારાષ્ટ્ર) જઈ આવ્યા.
- લોકભારતી અધ્યાપન મંદિર દ્વારા તા.૦૬થી ૧૧ સુધી ૪૮મો બાલવાડી શિબિર યોજાયો. ઉદ્‌ઘાટન કાર્યક્રમ રાજ્ય ચૂંટણી કમિશ્નરશ્રી સંજયપ્રસાદજી, શ્રી નલિનભાઈ પંડિત અને શ્રી અરુણભાઈ દવેની ઉપસ્થિતિમાં યોજાયો. બાલવાડી શિબિર દરમિયાન શ્રી વાસુદેવભાઈ સોઢા, શ્રી જનકદાદા, શ્રી દિક્પાલસિંહજી જાડેજા, શ્રી રાજીવભાઈ ભટ્ટ, શ્રી રમેશભાઈ પરમાર, શ્રી વી.ડી.બાલા, શ્રી શક્તિદાનજી ગઢવી, શ્રી કૃષ્ણ દવે, શ્રી અવનિબેન રાવળ વગેરેએ ઉપસ્થિત રહી બાલવાર્તા, બાળગીત, યોગ, દેશી રમતો, બાલ અધિકાર, તોતોચાનનો આસ્વાદ જેવા વિષયો પર રસપ્રદ વાતો કરી. દક્ષિણામૂર્તિ બાળ અધ્યાપન મંદિર તેમજ ઘરશાળા અધ્યાપન મંદિર સહિત ૨૦ જેટલી શાળાઓનાં ૧૭૦૦થી વધુ બાળકો અને ૮૫ શિક્ષકોએ બાલવાડી શિબિરનો લાભ લીધો.
- 'સુદૃઢ પાયાની લોકશાહી અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ અંગે મતદાર જાગૃતિ' અંગે એક કાર્યક્રમ તા.૦૬ના રોજ સારસ્વતભવનમાં રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા યોજાઈ ગયો. રાજ્યના ચૂંટણી કમિશ્નરશ્રી સંજયપ્રસાદજી, સચિવશ્રી મહેશભાઈ જોશી અને

ડૉ. પિનાકિનભાઈ વ્યાસે ચૂંટણીના મહત્ત્વ વિશે વિદ્યાર્થીઓને વિગતે સમજાવ્યું. આ નિમિત્તે સિહોરના પ્રાંત અધિકારીશ્રી, મામલતદારશ્રી અને અન્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા.

- તા.૭મીના રોજ લોકસેવા મહાવિદ્યાલયના સ્નાતક અને અનુસ્નાતકના બીજા વર્ષના મુખ્ય વિષય એચ.આર.ડી.ના વિદ્યાર્થીઓ "સી.એસ.આર.-કોક્લેવ-૨૦૧૯"માં ભાગ લેવા માટે અમદાવાદ જઈ આવ્યા. આ કાર્યક્રમ એ.પી.એમ. ટર્મિનલ્સ, પીપાવાવ દ્વારા અમદાવાદ ખાતે યોજાયો હતો. વિદ્યાર્થીઓ સાથે શ્રી રણજિતભાઈ બારડ જોડાયા.
- તા.૦૮ના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટની વિદ્યા મંડળની એક બેઠક મળી ગઈ.
- તા.૧૦ના રોજ તેલંગણા-હૈદરાબાદના ડૉ. રમણ રેડ્ડી અને ડૉ. શ્યામસુંદર રેડ્ડી લોકભારતીની અને ખાસ કરીને ગૌશાળાની મુલાકાતે આવી ગયા.
- આગામી વાર્ષિકોત્સવ નિમિત્તે આયોજન સંદર્ભે કાર્યકરોની એક બેઠક તા.૧૨મીના રોજ ગોઠવાઈ ગઈ. તેમાં સઘળી જવબદારીઓની વહેંચણી કરવામાં આવી.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી નિગમભાઈ શુકલ તા.૧૨ના રોજ 'આર્યા' પ્રોજેક્ટના ઝોનલ રિવ્યૂ વર્કશોપમાં ભાગ લેવા માટે કોલ્હાપુર(મહારાષ્ટ્ર) જઈ આવ્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના તાલીમાર્થીઓ તા.૧૨ના રોજ શ્રી જીવણભાઈ જોગરાણા સાથે શૈક્ષણિક પ્રવાસે જઈ આવ્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૩ના રોજ શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ તાલીમાર્થીઓ સમક્ષ પંચાયતીરાજ તાલીમ કેન્દ્રનું મહત્વ તેમજ ગ્રામ વિકાસમાં તલાટી કમ મંત્રીની ભૂમિકા વિશે, તા. ૧૪ના રોજ શ્રી મુકેશભાઈ પંડિતે પોતાના સરપંચ રહેવા દરમિયાનના ગ્રામવિકાસ સંદર્ભના અનુભવો વિશે અને શ્રી હસમુખભાઈ દેવમુરારિએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું.
- તા.૧૩મીના રોજ પર્યાવરણ શિક્ષણ કેન્દ્રના આયોજન તળે જિન્ડાલ ગ્લોબલ યુનિવર્સિટીના સસ્ટેનેબલ ડીપાર્ટમેંટના ચિફ ડૉ. અમિત લાહીરી અને બર્લિન(જર્મની)ની ટેક્નિકલ યુનિવર્સિટીના પ્રાધ્યાપિકા શ્રીમતી ગિસેવા ગ્રિસ્તવ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયાં.
- લોકસેવા મહાવિદ્યાલયના આચાર્ય શ્રી હસમુખભાઈ સુથારનાં પત્નીનું તારીખ ૧૯મીના રોજ અવસાન થતાં તેની અંતિમક્રિયામાં કેટલાક કાર્યકરો અને પછીથી શ્રદ્ધાંજલિ વખતે કેટલાંક કાર્યકરો તેમના વતન જઈ આવ્યાં. તા.૨૪મીના રોજ સણોસરા મુકામે પણ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ રાખવામાં આવ્યો. તા.૧૯ના સાયં પ્રાર્થનામાં દિવંગત આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન રાખીને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી.
- તા.૧૬થી ૩૧ સુધી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા 'સ્વચ્છતા પખવાડા' કાર્યક્રમ વિવિધ સ્થળોએ ઊજવવામાં આવ્યો.
- તા.૧૬ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા 'ભારતીય સંવિધાન દિવસ' ઊજવવામાં આવ્યો.
- તા.૧૭ના રોજ આપણા માઈધાર કેન્દ્રના પરિસરમાં તૈયાર થયેલાં મકાનો ત્રિવેણી ભવન, બહેનોનું છાત્રાલય અને આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રના લોકાર્પણનો કાર્યક્રમ બહુ ઉત્સાહભેર યોજાઈ ગયો. આ પ્રસંગે પૂજ્ય મોરારિબાપુ પધાર્યા અને દાતાઓ, સ્થાનિક આગેવાનો અને શિક્ષણક્ષેત્ર સાથે જોડાયેલા તજજ્ઞો પણ સારી એવી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. પૂ. બાપુએ બહુ ઉમળકાથી સ્નેહસભર આશીર્વચન પાઠવ્યાં. સમસ્ત માઈધાર ગામે બહુ ઉત્સાહથી પોતાના ખર્ચે સૌને જમાડ્યા.
- તા.૧૭ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ સૂકી ખેતી સંશોધન કેન્દ્ર, તરઘડિયા તેમજ ગ્રામ ઔદ્યોગીકરણ વિષયના ભાગરૂપે આત્મીય કોલેજ- રાજકોટ, બાલાજી વેફર્સ, ડેરી વગેરે સ્થળોની મુલાકાતે જઈ આવ્યા.

શ્રી યોગેશભાઈ ત્રિવેદી અને શ્રી મનોજભાઈ અગ્રાવત સાથે જોડાયા.

- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૭ના રોજ શ્રી હસમુખભાઈ પટેલ આવી ગયા. તેમણે તાલીમાર્થીઓને પોતાના વ્યવસાયમાં કઈ રીતે આગળ વધી શકાય તેની રસપ્રદ વાત કરી.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી પરેશભાઈ રાઠોડ 'સુભાષ પાલેકર નેચરલ ફાર્મિંગ'ની તાલીમમાં ભાગ લેવા માટે પાલીતાણા જઈ આવ્યા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી નિગમભાઈ શુક્લ તેમજ શ્રી પ્રદીપભાઈ ક્યાડા તા.૧૯ના રોજ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી જઈ આવ્યા.
- તા.૧૯ના રોજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ભાવનગર દ્વારા આયોજિત એન.એમ.એસ.એ.ની મિટિંગમાં ભાગ લેવા માટે શ્રી વિનીતભાઈ સવાણી ભાવનગર જઈ આવ્યા.
- ઉત્તર બુનિયાદી વિદ્યાલય-બેલા સંસ્થાના પ્રમુખ શ્રી અરવિંદભાઈ ડાંખરા તેમની સુરત મુકામેની શાળાના સંચાલકો અને શિક્ષકોને લઈને તા.૨૧મીના રોજ સવારે લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા.
- તા.૨૧મીના રોજ સાયં પ્રાર્થનાના અનુસંધાને શ્રી કાંતિભાઈ ગોઠીએ આગામી વાર્ષિકોત્સવના વક્તાનો વિગતે પરિચય કરાવ્યો અને વાર્ષિકોત્સવ પ્રસંગ અંગેની વિગતો વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી.
- તા.૨૨ના રોજ પીપળિયા મુકામે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા 'કિસાન દિવસ' ઊજવવામાં આવ્યો.
- લોકભારતીનો વાર્ષિકોત્સવ અને સ્વ. પૂ. નાનાભાઈ ભટ્ટ સ્મૃતિ વ્યાખ્યાનમાળાનો અઠ્ઠાવનમો મણકો તા.૨૩મીના રોજ યોજાયો. શાંતિપાઠ અને સંગીતથી શરૂ થયેલ આ કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવેએ કાર્યક્રમની ભૂમિકા અને મુખ્ય વક્તાશ્રીનો આવકાર અને પરિચય રજૂ કર્યો. શ્રી કાંતિભાઈ ગોઠીએ આવેલ શુભેચ્છા સંદેશાઓનું વાચન કર્યું. શ્રી હસમુખભાઈ દેવમુરારિએ સંસ્થાનો અહેવાલ પાવર પોઈંટ પ્રેઝન્ટેશન સાથે રજૂ કર્યો. શ્રી દીપકભાઈ સોલિયાએ 'હિંદ સ્વરાજ અને કેળવણી' વિષય અંતર્ગત પહેલું વ્યાખ્યાન રજૂ કર્યું અને બપોર પછીની બીજી બેઠકમાં બીજું વ્યાખ્યાન રજૂ કર્યું. પૂરા કાર્યક્રમનું યુટ્યુબ પર જીવંત પ્રસારણ કરવામાં આવ્યું. સવારની અને બપોર પછીની બેઠકોનું સંચાલન અનુક્રમે શ્રી કવિતાબહેન વ્યાસે અને શ્રી જયવંતસિંહજી ગોહિલે કર્યું.
- તા.૨૫ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે 'વર્લ્ડ સોઈલ હેલ્થ' દિવસ ઊજવાઈ ગયો.
- યુનાઈટેડ ફોસ્ફરસ લિમિટેડના શ્રી ડોડિયા અને શ્રી ડાવરા લોકભારતીની શુભેચ્છા મુલાકાતે તા.૨૬ના રોજ આવી ગયા.
- તા.૨૬થી ૨૮ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓની વિષય શિક્ષણના ભાગરૂપે જીવનવિદ્યા શિબિર યોજાઈ ગઈ. આ શિબિરના પ્રબોધક તરીકે શ્રી જીગરભાઈ રત્નોત્તર દ્વારા સરળ અને રસપ્રદ શૈલીમાં પ્રવચનો આપવામાં આવ્યાં. આ કાર્યક્રમનું સંકલન શ્રી યોગેશભાઈ ત્રિવેદીએ કર્યું.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૭ના રોજ ગ્રામ પંચાયત મંત્રી ઓપ વર્ગ ૨૨૭માં ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, અમરેલી, રાજકોટ અને મોરબી એમ કુલ ૬ જિલ્લાના ૩૪ મહિલા તાલીમાર્થીઓ ૧૪ દિવસ માટે હાજર થયાં.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૮ના રોજ ઓપવર્ગના ઉદ્‌ઘાટનમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળી તાલીમાર્થીઓ સમક્ષ પંચાયતી રાજ ચલાવવા પાછળના હેતુઓ તેમજ છેવાડાના માણસ સુધી પહોંચવાની વાત કરી, ગ્રામ વિકાસ સંદર્ભે તલાટીઓની ભૂમિકા સમજાવી વર્ગ ખુલ્લો મૂક્યો.
- તા.૩૧ના રોજ સ્વ.પૂ. નાનાભાઈ ભટ્ટ પુણ્યતિથિ નિમિત્તે સાયં પ્રાર્થનાના અનુસંધાને શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ અને શ્રી વિક્રમભાઈ ભટ્ટે સંયુક્ત

રીતે પ્રાસંગિક વાત રજૂ કરી.

- તા.૩૧મીના રોજ ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને પાલીતાણા એજયુકેશન સોસાયટી ઉપક્રમે યોજાયેલ "છંદ કાર્યશાળા"માં ભાગ લેવા માટે લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના મુખ્ય વિષય ગુજરાતીના વિદ્યાર્થીઓ બે દિવસ માટે જઈ આવ્યા. તેઓ સાથે શ્રી પુંજાભાઈ મકવાણા જોડાયા.
- શ્રી અરુણભાઈ દવે તા. ૩જીએ રાજયકક્ષાના વિજ્ઞાનમેળામાં સિદ્ધવડ ખાતે વ્યાખ્યાન આપવા જઈ આવ્યા. તા.૬એ લોકભારતી ખાતે બાલવાડી શિબિરના શુભારંભમાં પ્રાસંગિક વકતવ્ય આપી, તા. ૭મીએ ભાવનગર ખાતે યશવંતરાયગૃહમાં વિદ્યાભારતીની ચિંતન શિબિરમાં ચાવીરૂપ વ્યાખ્યાન આપવા ગયા. તા.૮મીએ લોકભારતી વિદ્યામંડળની બેઠકમાં માર્ગદર્શન કર્યું અને તા.૯મીએ ભાવનગર બ્લડ બેંકના ૩૬મા સ્થાપના દિને અધ્યક્ષીય સંબોધન કરી આવ્યા. મણાર અને ડોળિયા ખાતે યોજાએલ સૌરાષ્ટ્રની લોકશાળાઓની ૫૬મી રેલીના સામાજિક વિજ્ઞાન વિષય સંદર્ભે તા.૧૬થી ૨૦ દરમિયાન હાજરી આપી સંકલન-વકતવ્યો આપ્યાં. તા.૧૭મીએ માઈધાર ખાતે યોજાએલ ત્રિવિધ લોકાર્પણમાં પૂ. મોરારિબાપુની નિશ્રામાં યોજાએલ કાર્યક્રમો સુપેરે સંપન્ન કર્યા. તા. ૨૮મીએ દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનના એકસો દસમા સ્થાપના દિને પ્રેરક હાજરી આપી. આખો ડિસેમ્બર માસ અનેકવિધ કાર્યક્રમોથી અતિ વ્યસ્ત રહ્યો.

**આંબલા સમાચાર**

- તા.૦૧થી ૦૫ સુધી યોગ શિબિર રાખવામાં આવેલ. ભાવનગર જિલ્લા પંતજલિ યોગના કો-ઓર્ડિનેટર શ્રી જિજ્ઞેશભાઈ પટેલે માર્ગદર્શન આપ્યું.
- તા.૦૩થી ૦૭ સુધી લોકભારતીના એમ.આર.એસ.ના વિદ્યાર્થીઓની વ્યક્તિત્વ વિકાસ શિબિર અત્રે યોજાઈ ગઈ. જેમાં સંયોજક તરીકે શ્રી પૂજાબહેન પુરોહિત અને શ્રી દિપ્તીબહેન વાઘેલા બે અધ્યાપક બહેનો સાથે જોડાયાં.
- મણાર મુકામે ૫૬મી રેલીમાં ભાગ લેવા માટે ધો.૯ના વિદ્યાર્થીઓ જઈ આવ્યા. સાથે માર્ગદર્શક તરીકે શ્રી સુરેશભાઈ પટેલ તથા શ્રી કૈલાશબહેન રહ્યા. ઉદ્‌ઘાટનમાં શ્રી વાઘજીભાઈ કરમટિયા તથા શ્રી રાજુભાઈ વાળા ઉપસ્થિત રહ્યા.
- માઈધાર મુકામે કન્યા છાત્રાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી વાઘજીભાઈ તથા શ્રી રાજુભાઈ જઈ આવ્યા.
- લોકભારતી સણોસરા વાર્ષિકોત્સવ નિમિતે સૌ કાર્યકરો હાજર રહ્યા. આ નિમિત્તે આંબલા ગૃહવિજ્ઞાનની બહેનો દ્વારા બનાવવામાં આવેલ વસ્તુઓનું વેચાણ પણ કરવામાં આવ્યું.
- તા.૨૩ના રોજ ધો.૯ના વિદ્યાર્થીઓનો પ્રકૃતિ શિક્ષણ શિબિર હિંગોળગઢ મુકામે શ્રી શાંતિભાઈ તથા શ્રી તૃપ્તિબહેનના માર્ગદર્શન હેઠળ યોજાઈ ગયો.
- ટ્રસ્ટીશ્રી કપિલભાઈ શાહ આંબલા સંસ્થામાં ૪ દિવસ માટે રહેવા આવી ગયા. તેઓએ આ દરમિયાન ગૌશાળા, છેટીવાડી તથા અન્ય વિભાગની મુલાકાત લીધી તેમજ કાર્યકરો સાથે મુક્તમને સંવાદ કર્યો.
- ટ્રસ્ટીશ્રી પ્રશાંતભાઈ ભટ્ટ તથા શ્રી અરુણભાઈ દવે પણ મુલાકાતે આવી ગયા.
- તા.૩૧ના રોજ પૂ. નાનાભાઈ ભટ્ટ પુણ્યતિથિ નિમિત્તે શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ તથા શ્રી વિક્રમભાઈ ભટ્ટ દ્વારા સંમેલનમાં પ્રસંગોચિત વક્તવ્ય આપવામાં આવ્યું.
- સોનગઢ પી.એચ.સી.માંથી ડૉક્ટરોની ટીમ વિદ્યાર્થીઓની આરોગ્ય ચકાસણી માટે આવી ગઈ.

**મણાર સમાચાર**

- તા.૧ના રોજ શ્રી નીતિનભાઈ પંચોળી સંસ્થા મુલાકાતે આવી ગયા. તેમણે વિદ્યાર્થીઓ સમક્ષ છાત્રાલય અને સમૂહજીવન તથા ગાંધી-૧૫૦ વિષે વાતો કરી.

- સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ દ્વારા યોજાનાર ૫૬મી રેલીના આયોજન માટેની છેલ્લી મિટિંગ ગ્રામદક્ષિણામૂર્તિ મણાર ખાતે યોજાઈ ગઈ. જેમાં ૧૪ લોકશાળાના શિક્ષક-પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા. આ મિટિંગમાં શ્રી અશોકભાઈ ડાભી, શ્રી ખોડાભાઈ ખસિયા તથા શ્રી અરુણભાઈ દવેએ રેલી વિષેનું માર્ગદર્શન આપ્યું.
- તા.૧૬થી ધો.-૯ની સૌરાષ્ટ્ર લોકશાળા સંઘની ૫૬મી રેલીનો(શિક્ષણ સંગોષ્ઠિ) અહીંના કેંપસ ઉપર પ્રારંભ થયો. આ રેલીનું ઉદ્‌ઘાટન શ્રી અરુણભાઈ દવેના હસ્તે કરવામાં આવ્યું. આ સમારંભમાં આજુ-બાજુના ગ્રામ આગેવાનો બહોળા પ્રમાણમાં ઉપસ્થિત રહ્યા. શ્રી અરુણભાઈ દવેએ ખૂબ જ સારી રીતે રેલીની ઉપયોગિતાની પૂર્વભૂમિકા બાંધી આપી. આ છ દિવસ દરમિયાન શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની, શ્રી સંજયભાઈ તલસાણિયા, શ્રી સંજયભાઈ કાત્રોડિયા, શ્રી નલિનભાઈ પંડિત, શ્રી અશોકભાઈ ડાભી, શ્રી વિશાલભાઈ ભાદાણી, શ્રી ખોડાભાઈ ખસિયા વગેરેએ સામાજિક વિજ્ઞાન વિષય પર ધો.૯ના છાત્ર-છાત્રાઓને ધ્યાનમાં રાખી વક્તવ્યો આપ્યાં. આ રેલીમાં સૌરાષ્ટ્રની ૧૪ લોકશાળાનાં ૭૪૪ ભાઈઓ તથા ૫૧૮ બહેનો મળી કુલ ૧૩૨૨ છાત્ર-છાત્રાઓ અને ૫૧ જેટલા કાર્યકર ભાઈ-બહેનો સક્રિય રીતે જોડાયાં.
- તા.૨૦ના રોજ રેલીના સમાપન સમારંભ યોજવામાં આવ્યો. જેમાં ગુજરાત રાજયના મુખ્ય ચૂંટણી કમિશ્નરશ્રી સંજયપ્રસાદજીનું અધ્યક્ષસ્થાન રહ્યું. આ પ્રસંગે સચિવશ્રી મહેશભાઈ જોશી, શિક્ષણવિદ્ શ્રી પિનાકિનભાઈ વ્યાસ, ઈતિહાસવિદ્ શ્રી રીઝવાનભાઈ કાદરીએ ઉપસ્થિત રહી માર્ગદર્શન કર્યું. ઉપરાંત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વ્યાસસાહેબ, ઈ.આઈ. શ્રી વિક્રમસિંહજી પરમાર, પીડીલાઈટ કંપનીમાંથી શ્રી શુક્લાસાહેબ, બંસી ગીર ગોશાળાના શ્રી ગોપાલભાઈ સુતરિયા તળાજા અને મહુવા તાલુકાના મામલતદારશ્રીઓ, બંને તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ અને તેમના પ્રતિનિધિઓ અને શ્રી અરુણભાઈ દવે ઉપસ્થિત રહ્યા. રેલીનું સમગ્ર સંચાલન લોકશાળા સંઘના મંત્રીશ્રી જસવંતભાઈ કાકડિયા તથા શ્રી સંજયભાઈ કાત્રોડિયાએ શ્રી સુરસંગભાઈ ચૌહાણની સાથે રહીને કર્યું.
- તા.૧૬થી ૧૮ સુધી જુનાગઢ ભારતી આશ્રમ ખાતે એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસરનો નિવાસી વર્કશોપ યોજાઈ ગયો. જેમાં અહીંના શિક્ષક શ્રી કંચનબેન જઈ આવ્યા.
- અહીંના કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્રમાં તા.૨૦ના રોજ એક દિવસીય ખેડૂત શિબિર યોજાઈ ગયો. જેમાં સિહોર-નવાગામ-કલસ્ટરના ૭૦ જેટલા પ્રગતિશીલ ખેડૂતો જોડાયા. આ શિબિરમાં શ્રી સંજયપ્રસાદજી, બંસી ગીર ગોશાળાના શ્રી ગોપાલભાઈ સુતરિયા તથા શ્રી વિરેન્દ્રસિંગ અને તેમની ટીમે પશુપાલન સંદર્ભે માર્ગદર્શન આપ્યું.

**શ્રદ્ધાંજલિ**

- લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના આચાર્યશ્રી હસમુખભાઈ સુથારનાં ધર્મપત્ની શ્રી પ્રવીણાબહેનનું લાંબી માંદગીના અંતે તા.૧૬ ડિસેમ્બરના રોજ તેમના વતન ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતી કેન્દ્રીય ગ્રંથાલયના કાર્યકર શ્રી ભરતભાઈ દવેનાં માતુશ્રી અનસૂયાબહેન દવેનું તા.૨૧ ડિસેમ્બરના રોજ અવસાન થયેલ છે.
- લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના કાર્યકર શ્રી ભાનુપ્રસાદજી ટુંડિયાના પિતાશ્રી ચતુરદાસજી ટુંડિયાનું તા.૦૨ જાન્યુઆરીના રોજ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતોને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.